RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 4 • ISSUE : 8 • NOVEMBER, 2016 • PAGES 44 • PRICE 20/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ-૪ (કુલ વર્ષ ૬૪) અંક-૮ • નવેમ્બર, ૨૦૧૬ • પાના ૪૪ • કિંમત રૂા. ૨૦/-



## જિન-વચન

**સૌ જીવતાને જ અનુસરે છે, મૃત્યુ થયા પછી કોઈ પાછળ આવતું નથી**

दाराणि च सुया चेव मित्ता य तह बंधवा ।
जीवन्तमणुजीवन्ति मयं नाणुवयंति य ।।
(उ. १८-१४)

પત્નીઓ, પુત્રો, મિત્રો અને બંધુઓ જીવતાંને જ અનુસરે છે. મૃત્યુ થયા પછી કોઈ પાછળ આવતું નથી.

Wives, sons, friends and relatives follow a man till he is alive. None of them follow him after death.

ડૉ. રમણલાલ ચી. શાહ ગ્રંથિત 'જિન વચન' માંથી

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા
૧૯૨૯ થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન
૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરુણ જૈન
૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન
૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન'
૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૬ માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૪મા વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૪.
- કુલ ૬૪મું વર્ષ.
- ૨૦૦૮ ઑગસ્ટથી 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ વ્યાખ્યાનમાળા સંસ્થાની વેબસાઈટ ઉપરથી જોઈ-સાંભળી શકશો.
- 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.

પ્રબુદ્ધ વાચકોને પ્રણામ

## પૂર્વ તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |

## સુખી માણસની શોધમાં

સીતાપુર નામના ગામની બહાર એક હનુમાનજીનું મંદિર હતું. ત્યાં એક બાવો રહે. હનુમાનજીનો ભક્ત, સુખી-સંતોષી અને મસ્તરામ. એક દિવસ મંદિરે આવેલા એક શ્રીમંતની સુખ-સાહ્યબી જોઈને એને ઈર્ષા આવી. એણે દુઃખી થતાં એમને કહ્યું, 'તમે ખરેખર નસીબદાર છો. આટલું સુખ મેં ક્યાંય જોયું નથી.'
શ્રીમંતે જવાબ આપ્યો, 'મારે સંતાનો નથી. મારા કરતાં તો ગામના માધવલાલ શેઠ સુખી છે. એમને બે દીકરાઓ છે.'
બાવો માધવલાલનું સુખ જોવા એમની પાસે પહોંચ્યો તો એમણે દુઃખી થઈને જવાબ આપ્યો, 'ભાઈ હું તો દુઃખી છું. મારા બંને દીકરા આળસુ અને વ્યસની છે. સુખી તો ગામના વિઠ્ઠલભાઈ શેઠ છે. એમના દીકરા વિદ્વાન, સદાચારી અને મહેનતુ છે.'
બાવો સુખી માણસની શોધમાં વિઠ્ઠલભાઈ પાસે પહોંચ્યો. એમણે કહ્યું, 'ભાઈ મારા દીકરા વિદ્વાન ખરા પણ લક્ષ્મીની કૃપા નથી. એના વગર બધું નકામું. તમે બાજુના ગામના આગેવાન ચીમનભાઈને જુઓ. એમને તો પૈસાની રેલમછેલ છે. સુખી તો એ છે.'
બાવો ચીમનભાઈ પાસે પહોંચ્યો તો એ રોદણાં રોવા લાગ્યા, 'ભાઈ પૈસા છે પણ સંતોષ નથી. દીકરાઓ સાચવતા નથી અને લોકો પણ પીઠ પાછળ ખોદણી કરે છે. હું તો જીવનથી કંટાળી ગયો છું.'
'તો પછી તમારી દૃષ્ટિએ કોણ સુખી?' બાવાએ ચીમનભાઈને પૂછ્યું. એમણે જવાબ આપ્યો, 'સીતાપુર ગામના પાદરે હનુમાનજીનું મંદિર છે. ત્યાં એક બાવો રહે છે. સાંભળ્યું છે કે એ એકદમ મસ્તરામ છે. સંતોષી અને સુખી છે. તમે એને મળો.'
આમ બાવાની સુખી માણસની શોધ સ્વયમ્ પર જ પૂરી થઈ. ટૂંકમાં સુખ જો ક્યાંય છે તો સ્વયમ્‌માંજ છે બીજે ક્યાંય નથી.

***


સાભાર-સ્વીકાર: 'સુખ મુકામ પોસ્ટ સંતોષ', રાજ ભાસ્કર, પાનું ૨૯.

## આચમન

## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | કરીએ પ્રયાણ (તંત્રીસ્થાનેથી) | ડૉ. સેજલ શાહ | ૩ |
| ૦૨. | અંતરની અમીરાત: મહાવીર માર્ગ : 'ઈણ અવસર મત ચૂક' | ડૉ. ધનવંત શાહ | ૬ |
| ૦૩. | ઉપનિષદમાં પંચાગ્નિ વિદ્યા | ડૉ. નરેશ વેદ | ૭ |
| ૦૪. | ધર્મગ્રંથો અને ધાર્મિક માન્યતાઓનું પુનઃસંકલન | જશવંત મહેતા | ૧૦ |
| ૦૫. | શ્રુતરક્ષા અંગે પુત્થયલિહણં – વિચાર-વિનિમય અને વલોણું | બાબુલાલ સરેમલ શાહ | ૧૩ |
| ૦૬. | પરમતત્ત્વને પામવાનું કેન્દ્ર બિંદુ અંતરમન | તત્ત્વચિંતક વી. પટેલ | ૧૭ |
| ૦૭. | ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલે: વિનોબા ભાવે | સોનલ પરીખ | ૧૯ |
| ૦૮. | શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી | — | ૨૦ |
| ૦૯. | શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત શ્રી ભદ્રમુનિ-પૂર્વનામ-નું જીવન ચરિત્ર | પ્રા. પ્રતાપકુમાર જે. ટોલિયા | ૨૧ |
| ૧૦. | અષ્ટપ્રકારી પૂજાની કથાઓ – ૫. દીપક પૂજા કથા | આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરીશ્વરજી | ૨૫ |
| ૧૧. | દ્વિતિય આભ્યંતર તપ – વિનય | સુબોધીબેન સતીશ મસાલીઆ | ૨૭ |
| ૧૨. | શાશ્વતા તીર્થાધિરાજ શત્રુંજયના સોળમા ઉધ્ધારની સાલગિરી | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૩૦ |
| ૧૩. | જ્ઞાનયાત્રાને વધુ સઘન અને પારદર્શી બનાવવાના પ્રયત્નરૂપે એક નવી શ્રેણી શરૂ કરીએ છીએ | — | ૩૨ |
| ૧૪. | ભાવ-પ્રતિભાવ | — | ૩૩ |
| ૧૫. | સર્જન-સ્વાગત | ડૉ. કલા શાહ | ૩૫ |
| ૧૬. | Seekers' Diary : Keeping Things Real | Reshma Jain | ૩૮ |
| ૧૭. | A Palaver With You | Prachi Dhanvant Shah | ૩૯ |
| ૧૮. | Enlighten Yourself By Self Study of Jainism Lesson 14 | Dr. Kamini Gogri | ૪૦ |
| ૧૯. | The Story of Sthavira Sthulibhdra & Pictorial Story | Dr. Renuka Porwal | ૪૨-૪૩ |
| ૨૦. | પંથે પંથે પાથેય : જિંદગીની શાળાનાં મનોશિક્ષણના પગથિયા | ગીતા જૈન | ૪૪ |


મુખપૃષ્ઠ




**श्री सरस्वती**

नमस्ते शारदे देवि वीणापुस्तकधारिणि।
विद्यारम्भं करिष्यामि प्रसन्ना भव सर्वदा।।
धरी कुंदकांती शिरीं घे किरीट। करीं दिव्य वीणा मुखीं गोड गीत।।
करी ज्या कृपा त्या शिरीं हस्त ठेवो। नमूं शारदा ज्ञानविज्ञान देवी।।

Regd. With Registrar of Newspaper for India No. MAHBIL/2013/50453 ISSN 2454–7697

• 'પ્રબુદ્ધ જીવન' ગુજરાતી-અંગ્રેજી વર્ષ : ૪ (કુલ વર્ષ ૬૪) • અંક : ૮ • નવેમ્બર ૨૦૧૬ • વિક્રમ સંવત ૨૦૭૩ • વીર સંવત ૨૫૪૩ • કારતક વદ તિથિ બીજ •

• • • શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા • • •

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

• • વાર્ષિક લવાજમ રૂા.૨૦૦/- • •     • • છૂટક નકલ રૂા. ૨૦/- • •

માનદ તંત્રી : ડૉ. સેજલ શાહ

## કરીએ પ્રયાણ...

***વીર સંવત ૨૫૪૩માં પ્રવેશની અનેક શુભેચ્છાઓ.***

***આવનારું વર્ષ નિર્મળ, પવિત્ર અને જાત સાથેના પ્રતિક્રમણનું બની રહે.***

અપેક્ષા, આશા, સ્વપ્નોથી જીવન ખચિત છે, રોજે રોજ એક નવો રસ્તો ઊંઘમાં દોરી શકાય છે, રોજે રોજ સ્વપ્ન તૂટે પછી નવું સ્વપ્ન જોઈ મન અડગ બની જીવનરૂપી પર્વત પર ચડવા તૈયાર થઈ જાય છે. જાતને ક્યાં કશું તોડી શકે છે, જ્યાં સુધી આપણે પરવાનગી આપીએ નહીં? જાત સાવ નક્કર છે અને આમ તો પારેવા જેવી પણ ખરી. જેવી જ્યારે ઇચ્છા. આપણી પરવાનગી વગર આપણી જાતને કોઈ મલિન કરી શકતું નથી. દુઃખનોયે ભાર ન રહે અને સુખનો નહીં, એવી અવસ્થા ભણી પ્રયાણ કરીએ.

આ અંકના સૌજન્યદાતા

સેવન્તીલાલ કાન્તિલાલ ટ્રસ્ટ

રાજેન્દ્ર શાહનું ગીત સહજ જ યાદ આવે,

***'ભાઈ રે આપણા દુઃખનું કેટલું જોર...***
***નાની અમથી જાતક વાતનો મચવીએ નહીં શોર...'***

બીજું એક ગીત લાગલું જ યાદ કરી લઈએ...

***'આપણી વ્યથા અન્યને મન રસની કથા...'***

લ્યો ત્યારે હવે જાતને પંપાળવાનું બંધ કરીએ, તરાસીએ, તપાસીએ અને શોધીએ કઈ અગ્નિથી આ સોનું તપશે અને ચળકાટ મારશે. અગ્નિને ગરમ કરવાની માત્રા એટલી હોવી જોઈએ કે એ ગરમાટથી એને જોઇતો ઘાટ આપી શકાય. આમ જાત પણ કઈ અગ્નિથી અને કેટલી માત્રાથી ચળકાટ મારશે, મારે હવે આ અગ્નિનું તાપમાન શોધવું છે. મારી જાતને કંચનત્વ પ્રાપ્ત થાય એવી અવસ્થાને શોધવી છે.

દિવાળીના દિવાની જ્યોત આપણા મનને નહીં પણ માર્કેટમાં મળતાં લેટેસ્ટ ડીઝાઈન અને આપણી પસંદગીને વ્યક્ત કરે છે. જેટલા વધુ પૈસા એટલી જ્યોત વધુ એવું તો કદી નથી થતું, પરંતુ જેટલી તેલની ધારા વધુ એટલો દિવો લાંબા સમય માટે ત્યાં ટકી રહે એ નિશ્ચિત વાત છે. જાતને કંચનત્વ પ્રાપ્ત થાય એવી અવસ્થા અને લાંબા સમયની સ્થિરતા, આ બંને સ્થાનોની વચ્ચે બાંધેલી મારી જીવાદોરી અને સમતોલતા જાળવતી, મારી ચેતનાની વાત આજે નવા વર્ષના પ્રવેશ નિમિત્તે, આપ સહુ પ્રબુદ્ધ વાચકો સાથે.

કોઈ એક શોધ પાછળ જીજ્ઞાસાવૃત્તિ કાર્ય કરે છે. માનવજીવનમાં સુખદુઃખના ઉપચાર વખતે મનુષ્ય કુદરતના પરિબળોનો કઈ રીતે ઉપયોગ કરે છે, તે અંગેની શોધ મહત્ત્વની છે. મનુષ્યની બુદ્ધિ અસીમ નથી. તેથી માત્ર બુદ્ધિથી એ સર્વ વસ્તુને માપી ન શકે અને જેને માપી ન શકે એનું અસ્તિત્વ નથી એવું પણ ન વિચારી શકાય. તત્ત્વચિંતક પાયથાગોરસના અનુયાયીઓના સહજીવનના અનિવાર્ય ભાગ તરીકે સંગીત અને ગણિતને સ્થાન સાથે મળતું. એક વિદ્વાનના કહેવા પ્રમાણે તેમના આશ્રમમાં શરીરને સ્વચ્છ રાખવા દવા અને

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપૉર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬

• ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોષી. • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. No. બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c. No. 0039201 000 20260

• Website : www.mumbai-jainyuvaksangh.com • email : shrimjys@gmail.com Web Editor: Hitesh Mayani-9820347990

આત્માને સ્વસ્થ રાખવા સંગીતનો ઉપયોગ થતો. ખોરાક અને પાણી કેવા પ્રકારના લેવાય તે ઉપર ખાસ ધ્યાન આપવામાં આવતું અને દવા લેવા કરતાં નૈસર્ગિક બાહ્યોપચારને વિશેષ મહત્ત્વ અપાતું.

અમેરિકન વિદ્વાન શ્રી કોનફર્ડ પાયથાગોરસના સિદ્ધાંત વિશે જણાવે છે કે 'પાયથાગોરસે જે જે સિદ્ધાંતોનું નિરૂપણ કર્યું છે તેનો હેતુ અદશ્ય ઇશ્વરી શક્તિ સાથે તમામ દુન્યવી વસ્તુઓની એકતા સાધવાનો, અને આ દશ્યમાન જગતની ક્ષણિકતા તેમજ અજ્ઞાનના અંધકારમાં દૈવી પ્રકાશના કિરણોને આડે આવતા ગંદવાડને દૂર કરવાનો હતો.'

આત્માના વિકાસની અંતિમ કક્ષાને આપણે જૈનોએ 'કૈવલ્ય'નું નામ આપેલ છે. કૈવલ્યને પ્રાપ્ત થયેલ આત્માની સ્થિતિ નિરપેક્ષ (જ્ઞાતા-દૃષ્ટાની) જૈનોએ કલ્પી છે. જાણતાં કે અજાણતાં પાયથાગોરસે પણ સર્વોચ્ચ કક્ષાના આત્માની આવી જ કલ્પના કરી છે તે વિદ્વાન લેખક જહોન બર્નેટના નીચેના વિધાનથી સ્પષ્ટ થાય છે. ``The best of all, however, are those who come simply `to look on.' The greatest purification of all is therefore, disinterested science and it is the man who devotes himself to that, the true philosopher who has most effectively released himself from the wheel of the birth.'' (p.98 Early Greek Philo. 4th Edition) અર્થાત્: સર્વોચ્ચ કક્ષાના (આત્માઓ) તો તેઓ છે કે જેણે ફક્ત દૃષ્ટાભાવ જ કેળવ્યો છે. જેની વૈજ્ઞાનિક શક્તિ તદ્દન નિરપેક્ષ બની છે તેનો આત્મા નિર્મળ બને છે અને ખરો તત્ત્વજ્ઞાની (જ્ઞાતા-દૃષ્ટાના ભાવવાળો) જન્મ-મરણના ફેરાને ટાળનારો બને છે.

સ્થિરતા માત્ર ભાવુકતાથી નથી મળતી. એ માટે સતત મળતા સત્યો સાથે, વાસ્તવિકતાઓ સાથે પનારો પાડવો પડે. કોઈ લક્ષ્યને અંતિમ સમજ્યા વગર ફરી ફરી એને જ મૂલવવું પડે, એક શિખરની ટોચે પહોંચ્યા પછી, એને જ અંતિમ વિજય ન સમજી શકાય. બીજા અનેક શિખરોની ટોચનું અસ્તિત્વ પણ સ્વીકારવું પડે. આ સહુ સાથે સમન્વય સાધી પોતાની પરિધિનો વિસ્તાર કરવો પડે છે. મારું પ્રમાણ ક્યાંય સ્થિર ન બની જાય એ માટે મારે જ સતત વિહરતા રહેવું પડે. નહીં તો ચલાયમાન રહેવાને બદલે જડતાના પ્રવેશની સંભાવના રહે છે. ભક્તિના કેટકેટલા માધ્યમો છે–સંગીત, નૃત્ય, ગાન વગેરે. મૂળ તો મનુષ્ય આત્માને ખંખોળવા, કસોટીએ ચઢાવીને વધુ ને વધુ શુદ્ધ કરવાની અને અંતિમ ધ્યેય સુધી પહોંચવાની વાત છે. એ અંતિમ ધ્યેય મોક્ષ પણ હોઈ શકે, સર્વ બંધનોથી મુક્તિ પણ હોઈ શકે અને આત્માની નિર્લેપતા પછીની સમ્યક્ ભૂમિકા પણ હોઈ શકે. જૈન ધર્મની સમજના મૂળ મનુષ્યના પરમતત્ત્વની નિકટ પહોંચવાની સીડી છે. એને કોઈ એક ધર્મના નામથી મુક્ત કરીએ તો અનેક તત્ત્વવેત્તાઓની વાતો સાથે આ ધર્મની વાતો બંધ બેસે છે, જે પાયથાગોરસના સંદર્ભે જોઈએ–

પાયથાગોરસ હાલના મોટાભાગના ઘણા જૈનો કરતાં ઘણી ઊંચી કક્ષાના જૈન હતા તે તેમની નીચેની માન્યતાઓથી સ્પષ્ટ થશે.

- આત્માનું પરમ લક્ષ્ય પરમાત્મ-સ્થિતિ પ્રાપ્ત કરવાનું હોવું જોઈએ તેમ તેઓ માનતા.
- તેઓ એમ માનતા કે આત્મા અમર છે અને કર્મના બળથી તે જુદા જુદા દેહે પુનર્જન્મ પામે છે.
- 'જ્ઞાન'ની સર્વોત્કૃષ્ટતામાં તેઓ માનતા.
- ઇશ્વર નામની કોઈ બાહ્ય-શક્તિની હસ્તીમાં તેઓ માનતા નહીં.
- કપીલના સાંખ્યની પેઠે તેઓને સંખ્યાના રહસ્યમાં વિશ્વાસ હતો અને માનતા કે `All things are numbers' (વિશ્વ રચના સંખ્યામય છે.)
- તેઓ આંતરિક શુદ્ધિ ઉપર ભાર મૂકતા અને તેમના અનુયાયીઓને શુદ્ધ અહિંસા આચરવાનો અને અમુક વનસ્પતિ પણ નહિ ખાવાનો તેમજ નૈષ્ટિક બ્રહ્મચર્ય પાળવાનો અનુરોધ કરતા.

વિચારકોએ ક્યારેય જીવનને બાજુ પર રાખીને, જીવનના રસને બાજુ પર રાખીને વાત નથી કરી. મહત્ત્વનું એ છે કે પ્રત્યેક રસની આવશ્યકતા સમજવામાં આવે. ફિલસૂફ જ્યારે સમગ્રના સમન્વયની રીતે વિચારે છે ત્યારે અનેક ધર્મો, માન્યતાઓ, વિચારણા એમાં આમેજ થવા લાગે છે. સૃષ્ટિના તત્ત્વો સાથેનું મનુષ્યનું સમતોલપણું વધુ મહત્ત્વનું છે. ઘણી વખત આપણે કારણ વગરના વાડામાં બંધાઈ જતા હોઈએ છીએ. આવા સમયે કેટલાક વિચારકોની વિચારણામાં સૃષ્ટિ અને મનુષ્યના સંદર્ભે કેટલીક પાયાની બાબતો મળતી હોય છે જે રોજિંદા જીવનથી અભિન્ન નથી. મૂળ વાત એ જ છે કે ચિંતન અને જીવન ભિન્ન ભૂમિકાએ નહીં પણ સમાંતર અને ક્યારેક તો એકબીજામાં ઓગળીને આગળ ચાલવું જોઈએ, જેથી જીવાતાં જીવન


તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.

**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**

વાર્ષિક લવાજમ આપશ્રી $ **(ડોલર)** માં મોકલાવો તો $ **પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

**ભારતમાં વાર્ષિક લવાજમ રૂા. ૨૦૦ ● ત્રણ વર્ષનું લવાજમ રૂા. ૫૦૦ ● પાંચ વર્ષનું લવાજમ રૂા. ૯૦૦ ● દસ વર્ષનું લવાજમ રૂા. ૧૮૦૦**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c No. : બૅન્ક ઑફ ઈન્ડિયા CD A/c No. 003920100020260.

સાથે એનો સીધો સંબંધ પ્રસ્થાપિત રહે.

xxx

હેરક્લિટસ (Heracletus) (ઈ.સ. ૫૩૫-૪૭૫) સોક્રેટીસ પૂર્વેના ગ્રીક તત્ત્વજ્ઞોમાં એક તદ્દન મૌલિક અને નવીન ભાત પાડનાર ફિલસૂફના ત્રણ મુખ્ય સિદ્ધાંતો નીચે મુજબ હતા:

- આ વિશ્વના તમામ પદાર્થો સતત પરિવર્તનશીલ છે.
- આ સૃષ્ટિના સંચાલનનું મૂળ તત્ત્વ અગ્નિ છે.
- સામાન્ય નજરે વસ્તુના વિરોધાભાસી તત્ત્વો તે વસ્તુના અંતર્ગત અંગ રૂપે જ છે અને સૃષ્ટિની પ્રગતિ માટે તે તત્ત્વો વચ્ચેનું ઘર્ષણ અનિવાર્ય તેમજ જરૂરનું છે.

એક વખત તેઓ બાળકો સાથે સોગઠીની રમત રમતા હતા ત્યારે કોઈ રાજપુરુષે તેમને પૂછ્યું કે તેઓ રાજપુરુષ તેમજ તત્ત્વજ્ઞ હોઈને બાળકો સાથે સોગઠીઓ રમવાનું કામ પસંદ કરે છે? જવાબમાં તેમણે કહ્યું, 'તમારા જેવા નકામા માણસોને આવું આશ્ચર્ય કેમ થાય છે? તમારી સાથે રાજકારણ રમવા કરતાં આ રમત વધુ સારી છે.'

તેઓ કહેતા, 'દસ હજાર માણસોના ટોળા કરતાં એક શ્રેષ્ઠ વ્યક્તિની સંગતિ તેઓને વધુ પસંદ છે.' (સૂત્ર ૪૯) 'એક યોગ્ય વ્યક્તિની શીખામણ માન્ય રાખવી તે પણ એક કાનૂન છે.' (સૂત્ર ૩૩), 'બંડખોરી દાબતાં પહેલાં ઉદ્ધતાઈને તુરતજ દાબી દેવી જોઈએ.' (સૂત્ર ૪૩)

તેઓનાં થોડાં સૂત્રો આ બાબતમાં નીચે મુજબ છે:

- જે રીતે ઊંઘમાં સ્વપ્નાં દરમિયાન થયેલ પ્રસંગનું ભાન માણસોને રહેતું નથી તેજ રીતે જાગૃત અવસ્થામાં પણ તેઓએ શું કર્યું છે તેનું ભાન રહેતું નથી. (સૂત્ર ૧)
- સામાન્ય રીતે માણસો કેવી રીતે સાંભળવું અગર બોલવું તે જ જાણતા નથી. (સૂત્ર ૧૯)
- મૂર્ખાઓ જે કાંઈ સાંભળે છે તે બધિરોની પેઠે સાંભળે છે. કહેવત છે કે તેઓ હાજર હોવા છતાં ગેરહાજર છે. (સૂત્ર ૩૪)

ઘર્ષણથી સંવાદ ઉત્પન્ન થાય છે તેના દાખલામાં હેરક્લિટસ વીણાના તાર સાથેના તેના ધનુષ્યના તારોના ઘર્ષણથી થતી સૂરાવલીને ટાંકે છે.

હેરક્લિટસના આ મંતવ્યમાં સત્યાંશ જરૂર છે પરંતુ પૂર્ણ સત્ય નથી કારણકે તે ઘર્ષણથી ઉત્પન્ન થતી વિષમતાઓને ધ્યાનમાં લેતા નથી તેમજ પ્રગતિ માટે ઘર્ષણ અનિવાર્ય નથી – ઘર્ષણ વિના સહકારથી પણ પ્રગતિ કરી શકાય છે.

વાંચન, ચિંતન અને મનન આપણી દિશા અને દશા નિશ્ચિત કરે છે. સ્વર્ગારોહણ, મોક્ષારોહણ કે પછી જે અંતિમ ધ્યેય હોય તેમાં પ્રયાણ મહત્ત્વનું છે. ક્યાં રસ્તે, ક્યાં આધારો સાથે, કઈ જાગતિક અવસ્થા સાથે આ પ્રયાણ ભણી સફર ચાલુ છે, તે મહત્વનું છે. જીવનની કેટલીક સાદી અને સીધી સમજ આપણને વધુ સ્પષ્ટ બનાવે એ જરૂરી છે.

એક તરફ અનેક વિચારક છે, બીજી તરફ અનેક ગુરુ છે, ત્રીજી તરફ અનેક સ્થાપિત ટાપુ છે, આ દરેક પ્રત્યે લલચામણી તો રહેવાની જ. પરંતુ યાદ એ રાખવાનું છે કે જ્યારે કોઈ એક બાબત સ્વીકારીએ છીએ ત્યારે અન્યનો વિરોધ નથી પણ જેમાં જે સમયે સ્પષ્ટતા વધુ છે અને જે મારા સુધી પહોંચે છે, જેને હું મારા પ્રયાણ વખતે આધાર રૂપે લઈ શકું છું, તે મહત્ત્વનું છે. સમયનું પસાર થવું એ કંઈ ઘટના નથી, પણ સમયમાં વૈચારિક સમૃદ્ધિ અને સ્પષ્ટતા, સ્વસ્થતા મહત્ત્વની છે. જાતની અંદર એક વિસંવાદીપણું છે. ક્યારેક જે બાબત અતિઆકર્ષક લાગે, તે અંગે ક્યારેક અભાવ થઈ જાય છે, ખૂબ નજીકની વ્યક્તિ માટે ખૂબ ઈર્ષા, સ્વાર્થ, રોષ પણ અનુભવાય છે. પણ આ પૈકી એક પણ સ્થિતિ સ્થિર નથી. વ્યવહારનું સત્ય બદલાતું જાય છે. આજે બોલાયેલું વાક્ય કાલે જુદી રીતે બોલાય છે પણ આ પ્રત્યેક બાબત ક્ષણિક છે. સમુદ્રના ઉપરી પ્રવાહ પર જે મોજાંની ઉછળકૂદ થઈ રહી છે તે સમુદ્રના પેટાળમાં જે સંચાર છે તેથી ભિન્ન છે. આપણે આ પેટાળના સંચાર પ્રત્યે ધ્યાન કેન્દ્રિત કરીએ. મારું પ્રયાણ મારા પેટાળ ભણી હોય અને એ માટે સર્વે બાજુથી સર્વે વિચારોનો સ્વીકાર કરવા હું તૈયાર છું. જેમ કલહ જુદાં પાડે છે, તેમ પ્રેમ જોડે છે. આ કલહ અને પ્રેમના જુદા જુદા વિશિષ્ટ પ્રકારના આવિર્ભાવથી જગતમાં વૈવિધ્ય ઉત્પન્ન થાય છે. પ્રેમ અને કલહ વ્યક્તિગતતાને અનુસરીને પરિસ્થિતિનું નિર્માણ કરે છે. દરેક વ્યક્તિ આને આધારે પોતાનું સ્વતંત્ર અસ્તિત્વ ધારણ કરે છે. દરેક વસ્તુ તેના અંતર્ગત સ્વભાવનો પ્રવાહ તેની આસપાસ રેલાવતી હોય છે અને તેની અસર તેના સંસર્ગમાં આવતાં બીજા પદાર્થ પર પણ પડતી હોય છે, તેમ પ્રેમ અને કલહ એ બેના વિરોધાભાસમાં જ્યારે જ્યારે કલહનું પ્રભુત્વ જામે છે ત્યારે પુનઃ પ્રેમનો પ્રવેશ પણ થાય છે. આ વૈશ્વિક ક્રમ છે. એક વાર ચિત્ત આ જ્ઞાનને પામી લે છે પછી 'કલહ'થી મુક્ત થવાનો પ્રયત્ન કરે છે. અને એનાથી મુક્તિ એટલે પ્રયાણના માર્ગ આવનારા અનેક અવરોધોથી પણ મુક્તિ.

પ્રેમમાં અર્પણ છે. અર્પણથી અહંકારનો વિલય થાય છે. અહંકારનો નાશ થયા વિના આત્મશોધન થઈ શકતું નથી. આત્મશોધન વિના શાંતિ કે સુખ નથી. આત્મશોધન અનેક વૈચારિક સત્સંગ ભણી લઈ જાય છે. વૈચારિક સત્સંગ આત્મવિકાસ ભણી લઈ જાય છે અને એ જ માર્ગે મોક્ષ છે – સહૃદયોનો, સધર્મીઓનો, સમ્યક્ત્વ આત્માનો, આપણા સૌનો. ચાલો કરીએ પ્રયાણ મોક્ષ ભણી.

❑ સેજલ શાહ
sejalshah702@gmail.com

# અંતરની અમીરાત: ડૉ. ધનવંત શાહ

*(શ્રી ધનવંતભાઈ શાહની કલમે લખાયેલા તંત્રીલેખમાંથી 'પ્રબુદ્ધ જીવન'ના દરેક અંકમાં હવે થોડો અંશ લખાશે. તેમની અંતરની લાગણીઓનું ઐશ્વર્ય માણવાનું સૌને ગમશે એ ભાવ સાથે...)*

## મહાવીર માર્ગ : 'ઇણ અવસર મત ચૂક'

સિદ્ધ તીર્થ શત્રુંજયની તળેટીમાં આ જાન્યુઆરી માસમાં પૂ. જૈનાચાર્યો, મુનિ ભગવંતો અને બૌદ્ધ ધર્મગુરુ પૂ. દલાઈલામા સાથે ધર્મ ચર્ચા યોજાઈ ત્યારે 'વિશ્વશાંતિ' કઈ રીતે પ્રાપ્ત થઈ શકે એના ઉત્તરમાં દલાઈ લામાએ કંઈક એવું કહ્યું કે મનઃશાંતિથી જ વિશ્વશાંતિ પ્રાપ્ત થઈ શકશે. મનઃશાંતિ આ યાત્રાનું પ્રથમ ચરણ છે.

ભગવાન મહાવીરે આ મનઃશાંતિનો માર્ગ આપણને ૨૬૦૦ વર્ષ પહેલાં દર્શાવી દીધો છે.

મહાવીરને તીર્થંકર તરીકે પૂજતા પહેલાં એમને એક માનવ તરીકે પહેલા ઓળખીએ.

બુદ્ધનો ગૃહત્યાગ એમણે જીવનમાં જોયેલ વિષાદોમાંથી જન્મ્યો હતો, અને આ વિષાદના કારણો શોધવા એ નીકળી પડ્યા.

બન્ને રાજાના પુત્રો હતા. એકે મહાભિનિષ્ક્રમણ કર્યું. બીજાએ સમજી વિચારીને તેમજ પરિવારની સંમતિથી સંસાર ત્યાગ કર્યો અને બાર વર્ષથી વધુ ભ્રમણ કરીને જીવનના સત્યોની પ્રાપ્તિ કરી અને જગત શાંતિ માટે એ સત્યો એમણે વિશ્વને ચરણે ધરી દીધાં.

મહાવીર તપસ્વી અને જ્ઞાની હતા એ આ સત્યાનુભૂતિને કારણે, પરંતુ સર્વ પ્રથમ તો મહાવીર પરમ તેજસ્વી અને બુદ્ધિશાળી માનવી હતા. માનવ અને જગત સ્વસ્થતા તેમજ શાંતિથી રહે એ એમનો પ્રથમ ધ્યેય હતો. મહાવીર આપણા પહેલાં સમાજશાસ્ત્રી અને પહેલાં સામ્યવાદી પણ. સામ્યવાદ અને સમાજવાદનો સિદ્ધાંત સૌ પ્રથમ મહાવીરે જગત સમક્ષ મૂક્યો. વર્ણ વ્યવસ્થાનો છેદ કર્યો અને સર્વ ધર્મ સમભાવ અને સર્વમત આદર માટે સ્યાદ્વાદ અને અનેકાંતવાદનો ઉત્તમ અને અદ્વિતિય સિદ્ધાંત જગતને ચરણે ધર્યો.

સર્વ પ્રથમ એમણે 'અપરિગ્રહ'નો સિદ્ધાંત જગતને આપ્યો. બધી અશાંતિનું મૂળ કારણ પરિગ્રહ છે. એક વખત 'અપરિગ્રહ'નો આદર્શ જીવનમાં સ્થિર થાય પછી પાછળ સ્યાદ્વાદ અને અનેકાંતવાદનો ઉત્તમ અને અદ્વિતિય સિદ્ધાંત જગતને ચરણે ધર્યો.

સર્વ પ્રથમ એમણે 'અપરિગ્રહ'નો સિદ્ધાંત જગતને આપ્યો. બધી અશાંતિનું મૂળ કારણ પરિગ્રહ છે. એક વખત 'અપરિગ્રહ'નો આદર્શ જીવનમાં સ્થિર થાય પછી પાછળ અહિંસા, સત્ય, અને અચૌર્ય માત્ર ચાલ્યા આવે જ નહિ, વળગતા આવે. મારી જરૂરિયાત ઉપરાંત વિશેષ મારે જોઈતું જ નથી તો પછી શું મેળવવા માટે હું કોઈની હિંસા કરું? શા કાજે અસત્ય વદું કે કોઈનું કાંઈ પડાવી લઉં?' આવા વિચારવાળી વ્યક્તિમાં શાંતિ આપોઆપ સમાધિસ્થ થઈ જાય; આ મનઃશાંતિ.

માત્ર અપરિગ્રહથી તો વ્યક્તિને પોતાની સ્વસ્થતાની પ્રાપ્તિ થઈ પણ સમાજ વ્યવસ્થાનું શું? એટલે મહાવીરે કર્મ સિદ્ધાંત આપ્યો. પ્રત્યેક ચેતનાનો નિયામક કર્મવર્ગણા છે એમ કહી કર્મ નિર્જરા, કર્મ રજકણો, વગેરે કર્મ સિદ્ધાંતોનો વિશાળ પટ તે ૧૪ ગુણસ્થાનો સુધી વિસ્તારી આપણને આપી આ કર્મવાદને સૂક્ષ્મતાથી કાંત્યો અને કર્મશૂન્યતા સુધી યાત્રા કરાવી 'જીવન મુક્ત' કે 'મોક્ષ'ના દર્શનનો માર્ગ દર્શાવ્યો. જેવું કરશો એવું ભોગવશો–આ જન્મમાં નહિ તો પુનઃ જન્મમાં તો અવશ્ય એ ભોગવવું પડશે જ. આ 'ભય'થી સામાન્ય માણસ અવ્યવસ્થિત થતા અને શોષણખોર થતા બચ્યો અને સમાજ જીવનમાં સરળતા, શાંતિ અને શિસ્તના નિયમોની સ્થાપના થતી રહી એટલે 'મોક્ષ'ના માર્ગદર્શનની પહેલાં મહાવીરે સમાજ, માનવીય સંબંધો અને સંવેદનાને પ્રથમ પ્રાધાન્ય આપ્યું. મહાવીર આ રીતે સમાજશાસ્ત્રી ઉપરાંત મનોવિશ્લેષક પણ હતા.

આ અપરિગ્રહ એટલે જ મૂડીવાદનો અંતઃ કાર્લ માર્ક્સે જે આક્રોશથી કહ્યું એ જ મહાવીરે વરસો પહેલાં માનવ સમાજને શાંતિથી આગમવાણી દ્વારા સમજાવ્યું. જે સમાજનો માનવી અપરિગ્રહી હશે એ સમાજમાં શાંતિ અને મનઃસમૃદ્ધિ હશે. એ સમાજને ક્યારેય મંદીની અગ્નિમાં તપવું કે તડફડવું નહિ પડે. કોઈ પણ વ્યક્તિ ભૂખ્યું નહિ સૂએ. અપરિગ્રહથી વ્યક્તિની મનઃશાંતિ અનેકોની મનઃશાંતિની દિશા બની જશે.

પરંતુ વર્તમાનમાં તો આ મનઃશાંતિ માટે લગભગ દિશા જ બદલાઈ ગઈ છે. મંદિરો અને ધર્મસ્થાનકોમાં જ મનઃશાંતિ પ્રાપ્ત થાય એવી માન્યતા દૃઢ થતી ગઈ. યેન કેન પ્રકારે ધન સંચય કરી એ ધન સંચયથી આવા સ્થાનકોનું જ નિર્માણ કરવું અને એ ધન સંચયમાં પોતાની સલામતી લીધી, એ ધન સંચયથી આવા સ્થાનકોનું જ નિર્માણ કરવું અને એ ધન સંચયમાં પોતાની સલામતી શોધી, એ ધન સંચયથી અન્યના પરિશ્રમથી ઉત્પન્ન થતા ધનને ભોગવવું–વ્યાજ પ્રવૃત્તિ–અને પોતે પુરુષાર્થ વિહિન બની કહેવાતો સાધના માર્ગ સ્વીકારી મનઃશાંતિ શોધવા નીકળી પડવું એવી વર્તમાનમાં તો જાણે એક 'ફેશન' બની ગઈ છે. આવા નિવૃત્ત સાધકોની સંખ્યામાં આજે દિનપ્રતિદિન વધારો થતો જાય છે એ સારું તો છે જ, પરંતુ આત્મદર્શનની ઝંખના સાથે આત્મમંથન પણ એટલું જ જરૂરી છે. મંથન હશે તો જ સત્યનું નવનીત પ્રાપ્ત થશે.

☐ સંકલન : દીપ્તિ સોનાવાલા

# ઉપનિષદોમાં પંચાગ્નિ વિદ્યા

☐ ડૉ. નરેશ વેદ

આદિ શંકરાચાર્યે જેમના ઉપર ભાષ્યો લખ્યાં હતાં એ ઉપનિષદો પૈકીનું એક મહત્ત્વનું ઉપનિષદ છાંદોગ્ય ઉપનિષદ છે. સામવેદના આ ઉપનિષદમાં આઠ અધ્યાયો અને એકસો ચોપન ખંડો છે. એના પ્રત્યેક અધ્યાયમાં એક કે વધારે વિદ્યાઓનું નિરૂપણ થયેલું છે. જેમ કે, એના પ્રથમ અધ્યાયમાં ઉદ્‌ગીથ વિદ્યા, બીજા અધ્યાયમાં સામવિદ્યા, ત્રીજા અધ્યાયમાં મધુવિદ્યા, હૃદયવિદ્યા અને વસુધાન-કોશવિદ્યા, ચોથા અધ્યાયમાં સંવર્ગવિદ્યા અને ચતુષ્પાદવિદ્યા, પાંચમા અધ્યાયમાં વૈશ્વાનરવિદ્યા, છઠ્ઠા અધ્યાયમાં અગ્નિસોમાત્મકમવિદ્યા, સાતમા અને આઠમા અધ્યાયમાં આત્મવિદ્યા–નું નિરૂપણ થયેલું છે.

એ બધી વિદ્યાઓમાંથી આ લેખમાં આપણે પંચાગ્નિવિદ્યા સમજવાનો ઉપક્રમ રાખીશું. આ વિદ્યાનું નિરૂપણ આ ઉપનિષદના પાંચમા અધ્યાયમાં ત્રીજાથી દશમા ખંડ સુધીમાં થયેલું છે. પ્રથમ આપણે ઉપનિષદમાં જે ભાષામાં, જે રીતે એની રજૂઆત થયેલી છે એ જોઈએ, પછી એની સમજૂતી આજની ભાષામાં, આજની ઢબે લઈશું.

એનો આરંભ આ રીતે થાય છે :

ઋષિ આરુણિનો પુત્ર શ્વેતકેતુ એકવાર પાંચાલ દેશની સભામાં આવ્યો ત્યારે તેને ત્યાંના રાજા પ્રવાહણે પૂછ્યું કે, 'કુમાર! તારા પિતાએ તને બ્રહ્મવિદ્યાનો ઉપદેશ આપ્યો છે?' શ્વેતકેતુએ જવાબ આપ્યો: 'હા ભગવન! મારા પિતાએ મને એનો ઉપદેશ આપ્યો છે.' ત્યારે રાજા પ્રવાહણે એનું જ્ઞાન કેટલું છે એ જાણવા તેને થોડા પ્રશ્નો પૂછ્યા.

તેમણે પૂછ્યું કે, 'માણસો મરી ગયા પછી ક્યાં જાય છે એ તને ખબર છે?' શ્વેતકેતુએ કહ્યું: 'ના, ભગવન! એ હું જાણતો નથી.'

પછી રાજાએ બીજો પ્રશ્ન પૂછ્યો: 'માણસો ત્યાંથી પાછા કેવી રીતે આવે છે એ તું જાણે છે?' શ્વેતકેતુએ કહ્યું: 'ના, ભગવન! એ હું જાણતો નથી.'

રાજાએ ત્રીજો પ્રશ્ન પૂછ્યો: 'દેવયાન માર્ગ, પિતૃયાણ માર્ગ તથા જ્યાંથી એ બંને માર્ગો જુદા પડે છે, એ ઠેકાણાની તને ખબર છે?' શ્વેતકેતુએ કહ્યું: 'ના, ભગવન! એ હું જાણતો નથી.'

રાજાએ ફરી એક પ્રશ્ન પૂછ્યો: 'મરણ પામેલા માણસોથી પિતૃલોક શા માટે ભરાઈ જતા નથી એ તું જાણે છે?' શ્વેતકેતુએ કહ્યું: 'એ હું જાણતો નથી.'

ત્યારબાદ રાજાએ વળી એક પ્રશ્ન કર્યો: 'પાંચમી આહુતિમાં પાણીમાંથી પુરુષ કેવી રીતે બને છે, એની તને ખબર છે?' શ્વેતકેતુએ કહ્યું: 'ના, ભગવન! એ હું જાણતો નથી.'

ત્યારે રાજાએ કહ્યું: 'તું આ કાંઈ જાણતો નથી તો પછી 'મારા પિતાએ મને ભણાવ્યો છે' એમ તેં કેવી રીતે કહ્યું? જે આ બધું જાણતો ન હોય, તે 'હું ભણેલો છું' એમ કેવી રીતે કહી શકે?'

રાજાની આ વાતથી છોભીલો પડેલો શ્વેતકેતુ પિતા પાસે પાછો આવ્યો અને પિતાને પૂછવા લાગ્યો કે 'પૂરું ભણાવ્યા વિના જ આપે મને એમ કેમ કહ્યું કે મેં તને ભણાવ્યો છે'... 'પેલા પ્રવાહણ રાજાએ મને પાંચ પ્રશ્નો પૂછ્યા તેમાંથી એકેયનો જવાબ હું આપી શક્યો નહિ'. ત્યારે એના પિતાએ કહ્યું કે એ સવાલોના જવાબ હું પણ જાણતો નથી. હું રાજા પાસે જઈ, શિક્ષણ લઈ, સમજીને તને પાછો આવીને સમજાવીશ. રાજા પાસે પહોંચી તેણે વિનીત ભાવે એ વિદ્યા શીખવવા વિનંતી કરી. ત્યારે રાજાએ તેને સમજાવ્યું કે જીવન અને મૃત્યુની આધારશિલા પંચાગ્નિ છે. એ પરમાત્માની રહસ્યમય લીલા છે. તમે જ્ઞાની છો, જિજ્ઞાસુ છો અને વળી નમ્ર છો તેથી તમને હું આ વિદ્યા સમજાવું છું. તમે એનું શ્રવણ કર્યા પછી એના વિશે મનન અને ચિંતન કરશો, તો એનું રહસ્ય તમને સમજાશે. એમ કહીને એમણે આ પંચાગ્નિ વિદ્યા આ રીતે સમજાવી-

હે ગૌતમ! પ્રસિદ્ધ દ્યુલોક (સ્વર્ગ) અગ્નિ છે, સૂર્ય એનું સમિધ છે, કિરણો એનો ધુમાડો છે, દિવસ એની જ્વાળા છે, ચંદ્ર અંગારો છે અને તારાઓ તણખા છે. એ અગ્નિમાં દેવતાઓ શ્રદ્ધાનો હોમ કરે છે. એ આહુતિથી સોમરાજા ઉત્પન્ન થાય છે. પંચાગ્નિ વિદ્યાનો આ પ્રથમ અગ્નિ છે.

બીજો અગ્નિ વરસાદના દેવ (પર્જન્યદેવ) છે, પવન સમિધ છે, આકાશ ધુમાડો છે, વીજળી એ અગ્નિની ઝાળ છે, વજ્ર અંગારા છે, અને ગાજતા મેઘ એ તણખા છે. એ અગ્નિમાં દેવતાઓ સોમરાજાને હોમે છે. એ આહુતિથી વરસાદ થાય છે.

ત્રીજો અગ્નિ પૃથિવી છે, વર્ષ સમિધ છે, આકાશ ધુમાડો છે, રાત એ અગ્નિની ઝાળ છે, દિશાઓ અંગારા છે, અને દિશાઓના ખૂણા તણખા છે. એ અગ્નિમાં દેવતાઓ વરસાદનો હોમ કરે છે. એ આહુતિથી અન્ન ઉત્પન્ન થાય છે.

ચોથો અગ્નિ પુરુષ છે. વાણી સમિધ છે, પ્રાણ ધુમાડો છે, જીભ એ અગ્નિની ઝાળ છે, આંખ અંગારા છે અને કાન તણખા છે. એ અગ્નિમાં દેવતાઓ અન્નનો હોમ કરે છે. એ આહુતિથી વીર્ય ઊપજે છે.

પાંચમો અગ્નિ સ્ત્રી છે. એનું ઉપસ્થ (જનનેન્દ્રિય) એ સમિધ છે, વાળ ધ્રૂમ છે, યોનિ એ અગ્નિની ઝાળ છે, જે અંતર્ગમન થાય છે તે અંગારા છે અને એથી જે આનંદ (સુખ) મળે છે એ તણખા છે. એ અગ્નિમાં દેવતાઓ વીર્યનો હોમ કરે છે. એ આહુતિથી ગર્ભની

(જીવાત્માની) ઉત્પત્તિ થાય છે. આવી રીતે પાંચમી આહુતિમાં પાણીમાંથી પુરુષ (જીવાત્મા) પેદા થાય છે.

રાજા પ્રવાહણે શ્વેતકેતુને પૂછેલા પાંચ સવાલનો આ જવાબ થયો. પછી તેઓ પહેલાથી ચોથા પ્રશ્નોના જવાબો સ્પષ્ટ કરે છે. ઓરથી વીંટાયેલો એ ગર્ભ નવ કે દશ માસ સુધી માતાના પેટમાં રહ્યા પછી જન્મે છે. જન્મ્યા પછી જેટલું આયુષ્ય હોય ત્યાં સુધી એ જીવે છે અને મરી ગયા પછી એને અગ્નિદાહ દેવા માટે લઈ જાય છે. આમ છેવટ એ જેમાંથી આવ્યો, તેમાં જ ભળી જાય છે. મતલબ કે કર્મોનો ઉપભોગ કરી તે મૃત્યુ પામે છે એટલે તેને અગ્નિની પાસે લઈ જવામાં આવે છે. ત્યાં અગ્નિ એ અગ્નિ થાય છે, સમિધ સમિધ થાય છે. ધૂમ્ર ધૂમ્ર થાય છે, જ્વાળા જ્વાળા થાય છે, અંગારા અંગારા થાય છે, સ્ફુલિંગ સ્ફુલિંગ થાય છે. એ અગ્નિમાં લોકો જીવાત્માને હોમે છે.

જે ગૃહસ્થીઓ આ પંચાગ્નિ વિદ્યાને આવી રીતે સમજે છે તથા શ્રદ્ધાથી તપ કરીને એને પૂજે છે, તે સૂર્યકિરણોના દેવને, ત્યાંથી દિવસના દેવને, ત્યાંથી અજવાળિયા (શુક્લપક્ષ)ના દેવને અને ત્યાંથી ઉત્તરાયણ (છ માસ)ના દેવને પામે છે. ત્યાંથી વર્ષના દેવને, ત્યાંથી સૂર્યને, ચંદ્રને અને વીજળીને પામે છે. ત્યાંથી એની ગતિ બ્રહ્મલોકમાં થાય છે. આ માર્ગે જનારને દેવયાન (દેવલોક)નો માર્ગ કહે છે. તેમને પુનર્જન્મ લઈને પૃથ્વી ઉપર પાછા આવવું પડતું નથી.

પરંતુ જે જીવાત્માઓ સંસારમાં રહીને જ યજ્ઞયાગ વગેરે ક્રિયાઓ કરે છે, તથા કૂવા, તળાવ વગેરે બંધાવે છે, દાન આપે છે, તેઓ ધુમાડાના દેવને પામે છે. ત્યાંથી રાત્રિને, ત્યાંથી અંધારિયા (કૃષ્ણપક્ષ)ના દેવને, ત્યાંથી દક્ષિણાયન (છ માસ)ના દેવને પામે છે. પણ ત્યાંથી તેઓ વર્ષના દેવ પાસે જઈ શકતા નથી. દક્ષિણાયનના દેવની પાસેથી તેઓ પિતૃલોકમાં, ત્યાંથી આકાશમાં, ત્યાંથી ચંદ્રલોકમાં જાય છે. જ્યારે એમના પુણ્ય ખલાસ થાય છે ત્યારે એ જે માર્ગે ત્યાં ગયા હોય એ જ માર્ગે ત્યાંથી પાછા વળે છે. એટલે કે ત્યાંથી આકાશમાં આવે છે, ત્યાંથી વાયુ બને છે. પછી ધુમાડો બને છે, તેમાંથી નાની વાદળીઓ બને છે, તેમાંથી વાદળાં બને છે. પછી પૃથ્વી ઉપર વરસે છે, તેમાંથી તેઓ જવ તલ ડાંગર, અડદ વનસ્પતિ અને ઔષધિઓ બનીને પૃથ્વી ઉપર ઊપજે છે. પછી તેઓ ત્યાંથી પોતાની મેળે આગળ વધી શકતા નથી. પણ જે કોઈ એ અન્ન ખાય અને પછી સ્ત્રીસંભોગ કરે, ત્યારે તેના જેવા જ બનીને પુનઃ જન્મે છે.

આ જગતમાં જેમના કર્મો સારાં અને પવિત્ર હોય છે તેઓ ફરીથી ઉચ્ચ જાતિ અને કુળમાં જન્મે છે. પણ જેમનાં કર્મો કૂડાં અને નઠારાં હોય છે તેઓ નિમ્ન જાતિ અને કુળમાં અથવા પશુપક્ષીની યોનિમાં પુનઃ જન્મ ધારણ કરે છે. જે જીવાત્માઓ દેવયાન કે પિતૃયાનના માર્ગે જતા નથી, તેઓ ચાંચડ, માંકડ, મચ્છર વગેરે જીવજંતુઓના અધોમાર્ગે જઈ જન્મ-મરણ પામ્યા જ કરે છે. આ પેલા બે માર્ગ કરતાં ત્રીજી ગતિ છે. આથી જ પરલોક ભરાઈ જતો નથી. આથી આ સંસારની ગતિમાં તો જરા પણ મન લગાડવું નહિ. દેવયાનનો માર્ગ શ્રેયનો માર્ગ છે. એ માણસને જન્મમરણના ફેરામાંથી કાયમી મુક્તિ અપાવનારો છે. પિતૃયાનનો માર્ગ પ્રેયનો માર્ગ છે. એ માણસને ભવફેરામાં નાખે છે. જ્યારે અધોમાર્ગ જીવાત્માને અધમ અવસ્થામાં નાખે છે.

મનુષ્ય (જીવાત્મા) કેવી રીતે જન્મે છે અને મરે છે તથા મરણ પામ્યા પછી એની શી અને કેવી ગતિ થાય છે, તેનું અહીં એ જમાનાની ભાષામાં, એ જમાનાની પદ્ધતિએ વર્ણન થયું છે.

આ વિદ્યામાં, આ સૃષ્ટિમાં કામ કરતી વિરાટ પ્રયોગશાળા (Laboratory)નું વર્ણન છે. મનુષ્યપિંડ અને બ્રહ્માંડમાં પૃથ્વી, જળ, અગ્નિ, વાયુ અને આકાશ એવા પાંચ દ્રવ્યોનું સંયોજન છે. પાંચેય એકમેકને પૂરક અને સહાયક છે. પાંચેયમાં ભૌતિક અને રાસાયણિક તત્ત્વો રહેલાં છે અને એમના સંયોજનને કારણે જ (પંચીકરણને કારણે જ)ની વ્યષ્ટિ અને સૃષ્ટિનો કારોબાર ચાલે છે. આ પાંચેય દ્રવ્યોને પોતપોતાનાં કાર્યો છે, તેમ પારસ્પરિક આંતરિક કાર્યો પણ છે. એ કાર્યો આ પ્રયોગશાળામાં નિરંતર ચાલ્યા કરે છે. તેને આપણે પંચ મહાભૂત કહીએ છીએ. એ પાંચમાંથી બે દ્રવ્યો બહુ અગત્યનાં છે. એ છે અગ્નિ અને જળ. આ પ્રયોગશાળામાં અગ્નિ દ્વારા જળ ઉપર એક રાસાયણિક પ્રક્રિયા થાય છે. સ્વર્ગ, પર્જન્ય, પૃથિવી, પુરુષ અને સ્ત્રી એ પાંચ અસ્તિકાય છે. એ અગ્નિરૂપ છે, કારણ કે એમાં ઊર્જા, ઊર્વરક્તા અને ફળદ્રૂપતા છે. એ અગ્નિઓ વડે રાસાયણિક અને ભૌતિક પ્રક્રિયાથી જળ શુદ્ધ, સૂક્ષ્મ અને સુઘટ્ટ બનતાં, એ પ્રક્રિયાને અંતે પ્રાણયુક્ત જીવાત્માનો જન્મ થાય છે.

વૈજ્ઞાનિક રીતે જોઈએ તો અગ્નિરૂપ સૂર્યના પ્રખર તાપથી પૃથિવી પર રહેલાં જળમાંથી મેઘ (વાદળાં) બને છે. એ વાદળાંઓમાંથી વૃષ્ટિ (વરસાદ) થાય છે. એ કારણે પૃથિવીમાં અન્ન ઉત્પન્ન થાય છે. એ અન્નનો ઉપભોગ કરતાં પુરુષમાં વીર્ય બને છે અને એ રેતસ્‌નું વીર્યરૂપે સ્ત્રીમાં સિંચન થતાં એની કૂખેથી જીવાત્માનું સર્જન થાય

'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.
'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.

છે. જોઈ શકાશે કે આ આખી પ્રક્રિયા વૈજ્ઞાનિક છે અને એમાં આંતરિક સ્તર ઉપર પરસ્પરાવલંબન (Interdependance) છે. જગતમાંની બધી વસ્તુઓ એક બીજા પર આધારિત છે, સાપેક્ષ છે અને છતાં એકમેકને ઉપકારક છે. આ વિરાટ સૃષ્ટિમાં જીવજંતુ, પશુપંખી, વનસ્પતિની સાથે મનુષ્ય છે. આ બધાં એકબીજાંને પૂરક, ઉપકારક અને સહાયક બને છે. સૌને એકમેકની અપેક્ષા છે. જેમકે મનુષ્યસૃષ્ટિ અને વનસ્પતિ સૃષ્ટિ શ્વાચ્છોશ્વાસની પ્રક્રિયા વડે જીવે છે. મનુષ્યને જીવવામાં ઓક્સિજનની જરૂરિયાત છે તેથી તે શ્વાસ લેવામાં ઓક્સિજન પૂરે છે અને ઉચ્છ્‌વાસમાં કાર્બન ડાયોક્સાઈડ બહાર કાઢે છે, તો વૃક્ષો શ્વાસ લેવામાં કાર્બન ડાયોક્સાઈડ ગ્રહણ કરે છે અને ઉચ્છ્‌વાસમાં ઓક્સિજન છોડે છે. તેથી માણસને જોઈતું માણસને મળી રહે છે અને વૃક્ષને જોઈતું વૃક્ષને મળી રહે છે. પશુઓ પૌષ્ટિક દૂધ આપે છે અને શ્રમકાર્યમાં સહાયક બને છે, ભ્રમર અને પતંગિયાઓ તથા મધમાખીઓ વનસ્પતિમાં રજસ્થાપન અને વહન કરી આપે છે અને વૃક્ષવેલાને ફળાઉ બનાવે છે. પંખીઓ પણ ફળનાં બીજનું સ્થળાંતર કરી આપે છે. જીવજંતુઓ જમીનને ક્ષોદનક્ષમ બનાવે છે. માણસ એ સૌનું પાલનપોષણ કરે છે.

જે રીતે આધિભૌતિક જગતમાં કાર્યકારણનો નિયમ કામ કરે છે, તે જ રીતે આધિદૈવિક અને આધ્યાત્મિક જગતમાં પણ એ નિયમ કામ કરે છે. ભૌતિક જગતમાં જેવું કારણ તેવું કાર્ય, જેવાં કર્મો તેવાં તેનાં ફળ, વાવો તેવું લણો. જેમ કારેલાનાં બીજ વાવવાથી કારેલાં જ ઊગે, આંબા નહિ. તેમ આંબાનાં બીજ વાવવાથી આંબા જ ઊગે, કારેલાં નહિ. બરાબર એ જ રીતે મનુષ્યે જગતમાં જે જાતનાં કર્મો કર્યાં હોય તેવાં તેને અનુરૂપ ફળ તેને મળે. સદ્‌કૃત્યો કર્યાં હોય તો એનો સારો બદલો મળે, દુષ્કૃત્યો કર્યાં હોય તો એને અનુરૂપ ફળ મળે. એને જ નૈતિક અને આધ્યાત્મિક જગતમાં કર્મનો સિદ્ધાન્ત કહે છે. મનુષ્ય જીવનમાં નિત્ય, નૈમિત્તિક અને આપાત્‌કાલીન કાર્યો કરે છે. જે એ કર્મો કરવાની એને સ્વતંત્રતા છે, પણ એ કરતી વખતે તેણે સારાસારનો વિવેક વાપરીને એ કરવાં જોઈએ. એટલા માટે તો મનુષ્યને તર્ક, વિચાર અને નિર્ણય કરવાની બુદ્ધિશક્તિ મળેલી છે. કર્મો કર્યા વગર અને કર્મફળ ભોગવ્યા વિના કોઈ જીવન કે મૃત્યુ પામી શકતું નથી, તેમ મુક્તિ કે મોક્ષ પણ પામી શકતું નથી. જેમણે સમજદાર થઈ સભાનપણે સત્કૃત્યો જ કર્યાં હોય તેમને મુક્તિ અને મોક્ષ મળે છે, એમના જન્મમરણના ફેરા અટકી જાય છે. તેને ઋષિઓએ દેવયાન માર્ગે સત્‌લોકમાં ગતિ અને નિવાસ કહીને અહીં ઓળખાવેલ છે અને જેમની સમજદારી તો છે પણ સારાસાર વિવેકનો ઉપયોગ કર્યા વિના જેમણે સારાં-નરસાં બંને જાતનાં કર્મો કર્યાં હોય તેઓ પિતૃયાન માર્ગે સ્વર્ગલોકનું સુખ મેળવી, ફરી સંસારમાં સારા વંશકુશળમાં, સારી જાતિમાં જન્મ લે છે. અને જેઓ જીવનમાં કેવળ દુષ્કૃત્યો કે અધમ કૃત્યો જ કરતાં રહે છે, તેઓ જીવજંતુની સૃષ્ટિમાં જન્મતા અને મરતા રહે છે.

આમ કહેવા પાછળ ઋષિઓના બે આશય છે :

(૧) મનુષ્યનાં કર્મો જ એના જીવનનાં ઉત્પાદક અને નિર્ધારક કારણો છે. મનુષ્યના જન્મ-મરણનું જે ચક્ર સદા ચાલતું રહે છે તે એને કારણે જ ચાલે છે અને એમાંથી જેમને મુક્ત થવું હોય તેમણે કર્મના સનાતન નિયમને યથાર્થરૂપમાં સમજીને એના અનુસાર યથાયોગ્ય કર્મો કરવા જોઈએ.

(૨) આ વિદ્યાનો મર્મ એ છે કે જગતમાં જે કાંઈ બને છે તે કુદરતી કાનૂન (ઋતુ) અનુસાર જ બને છે. એ કાનૂન, એ નિયમને જાણ્યા-સમજ્યા વગર જે જીવન જીવે છે તેને કુદરતના કાનૂન અનુસાર પરિણામ ભોગવવું પડે છે. જન્મ, મૃત્યુ અને જીવન મુક્તિ આકસ્મિક નથી, કુદરતનાં ધારાધોરણ અનુસારની વૈજ્ઞાનિક ઘટનાઓ છે. વ્યષ્ટિ અને સૃષ્ટિમાં બધું જ સાપેક્ષ અને પરસ્પરાવલંબી છે.

✷ ✷ ✷

'કદંબ' બંગલો,
પ્રોફેસર સોસાયટી,
મોટાબજાર,
વલ્લભ વિદ્યાનગર,
ફોન નં. : 02692-233750.
સેલ નં. : 09727333000

## મારું ગીત

*સૂર્યતારાથી સભર આકાશ અને પ્રાણ સભર વિશ્વ*
*આ બધામાં મને સ્થાન મળ્યું*
*એના વિસ્મયથી મારું ગીત જાગી ઊઠ્યું.*
*અસીમકાળના હિલ્લોળામાં*
*ભરતીઓટથી ડોલતું જગત*
*એનો ડોલતો સ્પર્શ મારી ભીતરની નાડીઓને થયો.*
*એમાં વહેતું રક્ત આંદોલિત થયું,*
*વિસ્મયથી મારું ગીત જાગી ઊઠ્યું.*
*વનને મારગ ઘાસ પર ડગલાં માંડું છું*
*અચાનક ફૂલોની સૌરભથી મન ડોલી ઊઠે છે.*
*ચારે પાસ આનંદદાન છવાયેલું જોઈ*
*મારું ગીત વિસ્મયથી જાગી ઊઠ્યું.*
*ચારેપાસ કાન માંડું, આંખો ભરી ભરીનેજોઉં*
*ધરતી પર મારો જીવ ઓવારી જાઉં.*
*આમ જ જાણીતા વચ્ચે અજાણ્યા શોધું,*
*વિસ્મયથી જાગે મારું ગીત.*

**☐ રવીન્દ્રનાથ ટાગોર**
**☐ અનુ. નલિની માડગાવકર**

# ધર્મગ્રંથો અને ધાર્મિક માન્યતાઓનું પુનઃસંકલન

❑ જશવંત મહેતા

*મારા અગાઉના લેખોમાં ગીતા અને કુરાન વિષે ચર્ચા કરી છે. ગીતાના અઢારમા અધ્યાયના જ્ઞાતિ સમર્થનની પુષ્ટિ વિષેની ચર્ચા કરી છે અને ગીતાની રચના ક્યારે થઈ હશે વગેરે તે માટે સ્વામી વિવેકાનંદે પોતાના વિચારો નિખાલસ રીતે પ્રદર્શિત કર્યા છે પણ અમુક ગાથાઓને બાજુએ મુકી દઈએ તો ગીતાનો મોટા ભાગનો ઉપદેશ અને વાંચન નિઃશંક આપણને ઉચ્ચ આધ્યાત્મિક અનુભૂતિ કરાવે છે અને વિવેકાનંદે પોતે ગીતાને એક 'અમૂલ્ય રત્ન' ગણાવ્યું છે તેવી જ રીતે કુરાનના મૂલ્યાંકન માટે અરબસ્તાનમાં મહંમદ સાહેબના સમયમાં જે પરિસ્થિતિ પ્રવર્તતી હતી તે સમજવી જરૂરી છે.પંડિત સુંદરલાલે ''ગીતા અને કુરાન' પુસ્તક જે નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ અને ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ દ્વારા પ્રકાશિત થયું છે તે પ્રમાણે (પૃષ્ઠ ૧૬૦-૧૬૨) (પંડિત સુંદરલાલે આ અવતરણ ધી વિઝડમ ઑફ ધી કુરાન પુસ્તકમાંથી રજૂ કર્યું છે.)*

*'મહંમદ સાહેબના જન્મકાળમાં આરબો નાનામોટા હજારો કબીલાઓ (વાડાઓ)માં વહેંચાયેલા હતા. આ કબીલાઓમાં છાશવારે લડાઈઓ થતી. દરેક કબીલો પોતાને સ્વતંત્ર માનતો હતો. દરેક કબીલાનો એક ઇષ્ટદેવ હતો. કોઈનો દેવ પથ્થરનો, કોઈનો લાકડાનો, તો કોઈનો ગૂંદેલા આટાનો બનાવેલો હતો.*

*કોઈ દેવ નર કે નારી રૂપે હતો; ત્યારે કોઈક દેવની આકૃતિ જાનવરની કે ઝાડની રહેતી અથવા કોઈની સિકલ ન પરખાય એવી હતી. કેટલાક અનેક દેવદેવીઓને પૂજનારા હતા. મોટા ભાગના આરબોમાં 'એક અલ્લાહની કે એક ધર્મની' ભાવના ન હતી. દુશ્મનાવટ ધરાવતા હજારો કબીલાઓનું સંગઠન કરાવી શકાય એવી શક્તિ કોઈનામાં ન હતી. આને પરિણામે દેશના મોટા ભાગ ઉપર જુદી જુદી પ્રજાઓએ પોતાની સત્તા જમાવી રાખી હતી. ઉત્તરમાં રોમના ખ્રિસ્તી શહેનશાહનું, પૂર્વમાં ઈરાનના ખુસરોનું તથા દક્ષિણમાં તથા પશ્ચિમમાં ઈથિયોપિયાના ખ્રિસ્તી બાદશાહનું રાજ્ય હતું. આ પ્રમાણે અરબસ્તાનનો અરધા કરતાં વધારે ભાગ બીજાઓના હાથમાં હતો.*

*દુરાચારની હદ ન હતી; મદિરાપાનથી ઘણાખરા આરબો મરણ પામતા હતા; દારૂ સાથે જુગાર પ્રચલિત હતો. જુગારમાં સ્થાવર તથા જંગમ મિલકત હારી જવા ઉપરાંત પોતાના દેહના સોદા થતા હતા; અને આવી બાજી હારી જતાં ગુલામી સ્વીકારવી પડતી.*

*ગુલામોને જાનવર પેઠે રાખવામાં આવતા હતા; એટલે કે તેમની લેવડદેવડ બજારભાવે થતી હતી. આ વેપાર એટલી હદે થતો હતો કે ધાવણ ધાવતાં બાળકોને માથી અલગ કરવામાં આવતાં હતાં. મા કોઈકને ત્યાં વેચાઈ હોય તો ધાવણ ધાવતો દીકરો કોઈકને ત્યાં. ગુલામને મારી નાખવા માટે સજા થતી નહીં. ગુલામ સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર કરવામાં પાપ મનાતું ન હતું; અને ક્યારેક ક્યારેક આવી સ્ત્રીઓ પાસે વેશ્યાનો ધંધો કરાવી તેનો શેઠ કમાણી કરતો હતો.*

*આરબો પોતાના દુરાચારોનાં વખાણ કરવામાં ગર્વ લેતા હતા.*

*સ્ત્રીઓ પ્રત્યે આરબોનું વર્તન નિંદ્ય જ હતું. સ્ત્રીઓને એકે અધિકાર પ્રાપ્ત ન હતો. પુરુષ ફાવે તેટલાં લગ્નો કરી શકતો અને ફાવે ત્યારે છૂટાછેડા કરી શકતો હતો. અનેક પતિઓનો રિવાજ પણ હતો. અઠવાડિયાના દિવસો અમુક અમુક પતિ માટે મુકરર થયેલા રહેતા. બાપના મરણ પછી એની પત્નીઓ વડા દીકરાની પત્નીઓ મનાતી. જે માની કૂખે વડા દીકરાનો જન્મ થયો હોય, અથવા તો તે સ્ત્રી કે જેનાં ધાવણ તે ધાવ્યો હોય તેનો અપવાદ હતો. આ સિવાયના બીજા સગાઈ સંબંધો બંધનકારક મનાતા ન હતા.*

*કોઈકને પોતાનો જમાઈ બનાવવો એ આરબોને માટે કારી ઘા મનાતો. ક્યારેક ક્યારેક તો છોકરીને જન્મતાં જ અથવા પાંચ-છ વર્ષની થતાં જીવતી દાટી દેવામાં આવતી.*

*જેઓ વેપાર કરતા હતા તેઓમાં વ્યાજ લેવાનો રિવાજ હતો.*

*બહાદુરી, પરોણાગત, ટેક વગેરે કેટલાક સદ્‌ગુણો પણ આરબોમાં હતાં; પણ અવગુણોનું પ્રમાણ વધારે હતું તેથી તેમની સ્થિતિ ડામાડોળ હતી.*

*આવા દેશમાં અને આવા લોકોમાં હજરત મહંમદ સાહેબ તથા કુરાને જન્મ લીધો. કુરાનને સમજવા માટે તે સમયની પરિસ્થિતિ ધ્યાનમાં રાખવી જરૂરી છે.'*

કુરાનની Controversial આયાતોને લક્ષ્યમાં નહિ લેતા (ignore કરતા) મહંમદ સાહેબના ઉપદેશ અને પ્રયત્નોએ ત્રેવીસ વર્ષના તેમના જીવનકાળના સમયમાં નિઃશંક જે રીતનું વાતાવરણ અરબસ્તાનમાં પ્રવર્તતું હતું તેમાં ઘણું મોટું ક્રાંતિકારી કહી શકાય તેવું પરિવર્તન લાવવામાં સફળ થયા. આ ઉપદેશોએ (પૃષ્ઠ ૧૬૨)

*'મદિરાપાન, જુગાર, વ્યાજખોરી, છોકરીઓની હત્યા જેવા આરબોના અનીતિમય રિવાજો તથા દુર્ગુણોને સમૂળગા દૂર કર્યાં; હજારો દેવદેવતાઓને પૂજવાવાળાઓને એક નિરાકાર ઇશ્વર તરફ*

*વાળ્યા; શત્રુતા રાખનાર હજારો કબીલાઓમાં એક પ્રજાની ભાવના પેદા કરી; આરબોના જીવનવ્યવહારમાં શુદ્ધતા આણી તથા તેમનામાં જ્ઞાનનો શોખ જગાડ્યો તથા અરબસ્તાનના જે જે ભાગો પરાધીન હતા તેને તેને સ્વતંત્ર કર્યા તથા આરબોનું પોતાનું રાજ્ય સર્વત્ર અરબસ્તાનમાં કાયમ કરાવ્યું.'*

જેમ ગીતા ખરેખર ક્યારે રચાઈ હશે તે વિષે સ્વામી વિવેકાનંદે ચર્ચા કરી હતી તેમ કુરાનની રચના વિષે પંડિત સુંદરલાલના પુસ્તકમાં નીચે પ્રમાણે વર્ણન છે. (પૃષ્ઠ ૧૫૬-૧૫૭)

*'આ પ્રમાણે ત્રેવીસ વર્ષોમાં કુરાનના જે જે ભાગો જુદે જુદે સમયે પ્રાપ્ત થતા ગયા તે તે મહંમદ સાહેબની આજ્ઞા પ્રમાણે તાડપત્રો, ચામડાના ટુકડા કે લાકડાની પટીઓ કે પથ્થરપાટો પર ઉતારી લેવામાં આવતા હતા. કોઈક એ વાંચવા લઈ જતા; કેટલાકને તે કંઠસ્થ થઈ ગયા હતા. આ તાડપત્રો કે ચર્મપટ્ટીઓ વગેરે એક પેટીમાં જેમ તેમ ખડકી દેવાયાં હતાં. સંગ્રહ વધતો જ ગયો. એમાંના કેટલાક ભાગો મહંમદ સાહેબના સમયમાં જ એમની સૂચના મુજબ જુદી જુદી સૂરાઓ (અધ્યાય)માં સાંકળી લેવાયા હતા.*

*કુરાનમાં કહેવાયું છે – 'અલ્લાહ ચાહે તે આયતને રદ કરી દે છે અથવા લોકોના સ્મરણપટ ઉપરથી ભૂંસી નાખે છે; અને એને બદલે બીજી અથવા તેથી વધારે સુંદર આયત મૂકી દે છે; કારણ કે અલ્લાહ સર્વશક્તિમાન છે.' (૨-૧૦૬)*

*વળી એક ઠેકાણે કુરાનમાં કહેવાયું છે, 'અલ્લાહ એક આયતને બદલે બીજી ગોઠવે છે અને અલ્લાહ જ સર્વ કરતાં વધારે સારી પેઠે સમજે છે કે તે શો સંદેશ કે આદેશ પાઠવે છે.' (૧૬-૧૦૧)*

*આ રીતે મહંમદ સાહેબના જીવતાં સુધીમાં સાઠ આયતો રદ થઈ ગઈ હતી; અને બાકીની બીજી કેટલીક એમના પછી રદ થયેલી મનાવા લાગી.'*

પંડિત સુંદરલાલના પુસ્તકમાં આગળ જણાવ્યું છે કે – (પૃષ્ઠ ૧૫૭)

*'મહંમદ સાહેબ પછીના પહેલા ખલીફા અબુબક્ર સાહેબે પેટીમાં ભરી રાખેલ સર્વ ઉપલબ્ધ ટુકડાઓને તથા કંઠસ્થ ભાગોને મેળવીને પહેલી વાર ૧૧૪ સૂરાઓનો સંગ્રહ તૈયાર કરાવ્યો; અને આ સંગ્રહ મહંમદ સાહેબનાં વિધવા હિફસા પાસે રાખ્યો.*

*પણ આ જુદા જુદા ભાગોની નકલ બીજાઓ પાસે પણ હતી. જેમને જે જે ભાગો મોઢે હતા તેઓએ તે લખી લીધા હતા. આનું પરિણામ એ આવ્યું કે મક્કામાં, મદીનામાં તથા ઈરાકમાં દસપંદર વરસોમાં કેટલાંય કુરાનો અસ્તિત્વમાં આવ્યાં. છેવટે મહંમદ સાહેબ પછી વીસ વરસે ત્રીજા ખલીફા ઉસમાને જે આવૃત્તિ અબુબક્રે તૈયાર કરાવી હતી તેને પ્રમાણભૂત જાહેર કરી અને તેની નકલો સર્વ પ્રાંતોમાં મોકલાવી અને બીજા પ્રકારની નકલો પ્રચારમાં આવી હતી તે પોતા પાસે મંગાવી લીધી અને તેને બાળી દીધી.'*

આજે ઈસ્લામ ધર્મના રૂઢિચુસ્ત મૌલવીઓ અને તેમના અનુયાયીઓ, આજના વિશ્વના દેશો અને મહંમદ સાહેબના સમયના અરબસ્તાનમાં મોટું પરિવર્તન છે તે સદંતર ભૂલી જાય છે અને તે હકીકત સ્વીકારવા તૈયાર નથી. આપણા દરેક ધર્મની કમનસીબી છે કે સમય જતા આપણા મોટાભાગના ધર્મગુરુઓ પરિસ્થિતિના પરિવર્તનને સ્વીકારવા તૈયાર નથી અને ધર્મગ્રંથોના ઉપદેશને આખરી શબ્દ (ઇશ્વરી સંદેશ) માની લે છે.

જે રીતની મૂર્તિપૂજાનો અતિરેક મહંમદ સાહેબના સમયમાં અરબસ્તાનમાં પ્રચલિત હતો તેને લક્ષ્યમાં લઈને મૂર્તિપૂજાને સ્થાને મહંમદ સાહેબે નિરાકાર સ્વરૂપે ભગવાનની બંદગીનો ઉપદેશ કુરાનમાં આપ્યો છે તે સમજી શકાય તેવું છે અને આજે પણ આધ્યાત્મિક રીતે આપણે જ્યારે ઉચ્ચ કક્ષાએ પહોંચીએ છીએ ત્યારે ભગવાનના અસ્તિત્વને નિરાકાર રૂપે સ્મરણ કરવું સરળ રહે છે જેમ કે ગાયત્રી મંત્રના કે બૌદ્ધ ધર્મના મંત્રો કે જૈન ધર્મના (નવકાર) મંત્રોનો ઊંડા રટણથી ભગવાનને કે પરમાત્માને નિરાકાર રૂપે તેના સર્વવ્યાપી અસ્તિત્વને પામવું નિઃશંક સરળ બની રહે છે. પણ મર્તિપૂજાના નિષેધને કુરાનના ઉપદેશનો આખરી સંદેશ ગણી દરેક ધર્મની મૂર્તિ અને મંદિરો (ભગવાન બુદ્ધ કે ભગવાન જીસસ કે ભગવાન કૃષ્ણની હોય)ના ધ્વંસને જેહાદમાં ખપાવી રૂઢિચુસ્ત મૌલવીઓએ આપેલા આદેશનો અમુક મુસ્લિમ રાજ્યકર્તાઓએ અમલમાં મૂકતાં આ આદેશના પાલનનું હિંસામાં અને યુદ્ધના સ્વરૂપમાં પરિવર્તન થઈ ગયું અને અન્ય ધર્મો સાથે ઇસ્લામનું સતત ઘર્ષણ થતું રહ્યું એ એક ઐતિહાસિક સત્ય છે.

બૌદ્ધ ધર્મના પ્રણેતા ભગવાન બુદ્ધ કે ખ્રિસ્તી ધર્મના પ્રણેતા


## ઘર બેઠાં વ્યાખ્યાનોનું શ્રવણ કરો

- ૮૨મી વ્યાખ્યાનમાળાના બધાં જ વ્યાખ્યાનો આપ સંસ્થાની વેબ સાઈટ www.mumbai-jainyuvaksangh.com ઉપર સાંભળી શકશો.
  સંપર્ક : **શ્રી હિતેશ માયાણી**-મો. નં. : 09820347990
- આ વ્યાખ્યાન આપ youtube ઉપર પણ જોઈ સાંભળી શકશો.
  સંપર્ક :**ધવલભાઈ ગાંધી** - 09004848329

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–પર્યુષણ વ્યાખ્યાનમાળા ૨૦૧૬**
**યુટ્યૂબના સૌજન્યદાતા :**
**શ્રી પીયૂષભાઈ શાંતિલાલ કોઠારી**

વ્યાખ્યાનોનો લાભ લેવા જિજ્ઞાસુ આત્માને વિનંતિ.

**–મેનેજર**

ભગવાન જીસસ કે જૈન ધર્મના તીર્થંકર ભગવાન મહાવીર જેઓ નિઃશંક અતિ ઉચ્ચ કક્ષાના મનુષ્ય જન્મ પામેલા આત્માઓ હતા અને તેમના અનુયાયીઓને ભગવાન બુદ્ધની મૂર્તિ કે ભગવાન જીસસની મૂર્તિ કે આપણા જૈન તીર્થંકરની મૂર્તિ સમક્ષ પ્રાર્થના કે પૂજાનો આશય પણ મસ્જિદમાં નિરાકાર સ્વરૂપે ભગવાનની બંદગી કરી તે જ ઉચ્ચ આધ્યાત્મિક કક્ષાએ પહોંચવાના છે તેનો વિચાર માત્ર કર્યા વગર મૂર્તિપૂજા (IDOL WORSHIP)ના નિષેધને ધર્મનું પવિત્ર કાર્યમાં ખપાવી અમુક રૂઢિચુસ્ત મૌલવીઓ પોતાના અનુયાયીઓને ઉપદેશ આપતા રહ્યા અને આ આદેશનું ધર્મના વિકૃત સ્વરૂપમાં પરિવર્તન થઈ ગયું. છેલ્લે અફઘાનિસ્તાનમાં ભગવાન બુદ્ધની પર્વતમાં કંડારાયેલી વિશાળ મૂર્તિઓ કે જે સ્થાપત્યની દૃષ્ટિએ યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ તરીકે ઘોષિત થયેલી તેનો પણ થોડા સમય પહેલા કટ્ટર તાલિબાનોએ ધર્મની પવિત્ર ફરજ (જેહાદ) ગણી ધ્વંસ કરી, જે આ વિકૃત મનોદશાનો અને અસહિષ્ણુતાનો જીવતો જાગતો દાખલો છે. આ તાલિબાનોના ડરથી કહો કે જે પણ હોય કમનસીબે કોઈ ઇસ્લામિક દેશોમાં આ કાર્યને વખોડી કાઢતું નિવેદન પણ બહાર નહોતું પડ્યું.

**ચૌવિહાર**

આજે ચૌવિહાર (રાત્રિ ભોજનનો નિષેધ) શાસ્ત્રની દૃષ્ટિએ જૈન ધર્મ સાથે સાંકળી લેવાયો છે. વીજળીની સૌ પ્રથમ શોધ આજથી લગભગ દોઢસો વર્ષ પહેલાં થઈ હતી અને આપણે ત્યાં પણ છેલ્લા સવાસો વર્ષમાં મોટા શહેરોથી લઈ ૭૦ થી ૮૦ ટકા ગામોમાં પહોંચી ગઈ છે. વીજળીની શોધે માનવ જીવનમાં અદ્‌ભુત ક્રાંતિનું સર્જન કર્યું છે અને આજે વીજળી વગરના જીવનની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. જૈન ધર્મની સાથે સંકળાયેલી કેટલીયે માન્યતાના મૂળમાં પણ અન્ય ધર્મની જેમ અન્ય કારણો પરિભૂત છે એમ મારું અંગત માનવું છે. એક સમયે જ્યારે વીજળીની શોધ નહોતી થઈ ત્યારે રાત્રિ કરતાં દિવસમાં સૂર્ય પ્રકાશમાં રસોઈ કરી અને સૂર્ય પ્રકાશમાં જમી લેવું તે સ્વાસ્થ્યની દૃષ્ટિએ લાભદાયક હતું. રાતના અંધારામાં અન્ય પ્રવૃત્તિઓ જેમ કે વાંચન, લેખન, બહાર નીકળવું વગેરે નિઃશંક મુશ્કેલ હતું. આવા સંજોગોમાં લોકો બને તેટલા વહેલા સૂઈ જઈ સવારે વહેલા ઊઠવું પસંદ કરે એ સ્વાભાવિક હતું. સ્વાસ્થ્યની દૃષ્ટિએ પણ છેલ્લું ભોજન કર્યા પછી બે થી ત્રણ કલાક પછી સુવાની ટેવ આદર્શ ગણી શકાય. રાત્રિના સમયમાં શરીરની સઘળી ક્રિયાઓ મંદ ગતિએ થાય છે અને ખોરાકનું પાચન પણ નિંદ્રાવસ્થામાં મંદ કે સુષુપ્ત થઈ જાય છે અને જમ્યા પછી બે કલાકના સમય પછી રાત્રિની લાંબી નિદ્રા લેવાથી પેટની તકલીફો ઓછી થાય છે તે સ્વાસ્થ્યની દૃષ્ટિએ નિઃશંક લાભદાયક ગણી શકાય. આ કારણ લક્ષ્યમાં લઈને સ્વાસ્થ્યની દૃષ્ટિએ તે સમયે ચૌવિહારનું પાલન હિતકારક હતું અને (ઇસ્લામમાં ભૂંડના માંસનો નિષેધ) તેને ધર્મ જોડે સાંકળી લેવાથી તેનું ચુસ્ત પાલન સામાન્ય જનમાનસ સહેલાઈથી સ્વીકારી લે છે. પણ હાલના સમયમાં વીજળીની શોધ પછી આપણા જનજીવનમાં એટલું પરિવર્તન આવી ગયું છે કે આજે રાત્રે રસોઈ કરવી કે જમવું અને તેને ચુસ્ત રીતે ધરમ સાથે સાંકળી લેવું તેમાં લૉજિકનો (Logic) અભાવ છે. એક સમયે રાત્રે ૮ થી ૯ની વચ્ચે લગભગ સૌ કોઈ નિંદ્રાધીન થઈ જતા. આજે આ સમયગાળો ૧-૩૦ થી ૨ કલાક લંબાઈ ગયો છે. આપણા જૈન ધર્મના મોટાભાગના ધર્મગુરુઓ વીજળીની શોધને અને બદલાતી પરિસ્થિતિને સ્વીકારી નથી શક્યા અને ચૌવિહારના પાલનને ચુસ્ત રીતે જૈન ધર્મનું અંગ બનાવી દીધું છે.

દરેક ધર્મશાસ્ત્રોનો ઉપદેશ એ ધર્મના પ્રણેતાઓ, તે સમયની પરિસ્થિતિ અને સમાજને લક્ષ્યમાં લઈને આપેલ જે તે સમયે નિઃશંક અતિશય હિતકારી હતો અને જેને આ ઉપદેશમાં સનાતન કહી શકાય તેવા અમુક તત્ત્વો જેમ કે સત્ય, ત્યાગ અને બલિદાનની ભાવના, નમ્રતા (અહંકાર અભાવ), દાન, અપરિગ્રહ વગેરે જે લગભગ દરેક ધર્મના પ્રણેતાઓએ તેમના ઉપદેશમાં વત્તે ઓછે અંશે સમાવેશ કર્યો છે તે બદલાતા સમય સાથે આજે પણ હિતકારી છે પણ વૈજ્ઞાનિક સંશોધનોથી અને આપણા જીવનમાં થયેલા પરિવર્તનોને લક્ષ્યમાં લીધા વગર આપણા મોટાભાગના ધર્મગુરુઓ જડતાની જેમ નવા વિચારો કે વાસ્તવિક પરિસ્થિતિ સ્વીકારવા તૈયાર નથી અને સમાજને યોગ્ય માર્ગદર્શન આપવામાં નિષ્ફળ ગયા છે. માનવજાતના કમનસીબે આપણી બદલાતી પરિસ્થિતિમાં પણ ધર્મગ્રંથોના દરેક શબ્દને અને ધાર્મિક માન્યતાઓને જડ રીતે પકડી રાખીએ છીએ અને બદલાતા સમયમાં નવા પરિવર્તન માટેની ચર્ચાને નિખાલસ રીતે કરી સમયાનુસાર નાના એવા પરિવર્તનને પણ સ્વીકારવા તૈયાર નથી અને આવી કોઈ પણ ચર્ચાને ધર્મ કે શાસ્ત્રો વિરુદ્ધની ચર્ચા ગણી આંખ અને કાનને સદંતર બંધ કરી દઈએ છીએ અને આ પરિસ્થિતિ માટે આપણા ધર્મગુરુઓનો ફાળો પણ નાનોસૂનો નથી. આ હકીકત પછી તે ધર્મ હિન્દુ હોય કે ઇસ્લામ હોય કે આપણો જૈન હોય, દરેક ધર્મને વત્તેઓછે અંશે લાગુ પડે છે.

✷ ✷ ✷

'પ્રબુદ્ધ જીવન' કૉર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો

સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો

# શ્રુતરક્ષા અંગે પુત્થયલિહણં : વિચાર-વિનિમય અને વલોણું

☐ બાબુલાલ સરેમલ શાહ

અનંત ઉપકારી પરમકૃપાળુ શ્રી મહાવીર પ્રભુ પાસેથી વિનયવંત ગણધર ભગવંતોએ ત્રિપદી પ્રાપ્ત કરીને દ્વાદશાંગીની રચના કરી... અરિહંત ભગવંતોએ અર્થ દ્વારા વહાવેલી શ્રુતગંગાને ગણધર ભગવંતોએ સૂત્રબદ્ધ કરી. એ જ પરંપરામાં થયેલ પૂર્વધર ભગવંતોએ તથા શ્રુતપ્રભાવક આચાર્ય ભગવંતોએ અનેકવિધ ગ્રંથોના સર્જનો કર્યા.

**શ્રુતરક્ષા : ગઈકાલ અને આજ**

कालो हि दुर्गतिक्रमः। કાળની ગતિને કળી શકાતી નથી. રાજકીય, સામાજિક અને કુદરતી અનેકવિધ ઉલટસુલટમાં પ્રભુનું આ શ્રુતજ્ઞાન સાચવવું મુશ્કેલ બન્યું... શ્રુતસાગર પણ ધીરે ધીરે સૂકાવા લાગ્યો હતો એ સમયે જૈન સંઘને જે સાચા યુગદૃષ્ટા મહાપુરુષ મળ્યા તે હતા શ્રી દેવર્ધિગણિ ક્ષમાશ્રમણ. તેઓએ મતિહીનતાદિ અનેક કારણોને ધ્યાનમાં લઈ ઉપલબ્ધ સર્વ શ્રુત લિપિબદ્ધ કર્યું ને તે વલભી વાચના તરીકે જિનશાસનમાં પ્રચલિત થઈ. અહીં ઉલ્લેખનીય છે કે જૈનાગમોમાં એક અક્ષર પણ લખવા માટે સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રાયશ્ચિત્ત કહ્યું છે. આવો સ્પષ્ટ શાસ્ત્રોમાં ઉલ્લેખ હોવા છતાં જિનશાસનમાં ક્યાંય એમની ટીકા-ટીપ્પણ તો નથી થઈ, પરંતુ તે કાળને અનુલક્ષીને તેમણે લીધેલા નિર્ણયમાં સર્વત્ર તેમની શ્રુતભક્તિ અને દૂરંદેશીપણાના જ દર્શન થયા છે. આ યોગ્ય પગલા દ્વારા જિનશાસનમાં તેઓનું સર્વદા સન્માનનીય સ્થાન રહ્યું છે.

'दुःषम काले जिनबिंब जिनागम् भवियण कुं आधारा'

– ઉપા. યશોવિજયજી.

શ્રુતજ્ઞાન અને તેના કારણરૂપ શાસ્ત્રગ્રંથો થકી જ આ શાસન ૧૮ હજાર વરસ સુધી ચાલવાનું છે. શાસનરક્ષાના અગત્યના કાર્યોમાં શ્રુતરક્ષાનું પણ એક મોખરાનું સ્થાન છે. અને તે માટે જે તે યોગ્ય કાળે લાભાલાભ અને દીર્ઘદર્શિતાથી સમર્થ સંવિગ્ન ગીતાર્થ આચાર્ય ભગવંતો જે નિર્ણય લેતા હોય છે તે શાસ્ત્રના સંદર્ભો કરતા વધુ મહત્ત્વના હોય છે એ ધ્યાનમાં રાખવું જોઈએ.

**જાણી લ્યો કે...**

અહીં એ વાતનું પણ ધ્યાન રાખવું જોઈએ કે લેખનકળા એ દેવર્ધિગણિ ક્ષમાશ્રમણના પણ ઘણા પૂર્વ કાળથી સમાજમાં પ્રચલિત છે. આપણે તો લેખનકળાના આદ્યસર્જક જ પ્રભુ ઋષભદેવને સ્વીકારીએ છીએ. શ્રાવકવર્ગમાં પણ લેખનકળા પરાપૂર્વથી જ હતી. માત્ર શ્રમણ-શ્રમણીઓને લેખનનો નિષેધ હતો. દેવર્ધિગણિ ક્ષમાશ્રમણે જે તે કાળે યોગ્ય વિચારણા કરીને લોકપ્રસિદ્ધ લેખનકળાને અપનાવી શાસ્ત્રને લિપિબદ્ધ કર્યા. તત્કાલીન પ્રાપ્ત લેખનસામગ્રીને અનુરૂપ તાડપત્રો પર ગ્રંથલેખન કરવામાં આવ્યા અને શ્રુતરક્ષાના સમુચિત કાર્યનો વિધિસર ત્યારે પ્રારંભ થયો, અર્થાત્ તેના શ્રીગણેશ મંડાયા.

ત્યારબાદ ૧૧, ૧૨, ૧૩મી સદી પછી લોકવ્યવહારમાં લેખનસામગ્રીમાં તાડપત્રોનું સ્થાન ટકાઉ કાગળોએ લીધું... અને તત્કાલીન લોકપરિસ્થિતિને અનુસરી જે તે કાળના મહાપુરુષોએ શ્રુતરક્ષાના માધ્યમ તરીકે તાડપત્રને સ્થાને કાગળને અપનાવ્યો. માટે જ ૧૩-૧૪મી સદી પછીની ઘણી બધી (૮૦-૯૦ ટકા) પ્રતિઓ કાગળ ઉપર જ છે. આ સમયે નૂતન ગ્રંથોના સર્જનો પણ વધ્યા... આ સર્વ શ્રુતને લખાવવું, ૫-૨૫-૧૦૦ કોપીઓ કરવી આ બધું પણ જરૂરી હોઈ તત્કાલીન ગીતાર્થ મહાપુરુષોએ શ્રાવકના કર્તવ્યોમાં 'पुत्थयलिहणं'ને સ્થાન આપ્યું. તેનાથી પુસ્તક ગ્રંથો લખાવવા બાબતની વિશેષ જાગૃતિ આવી... તેના માહાત્મ્યદર્શક શ્લોકો વગેરેની પણ રચના પણ આ જ કાળમાં થઈ છે... 'पुत्थयलिहणं' બાબત પૂજ્યોની પ્રેરણા અને શ્રાવકોની ઉદારતાને લઈને ૧૮-૧૯ મી સદી સુધી અનેકવિધ ગ્રંથો લખાયા, જે આજે પણ જ્ઞાનભંડારોમાં સચવાયેલા છે.

**વર્તમાનકાળના અજોડ શ્રુતસેવકો**

૧૯મી સદીમાં ઔદ્યોગિક ક્રાંતિ આવી. મુદ્રણયુગના મંડાણ થયા. લોકવ્યવહારમાં મુદ્રણકળા વિસ્તરવા લાગી. જૈનશાસનમાં પ્રાયઃ ભીમસિંહ માણેક તથા હીરાલાલ હંસરાજ નામના શ્રાવકે સૌ પ્રથમ હસ્તલિખિત પરથી સંપાદનો કરીને પુસ્તકો છપાવવા માંડ્યા. કલકત્તાથી પણ બાબુ ધનપતસિંહ નામના શ્રાવકે ગ્રંથો છપાવવાની શરૂઆત કરી. જૂના જ્ઞાનભંડારોમાં આજે પણ તેની કોપીઓ ઉપલબ્ધ થઈ શકે છે. આગમોદ્ધારક શ્રી આનંદસાગરસૂરીશ્વરજી મહારાજ તો અનેકવિધ હસ્તલિખિત ગ્રંથો પરથી સંપાદન કરી કરીને વિવિધ સંસ્થાઓ દ્વારા અનેક આગમગ્રંથોને પ્રકાશિત કરાવીને જૈન સંઘમાં અમર નામના કરી ગયા છે. અને તેઓએ મુદ્રિત કરાવેલ ગ્રંથોમાં પ્રાયઃ ભૂલ જોવા નથી મળતી. પરંતુ એ જ ગ્રંથો અન્ય સંસ્થાઓએ નવેસરથી ડેટા એન્ટ્રી કરાવીને પ્રકાશિત કરાવ્યા છે ત્યારે પ્રુફ ચેકિંગ યોગ્ય રીતે થયેલું જણાતું નથી.

પ. પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજા તથા શ્રુતપ્રભાવક પ. પૂ. શ્રી જંબૂવિજયજી મહારાજાએ તો અનેકવિધ હસ્તલિખિતો પરથી શુદ્ધ પાઠ સંપાદન કરીને જે મુદ્રિત પ્રકાશનો શ્રીસંઘને આપ્યા છે, તેનો તો જોટો જડવો મુશ્કેલ છે. તદુપરાંત અન્ય અનેક મહાત્માઓએ પણ સુંદર સંશોધન-સંપાદન કરી અનેક ગ્રંથો મુદ્રણ કરાવીને પ્રકાશિત કરાવ્યાં છે અને કરાવી રહ્યાં છે. જેટલી અનુમોદના કરીએ એટલી ઓછી છે. સદ્‌ભાગ્યે આજેય એ ઉત્તમ શુદ્ધ શાસ્ત્ર વારસો આપણને ઉપલબ્ધ બની રહે છે.

મુદ્રિત થયેલ ગ્રંથો સરળતાથી ઉપલબ્ધ થવા માંડ્યા. પ્રાચીન

લિપિના પ્રમાણમાં તેનું વાંચન સરળ સુભગ હોઈ મહાત્માઓમાં અભ્યાસ અને સ્વાધ્યાય વધ્યો. સંશોધન-સંપાદનનું સ્તર ઘણું ઊંચું આવ્યું. જે તે કાળે મુદ્રિત થયેલા ગ્રંથો અપ્રાપ્ય બનતા તેના પુનઃ મુદ્રણો થવા લાગ્યા. આ રીતે શ્રુતજ્ઞાન અન્વયે શ્રુતરક્ષાનું પાસુ અધિક અધિક સમૃદ્ધ બનવા માંડ્યું.

**અહીં એક વાત ઉલ્લેખનીય છે કે...**

જૈન શાસ્ત્રગ્રંથો છપાવવા માટે જ મુદ્રણ પદ્ધતિની શોધ થઈ ન હતી. સામાન્ય જનવ્યવહારમાં મુદ્રણકળા પ્રસિદ્ધિ પામતી જતી હતી. તેના કેટલાક મહત્ત્વના લાભો પણ જણાયા અને એટલે તત્કાલીન સંવિગ્ન ગીતાર્થ મહાપુરુષોએ લોકપ્રસિદ્ધ મુદ્રણકળાનો શાસનના હિતમાં યોગ્ય ઉપયોગ કરીને શ્રુતરક્ષા અને શ્રુતસંવર્ધનનું એક મહત્ત્વનું કાર્ય કર્યું.

જગતના વ્યવહારમાં ટેક્નોલોજી ખૂબ ઝડપથી આગળ વધતી હતી. પ્રાચીન હસ્તલિખિત જ્ઞાનભંડારોમાં સચવાયેલ મહત્ત્વની અને જૂજ પ્રમાણમાં ઉપલબ્ધ હસ્તપ્રતોને જો એ ટેક્નોલોજી દ્વારા સાચવી લેવામાં આવે તો મૂળભૂત પ્રતોની સુરક્ષા પણ થઈ જાય અને સંશોધન-સંપાદન પણ વેગવંતુ બને એવા શુભ આશયથી પ. પૂ. ગીતાર્થ ગુરુભગવંતોની પ્રેરણા અને માર્ગદર્શનથી માઈક્રોફિલ્મ અને આગળ વધતા સ્કેનિંગ દ્વારા પણ શ્રુતરક્ષાનું સમયાનુરૂપ અતિ અનુમોદનીય કાર્ય થયું. જે દ્વારા સંશોધન-સંપાદન ક્ષેત્ર વધુ વિકસિત બન્યું. આ પ્રમાણે શ્રુતરક્ષાનો આંશિક ક્રમિક વિકાસ આપણે જોયો.

જે શ્રુતરક્ષા બાબત ઘણી બધી સંસ્થાઓ પોતાની સમજશક્તિ અને માન્યતા અનુસાર કાર્ય કરતી જોવાય છે. અને ત્યારે કેટલાક પ્રશ્નો ઉપસ્થિત થાય છે, જે હવે જોઈએ.

**શંકા અને સમાધાન**

પ્રશ્નઃ 'આપણી મૂળભૂત પરંપરા 'पुत्थयलिहणं' અર્થાત્ પુસ્તકો લખાવવાની છે. છપાવવાની નહિ. શાસ્ત્રોમાં 'पुत्थयलिहणं' નું કર્તવ્ય કહ્યું છે, છપાવવાનું નહિ. એટલે શ્રુતરક્ષા માટે પુસ્તકો લખાવવા જ જોઈએ, છપાવવા નહિ.' એવું કેમ નહિ ?

ઉત્તરઃ આપણી મૂળભૂત પરંપરા 'पुत्थयलिहणं'ની નહિ, પરંતુ એક અક્ષર પણ નહિ લખાવવાની છે, અને આગમ ગ્રંથોમાં તેના સ્પષ્ટ ઉલ્લેખો છે તથા એક અક્ષર લખવાનું પણ પ્રાયશ્ચિત્ત કહ્યું છે. એટલે પરંપરાને જો આગળ કરીએ તો પુસ્તક લખાવવાની વાત જ રહેતી નથી. જો એમ કહો કે જે તે કાળની પરિસ્થિતિને અનુરૂપ તત્કાલીન મહાપુરુષોએ તાડપત્ર અને હસ્તપ્રત લેખન સ્વીકાર્યું, તો એ રીતે જ તો જે તે કાળને અનુલક્ષીને જ સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતોએ પુસ્તકના મુદ્રણને પણ અપનાવ્યું જ છે. એટલે ટૂંકસાર અહીં એટલો જ છે કે જેમ કાળ બદલાય, સંયોગો બદલાય, તેમ શ્રુતરક્ષાના ઉપાયો પણ બદલાય. અને શ્રી સંઘ–શાસનને શાસ્ત્રપાઠોની શુદ્ધિ આદિની અપેક્ષાએ જે ઉપાય યોગ્ય જણાય તેનો સહર્ષ સ્વીકાર થાય એ આપણે સવિસ્તર આગળ જોયું. માટે અહીં પ્રાચીન-અર્વાચીન પરંપરા કે પ્રાચીન પદ્ધતિ એ ગૌણ બને છે, એમ જાણવું જોઈએ.

પ્રશ્નઃ વર્તમાન પદ્ધતિ કરતાં પ્રાચીન પદ્ધતિ અલ્પહિંસક હોવાથી શું છપાવવા કરતાં કાગળ પર જ ગ્રંથો ન લખાવવા જોઈએ ?

ઉત્તરઃ અહીં બે મુદ્દા ધ્યાનમાં રાખવા જેવા છે

૧. છાપકામના મશીનો, વીજળી આદિની જે હિંસા છે તે જૈન આગમાદિ ગ્રંથો છપાવવા માટે જ છે તેવું નથી. કારણ કે દુનિયાના મુદ્રણ વ્યવહાર-છાપકામની અપેક્ષાએ તેનું પ્રમાણ ૦.૦૦૧% જેટલું પણ માંડ હશે... આમાં તો આપણે ઉપલબદ્ધ મુદ્રણ વ્યવસ્થાનો જિનશાસનના હિત પૂરતો ઉપયોગ જ કરીએ છીએ. જ્યારે બીજા પક્ષે વિચાર કરીએ તો ગ્રંથો લખાવવા માટે જે કાગળો વપરાય છે તેમાં તેના ઉત્પાદનનો આશય, પ્રવૃત્તિ... એ બધું જ ૮૦% આ પ્રમાણે ગ્રંથોપયોગી કાગળ પૂરતો જ હોય છે... આ કાગળો અન્ય કોઈ વિશેષ કાર્યમાં કે અન્ય કોઈ ધર્મ-સંપ્રદાયમાં બહુલતાએ વપરાતા હોય એવું પ્રાયઃ કદી જોવામાં આવતું નથી.

૨. પ્રાચીન પદ્ધતિ એટલે અલ્પહિંસક અને અર્વાચીન પદ્ધતિ એટલે અતિહિંસક – એવો કોઈ સનાતન નિયમ તો છે નહિ. હાલ ગ્રંથોના સ્કેનિંગ, ડિજીટલાઈઝેશનમાં ઈલેક્ટ્રિકના વપરાશ સિવાય બીજું કાંઈ વિશેષ જોવાનું નથી જ્યારે ટકાઉ કાગળના ઉત્પાદનની જે સમગ્ર પ્રક્રિયા છે તે તો અહિંસાપ્રેમી શ્રાવકને કંપારી છોડાવી દે તેવી છે. અણગણ પાણીમાં લાંબો સમય કાગળના માવાને કોહવાવાનો વગેરે અનેકવિધ સાવદ્ય હિંસક પ્રવૃત્તિથી કાગળ તૈયાર થાય છે... એટલે પ્રાચીન પદ્ધતિ અને અર્વાચીન પદ્ધતિમાં અલ્પહિંસકતા શેમાં છે એ તો વિવાદાસ્પદ જ રહે છે. જેઓ હાથબનાવટના કાગળને અહિંસક માનતા હોય તેઓએ ફક્ત એક જ વખત આ બનાવટ રૂબરૂ જોઈને આવે તો સાચી પરિસ્થિતિનો ખયાલ આવશે. તથા તેની સી.ડી. પણ હવે તો ઉપલબ્ધ થાય છે. જેવી રીતે રેશમના કીડા દ્વારા રેશમ બનાવવામાં આવે છે અને તે જ જાતની પ્રક્રિયા દ્વારા હાથ બનાવટના કાગળ બનાવવામાં આવે છે.

પ્રશ્નઃ દર બે-ચાર વર્ષે ટેક્નોલોજીનું સંપૂર્ણ સ્વરૂપ ફરી જાય છે... જ્યારે કાગળ તો ૮૦૦-૧૦૦૦ વર્ષ સુધી ટકવાના હોય છે, માટે શાસ્ત્ર લેખનનો જ વિકલ્પ શ્રેષ્ઠ કેમ ન કહી શકાય ?

ઉત્તરઃ વાત સાચી છે... ટેક્નોલોજી દર બે-ત્રણ વર્ષે ફરી જાય છે. જૂની માઈક્રોફિલ્મો આજે ચાલતી નથી. એના ઉપાયરૂપે એ સમયના બદલાતા પ્રવાહને અનુરૂપ સ્કેનિંગ કરેલ માહિતીઓ નવા નવા ફોર્મેટમાં ટ્રાન્સફર કરી દેવી જોઈએ... તથા એ માહિતીની ટકાઉ કાગળો પર પ્રિન્ટ કાઢી લેવી જોઈએ. હાલમાં એક સંસ્થા દ્વારા આ રીતે પ્રાચીન હસ્તપ્રતોની અર્વાચીન મુદ્રિત આગમાદિ ગ્રંથોની ૮૦૦-૧૦૦૦ વર્ષે

ટકાઉ રહે તેવા કાગળો પર પ્રિન્ટ તૈયાર કરાય છે. તેમાં વિશિષ્ટ શાહી વાપરવામાં આવે છે... અને આ રીતે સેંકડો વર્ષ સુધીનું શ્રુતરક્ષાનું એક ભગીરથ કાર્ય સંસ્થા દ્વારા ચાલી રહ્યું છે.

એ સિવાયના કાગળો, કે જેની આવરદા ૮૦-૧૦૦ વર્ષની હોય, તેના પર છપાયેલા ગ્રંથો ૮૦-૧૦૦ વર્ષે જીર્ણ થવા આવે ત્યારે તેને પુનર્મુદ્રણ કરીને સાચવી લેવા જોઈએ. પુનર્મુદ્રણ એટલે મુદ્રિત ગ્રંથને સ્કેનિંગ કરીને મુદ્રણ કરાવવું. જો નવેસરથી કંપોઝ કરીએ તો ચીવટપૂર્વક પ્રુફ ચેકિંગ કરવું જરૂરી બને છે. નહીંતર નવા પ્રિન્ટિંગમાં પણ સંખ્યાબંધ ભૂલો રહેવાની શક્યતા છે. ૮૦-૧૦૦ વર્ષ પૂર્વે પ્રકાશિત અને હાલ અપ્રાપ્ય એવા ૪૦૦થી અધિક ગ્રંથો શ્રી જિનશાસન આરાધના ટ્રસ્ટ દ્વારા પુનર્મુદ્રિત થયા છે. તેમજ શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર દ્વારા ૧૫૦ થી વધુ ગ્રંથોની નકલો ઉપલબ્ધ કરાવવામાં આવી છે તથા અન્ય સંસ્થાઓ દ્વારા પણ આ પદ્ધતિના કાર્યો થયા છે... અને થઈ રહ્યા છે.

**'पुत्थयलिहणं' માં વર્તમાનકાળે સર્જાતી કેટલીક સમસ્યાઓ**

૧. હસ્તલેખન કરતા લહિયાના ફક્ત અક્ષર સારા હોવાથી તેની પાસે હસ્તલેખન કરાવાય છે. પરંતુ તેઓને સંસ્કૃત-પ્રાકૃત-વ્યાકરણના નિયમોનું જ્ઞાન ન હોવાથી, કાના-માત્રા-મીંડાની ગોઠવણ ક્યારેક ક્યારેક યોગ્ય રીતે ન થવાથી પાઠની અશુદ્ધિઓ થતી રહે છે. લહિયાઓને પ્રતિ શ્લોક કે પ્રતિ પેજના હિસાબે મહેનતાણું મળતું હોવાથી થોડા સમયમાં પણ ઘણું બધું ઝડપી લખવાના લોભમાં ન જાણે કેટલીયે અશુદ્ધિઓ કરતા હોય છે. હસ્તલેખનમાં લહિયાઓની ભૂલોને લીધે થયેલ શાસ્ત્રીય ગરબડો અંગે પૂ. આગમપ્રભાકર પુણ્યવિજયજી મ. સા.ના અભિવાદન ગ્રંથનું લખાણ વાંચવા યોગ્ય છે.

***'લેખનની પ્રાચીન પરંપરા કરતાં પણ શાસ્ત્રપાઠોની શુદ્ધિનું મહત્ત્વ અનેક અનેકગણું છે. એ ક્યારેય ભૂલવું જોઈએ નહિ.'***
**–પૂ. પુણ્યવિજયજી મ. સા.**

૨. **તટસ્થપણે વિચારો તો હસ્તલેખનમાં ઉલ્ટી ગંગા વહેતી દેખાશે.** કારણ કે (૧) આગમપ્રજ્ઞ જંબૂવિજયજી પૂ. આગમપ્રભાકર પુણ્યવિજયજી મ. સા.ના સંનિષ્ઠ શ્રુતસેવકોએ અનેકવિધ પ્રાચીન હસ્તલિખિત પ્રત જોઈ તેમાંથી મહત્ત્વની પ્રતોને આધારે પાઠભેદો નોંધવાપૂર્વક શાસ્ત્ર-પદાર્થ અત્યંત સંગત બને તે રીતે શુદ્ધ સંપાદનો જે કર્યા હોય તેના આધારે જે હસ્તલેખન કરાવાય છે એમાં લહિયાઓની ભૂલો ભળે એટલે શુદ્ધ ગ્રંથ એટલો અશુદ્ધ થાય છે. (૨) અનેક લહિયાઓ જુદા જુદા અનેક સ્થાને ભૂલો કરે એટલે શ્રી આચારાંગ જેવા એક જ ગ્રંથમાં અનેક નવા પાઠાંતરો અને પાઠભેદો ઊભા થાય. આજ સુધી જૈન સંઘમાં પાઠભેદને લઈને માથુરી અને વલભી વાંચના જ પ્રસિદ્ધ છે. ભવિષ્યની પેઢીને આ પાઠભેદોથી સર્જાતી કોણ જાણે કેટલી નવી (?) વાંચનાઓ મળશે! એ પણ વિચારણીય છે.

એના કરતાં છાપકામમાં એક ફાયદો એ છે કે જે શુદ્ધ છે એ શુદ્ધ સ્વરૂપે જ જળવાયેલું રહે છે. એક સાથે ૫૦૦-૧૦૦૦ કોપીમાં એમાં ક્યાંક અશુદ્ધિ રહી હોય તો પ્રાચીન હસ્તપ્રતોને આધારે પછી તેટલી અશુદ્ધિનું જ સંમાર્જન કરવાનું રહે છે... શેષ ગ્રંથ શુદ્ધ જ ઉપલબ્ધ રહેશે. અહીં એ પણ ધ્યાન રાખવું કે **હસ્તલેખન એ હાલમાં છપાયેલ ગ્રંથ આધારે જ થાય છે. એટલે મુદ્રિત પ્રતની અશુદ્ધિઓ તો એમાં આવવાની જ. ઉપરાંત એમાં લહિયાઓની અશુદ્ધિ ભળે છે.**

૩. વર્તમાનકાળમાં લેખન માટે દ્રવ્યની શુદ્ધિ પણ એટલી જ મહત્ત્વની છે. એક અત્યંત પ્રતિષ્ઠિત સંસ્થા દ્વારા ગઈ સાલ (વિ. સં. ૨૦૬૭)માં જ ભારે કાગળો પર ઘણી કિંમતે લખાવાયેલી એક પ્રત અમારી પાસે છે. જેને એક ચોમાસું પણ માંડ વીત્યું છે, એ પહેલા જ પ્રતના પાનાઓ બધા શાહીથી ચોંટી ગયા છે. એને મુશ્કેલીથી ઉખાડતા એક પાનાના લખાણની છાપ બીજા પાને પડી જાય છે. આ રીતે લખાણ માટે ખર્ચેલા જ્ઞાનદ્રવ્યના લાખો-કરોડો રૂપિયા એ શું જ્ઞાનદ્રવ્યનો દુર્વ્યય ન કહેવાય?

૪. કેટલીકવાર એવું પણ જોવામાં આવ્યું છે કે ગુજરાતી પુસ્તકના પણ હસ્તલેખન થાય છે. આગળ વધીને નવસ્મરણ વગેરેના પણ હસ્તલેખન કરાય છે, કે જેના આજે હજારો પુસ્તકો ઉપલબ્ધ જ છે. સેંકડો વર્ષોથી અખંડિત મળી આવ્યું છે ને એ કંઈ નાશ પામી જાય એવું સાહિત્ય નથી. એટલે ક્યા ગ્રંથના હસ્તલેખન કરાવવા, કોની પ્રધાનતા કરવી એ પણ બહુ સમજની વાત છે.

૫. હસ્તલિખિત કરાવાતા ગ્રંથો ચેક કરાવવાની વધુ આવશ્યકતા છે. એ કામ કાં ગુરુભગવંત કરી શકે કાં પંડિતો. આગમગ્રંથો ચેક કરવામાં માત્ર કાના-માત્રા ને મીંડા ચેક કરવાના નથી હોતા પણ પદાર્થો પણ સાથે મેળવવાના હોય છે. અલ્પવિરામ-પૂર્ણવિરામના યોગ્ય સ્થાનો પણ મેળવવાના હોય છે... એટલે ગમે તે ગુરુભગવંતને બદલે જે તે વિષયના જ્ઞાની ગુરુભગવંત એ ચેક કરે એવી વ્યવસ્થા હોવી જ જોઈએ. હવે, વિચારો કે આજે ક્યા ગ્રુપમાં કેટલા સાધુઓ આ રીતે હસ્તલિખિત ગ્રંથો ચેક કરવાવાળા મળે! જેઓ ચેક કરી શકે તેમ હોય તેવા જ્ઞાની ગુરુભગવંતો પોતાનો અમૂલ્ય સમય ચેક કરવામાં આપે કે નૂતન શ્રુતોપાર્જનમાં કે સ્વ અભ્યાસમાં આપે એ વાસ્તવિક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. કદાચ શ્રુત-ભક્તિથી પ્રેરાઈને પોતાનો સમય ચેકિંગમાં આપશે તો પણ કેટલા ગ્રંથો ચેક કરશે? અને તેનો ઉત્સાહ ક્યાં સુધી ટકશે?

પગારદાર પંડિતો એ ચેક કરી અશુદ્ધિઓ નોંધે એ કાર્ય પણ વિચારણીય છે. તેઓને પદાર્થની કોઈ સમજણ ન જ હોવાથી માત્ર અક્ષરે અક્ષર મેળવે છે. એમાં પણ અમારા અનુભવ પ્રમાણે પ્રાયઃ ઘણું કરીને તો વધુ વેતન મેળવવાના લોભમાં ઝડપથી કે ઉપર-ઉપરથી જ જોતા હોય છે એટલે તેમણે ચેક કરેલ ગ્રંથો પણ પ્રાયઃ વિચારણીય જ જાણવા જોઈએ.

૬. વાસ્તવિક પરિસ્થિતિ વિચારો તો લહિયો જે ગ્રંથ લખી લાવે તે પંડિતને મોકલવો. પંડિત તેની અશુદ્ધિઓનું લિસ્ટ આપે, ફરી લહિયા પાસે મૂળ પ્રતમાં તે અશુદ્ધિઓ સુધરાવવી, ફરી સુધારેલી અશુદ્ધિઓ ચેક કરવી... આ બધી ઘણી લાંબી પ્રોસેસ હોય છે અને તે અતિશય ધીરજ માગી લે છે... આજના ફાસ્ટ યુગમાં જેને વિશાળ પાયે શ્રુત લેખનના કાર્ય કરવા હોય ત્યાં આ બધું કેટલું અને કેવી રીતે સચવાય એ પણ શાંત ચિત્તે બેસીને વિચારવું જોઈએ.

**કહેવાનો સાર એટલો જ કે...**

આવા અનેક મુદ્દાઓને અનુલક્ષીને વર્તમાનકાળે 'શ્રુતલેખન દ્વારા શ્રુતરક્ષા' એ એક વિચારણીય મુદ્દો બની રહે છે. ટકાઉ કાગળના ઉત્પાદનથી માંડીને શ્રુતલેખન માટે લહિયાઓ તૈયાર કરવા, તેઓ દ્વારા ગ્રંથો લખાવવામાં આજે લાખો-કરોડો રૂપિયાના જ્ઞાનદ્રવ્યનો વપરાશ થાય છે. લહિયાઓ દ્વારા શુદ્ધિપૂર્વક-ધીરજપૂર્વક શાંતચિત્તે ગ્રંથ લખાય અને વિશિષ્ટ જ્ઞાની ગુરુભગવંત દ્વારા તેનું આદિથી અંત સુધી વ્યવસ્થિત ચેકિંગ થાય, પ્રતની વ્યાકરણ તથા પદાર્થની પ્રત્યેક અશુદ્ધિઓનું ચીવટપૂર્વક સંમાર્જન થાય અને આ રીતે જો ગ્રંથનિર્માણ થતા હોય તો તે આદરણીય ગણાય. પરંતુ આગળ જણાવેલ મુદ્દાઓને આધારે તે કેટલા અંશે શક્ય બની રહેશે એ દીર્ઘ અનુભવને આધારે વિચારણા માગે છે. એટલે માત્ર 'શ્રુતલેખન દ્વારા શ્રુતરક્ષા'ના નામથી જ વિપુલ જ્ઞાનદ્રવ્યના વપરાશ પર કદાગ્રહમુક્ત થઈને વિવેકપૂર્વક વિચારણા કરવી જોઈએ. ✷ ✷ ✷


## પુસ્તક મનુષ્યનો શ્રેષ્ઠ મિત્ર છે. ખરીદો, આપો અને સહુમાં વહેંચો

**રૂા. એક હજારના પુસ્તકો ખરીદનારને રૂા. ૫૦૦નું ડિસ્કાઉન્ટ, એટલે રૂા. ૫૦૦માં રૂા. ૧૦૦૦ના પુસ્તકો**

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના પ્રકાશનો**

| ક્રમ | પુસ્તકના નામ | કિંમત રૂા. |
|---|---|---|
| | **ડૉ. રમણલાલ ચી. શાહ લિખિત અને સંપાદિત ગ્રંથો** | |
| ૧ | જૈન ધર્મ દર્શન | ૨૨૦ |
| ૨ | જૈન આચાર દર્શન | ૨૪૦ |
| ૩ | ચરિત્ર દર્શન | ૨૨૦ |
| ૪ | સાહિત્ય દર્શન | ૩૨૦ |
| ૫ | પ્રવાસ દર્શન | ૨૬૦ |
| ૬ | શ્રુત ઉપાસક ડૉ. રમણભાઈ શાહ | ૩૨૦ |
| ૭ | જ્ઞાનસાર | ૧૦૦ |
| ૮ | જિન વચન | ૨૫૦ |
| ૯ | જિન તત્ત્વ ભાગ-૧ થી ૯ | ૫૪૦ |
| ૧૦ | વંદનીય હૃદયસ્પર્શ ભા. ૩ | ૫૦ |
| ૧૧ | વંદનીય હૃદયસ્પર્શ (ઓલીવ) | ૨૫૦ |
| ૧૨ | પાસપોર્ટની પાંખે ભાગ–૧થી૩ | ૫૦૦ |
| ૧૩ | સાંપ્રત સહચિંતન ભાગ-૧૬ | ૧૮૦ |
| | **પ્રો. તારાબહેન ર. શાહ લિખિત** | |
| ૧૪. | આપણા તીર્થંકરો | ૧૦૦ |
| ૧૫. | સંસ્કૃત નાટકોની કથા ભા. ૧. | ૧૦૦ |
| | **ડૉ. કલાબહેન શાહ લિખિત** | |
| ૧૬. | ચંદ્ર રાજાનો રાસ | ૧૦૦ |
| | **ડૉ. રશ્મિ ભેદા લિખિત** | |
| ૧૭. | અમૃત યોગનું, પ્રાપ્તિ મોક્ષની | ૨૫૦ |
| ૧૮. | ઊગ્યો મુક્તિનો અરુણોદય સમ્યગ્દર્શન | ૨૦૦ |
| | **ડૉ. ફાલ્ગુની ઝવેરી લિખિત** | |
| ૧૯. | જૈન પૂજા સાહિત્ય | ૧૬૦ |
| | **ડૉ. રેખા વોરા લિખિત** | |
| ૨૦. | આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ | ૨૮૦ |
| | **ડૉ. રમેશભાઈ લાલન લિખિત** | |
| ૨૧. | જૈન દંડ નીતિ | ૨૮૦ |
| | **સુરેશ ગાલા લિખિત** | |
| ૨૨. | મરમનો મલક | ૨૫૦ |
| ૨૩. | નવપદની ઓળી | ૫૦ |
| ૨૪. | ભગવદ ગીતા અને જૈન ધર્મ | ૧૫૦ |
| | **ઈલા દીપક મહેતા સંપાદિત** | |
| ૨૫. | **સંવત્સરી પ્રતિક્રમણ વિધિ સહિત** મૂળ સૂત્રનો ગુજરાતી-અંગ્રેજી-હિંદી ભાવાનુવાદ | ૩૫૦ |
| | **ડૉ. કે. બી. શાહ લિખિત** | |
| ૨૬. | જૈન કથા વિશ્વ | ૨૦૦ |
| | **ડૉ. કલાબેન શાહ સંપાદિત ડૉ. ધનવંત શાહ લિખિત** | |
| ૨૭. | વિચાર મંથન | ૧૮૦ |
| ૨૮. | વિચાર નવનીત | ૧૮૦ |
| | **આચાર્યશ્રી વાત્સલ્યદીપ સૂરિકૃત** | |
| ૨૯. | જૈન ધર્મ | ૭૦ |
| ૩૦. | ભગવાન મહાવીરની આગમવાણી | ૪૦ |
| ૩૧. | જૈન સજ્ઝાય અને મર્મ | ૭૦ |
| ૩૨. | પ્રભાવના | ૧૨ |
| ૩૩. | સુખ તમારી પ્રતિક્ષા કરે છે | ૩૯ |
| ૩૪. | મેરુથીયે મોટા | ૧૦૦ |
| ૩૫. | JAIN DHARMA | ૧૦૦ |
| | **ડૉ. કુમારપાળ દેસાઈ કૃત** | |
| ૩૬. | અંગ્રેજી ભાષામાં જૈનીઝમ : કોસ્મિક વિઝન | ૩૦૦ |
| ૩૭. | શ્રી જૈન મહાવીર ગીતા એક દર્શન | ૩૫૦ |
| | **ગીતા જૈન લિખિત રમજાન હસણિયા સંપાદિત** | |
| ૩૮. | રવમાં નીરવતા | ૧૨૫ |
| | **પુષ્પાબેન ચંદ્રકાંત પરીખ સંપાદિત** | |
| ૩૯. | પંથે પંથે પાથેય | ૧૨૫ |

**ઉપરના બધા પુસ્તકો સંઘની ઑફિસે મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટે.નં.૨૩૮૨૦૨૯૬.**

રૂપિયા અમારી બેંકમાં–બેંક ઑફ ઈન્ડિયા-કરંટ એકાઉન્ટ નં.૦૦૩૯૨૦૧૦૦૦૦૨૦૨૬૦ માં જમા કરી શકો છો. IFSC:BKID0000039

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪. ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬**

# પરમ તત્ત્વને પામવાનું કેન્દ્ર બિંદુ અંતરમન

❑ તત્ત્વચિંતક વી. પટેલ

કોઈ પણ પ્રકારની સાધના પછી તે ભક્તિ હોય, જ્ઞાન હોય, કર્મ હોય કે યોગ હોય કે બીજી કોઈ પણ પ્રકારની સાધના હોય તો તેમનું કેન્દ્ર બિંદુ અંતરમન જ છે એટલે કે સાધકે પોતાની બહિર્મુખતા છોડી અંતર્મુખતામાં સ્થિર થવું પડે છે, તો જ સિદ્ધિ હાથવગી થાય છે, આ પાયાનો સિદ્ધાંત છે. આ પાયા ઉપર જ આધ્યાત્મ સાધના ઊભી છે.

આપણે સૌ જાણીએ છીએ કે મનને જીતવું ઘણું બધું કઠિન છે. મન પવન જેવું ચંચળ છે. પવન જેમ વહાણને ગમે ત્યાં લઈ જાય તેમ મન આપણને ગમે ત્યાં અથડાવી મારે છે, તે હકીકત છે. આવા ચંચળ મનને કાબુમાં લેવા માટે બે વસ્તુની આવશ્યકતા છે. એક છે વૈરાગ્ય અને બીજું છે અભ્યાસ. જો આપણા જીવન સંગ્રામમાં વૈરાગ્યમાં સ્થિર થઈએ એટલે કે આપણા ભાવોમાં ફેરફાર કરીએ, સ્વાર્થ આસક્તિમાંથી ધીરે ધીરે બહાર નીકળીએ અને અનાસક્ત ભાવમાં સ્થિર થઈએ, સાક્ષીભાવનો સ્વીકાર કરીએ, સમતા ધારણ કરીએ અને ધ્યાનનો નિયમિત અભ્યાસ કરીએ તો ધીરે ધીરે મન સ્થિર થાય છે, એકાગ્ર બને છે. આ રીતે ધ્યાનથી જ મન જીતી શકાય છે અને મન મિત્ર બની જાય છે. આપણી આજ્ઞામાં આવી જાય છે. આમ મન સાથે સમજણપૂર્વક કામ લેવું પડે છે. સમજણથી જ તે સમજી જતું હોય છે, તે મનની ખાસિયત છે. આમાં કોઈનું જોર ચાલતું જ નથી. ધૈર્ય ધરીને પૂરી શ્રદ્ધા સાથે વિવેકને સાથે રાખીને મન સાથે કામ લેવું પડે છે. મન જીવનમાં બંધનનું કારણ છે અને મન જ મોક્ષ સુધી પહોંચાડે છે. આમ મનને સાધવું એજ મુક્તિ છે...

આમ જોવા જઈએ તો મન જેવો કોઈ મિત્ર નથી. બહારનું જે કાંઈ દૃશ્ય જગત છે, પરિવાર છે, સમાજ છે, રાષ્ટ્ર છે, વ્યાપાર છે, વૈભવ છે, ઐશ્વર્ય છે – આ બધું મન દ્વારા જ પ્રાપ્ત થાય છે. બુદ્ધ ભગવાને ઠીક જ કહ્યું છે કે બધા જ ધર્મો, બધી જ વૃત્તિઓ અને બધા જ સંસ્કારો પહેલાં મનમાં જ જન્મ લે છે, અને પછી વિકસે છે. આમ જીવનમાં મન જ મુખ્ય છે. એટલે મન જ બ્રહ્મ છે.

આચાર્ય શંકર ભારતીય ચિંતનમાં અગ્રેસર ચિંતક છે. તેમણે કહ્યું કે બ્રહ્મ સત્ય છે ને જગત મિથ્યા છે, એટલે કહેવાય છે કે – બ્રહ્મ સત્ય જગત મિથ્યા – એ સૂત્રને ધ્યાનમાં રાખીને કહી શકાય કે મન સત્ય છે ને જગત માયા છે, કારણ કે, જ્યારે આ જગતમાં આવ્યા ત્યારે ખાલી હાથે આવ્યા હતા અને જઈશું ત્યારે પણ ખાલી હાથે જ જવાના છીએ. જે કાંઈ આપણી સમક્ષ દેખાય છે, તેમાંનું કશું જ આપણું હતું જ નહીં, અને છે પણ નહીં, ને કદી થવાનું પણ નહીં અને હોઈ શકે પણ નહીં. આમ છતાં મારું મારું કરીયે છીએ એ જ મોટું અજ્ઞાન છે, જેને કારણે દુઃખી છીએ. બીજું કોઈ કારણ જ નથી. પરમાત્મા કે કોઈ દેવ-દેવીઓ દુઃખ આપવા નવરું જ નથી. એ આપણો ખોટો ભ્રમ છે. અને ભાગ્ય જેવી કોઈ જગતમાં ચીજ નથી ને તેનું અસ્તિત્વ જ નથી ત્યાં દુઃખ આપવા આવે ક્યાંથી એ પણ સમજી લ્યો! આવા કોઈ જાતના ચક્રમાં ફસાવ નહીં. માત્ર ને માત્ર આપણા કારણે જ આપણે દુઃખી છીએ. આ જગતમાં કોઈ કોઈને દુઃખી કરી શકતું જ નથી કે સુખ પ્રદાન કરી શકતું જ નથી. આવી કોઈનામાં તાકાત જ નથી...

જે કાંઈ સભ્યતા, સંસ્કૃતિનો વિકાસ આજે થયો છે, ધર્મ અને દર્શનનું જે ચિંતન થયું છે, અધ્યાત્મ અને વિજ્ઞાનનું જે કાંઈ સંશોધન થયું છે, જે કાંઈ ગહનમાં ગહન ચિંતન-મનન અને નિદિધ્યાસન જગતમાં થયું છે, નવી નવી શોધો થઈ છે, તે બધાનું જન્મ સ્થળ તો માણસનું મન જ છે. મનની સૃષ્ટિથી જ માણસ ચિંતન અને મનન કરે છે. આમ સૃષ્ટિનું જે કાંઈ નિર્માણ થયું છે, તે મનને કારણે જ થયું છે; એટલે મન બ્રહ્મ છે અને જગત તેની માયા છે.

મન આ જગતમાં માણસનો પરમ સાથીદાર છે, પરમ મિત્ર છે, ને પરમ શક્તિદાયક પણ છે અને પાછું પરમ દુશ્મન પણ છે, એ વાત બરાબર સમજી લેવા જેવી છે. જો તટસ્થપણે વિચારીએ તો મન એ સાદો શત્રુ નથી પણ ભયંકરમાં ભયંકર શત્રુ પણ છે, એ પણ એટલું જ સત્ય છે. જો મન ખરાબ વિચારે તો જેલ ભેગા કરે છે, ને સારું વિચારે તો સિંહાસન પર પણ બેસાડે છે તેની તાકાત. આમ મન જ તાકાતવાન છે, તેની તાકાત ઉપર જ આખી સૃષ્ટિની રમત ચાલે છે. તે આપણે જોઈ શકીએ છીએ, ને અનુભવી પણ શકીએ છીએ. આવા મનને સાધવું એ જ જીવનની સિદ્ધિ છે, આ માટે આ જગતમાં બે જ માર્ગ છે – એક છે વૈરાગ્ય અને બીજો છે નિરંતર અભ્યાસ.

વૈરાગ્ય એટલે ઘરબાર છોડી ને બૈરા-છોકરાને, મા-બાપને રેઢા મૂકી દેવા તે વૈરાગ્ય નથી. એ તો માત્ર ને માત્ર દંભ જ છે કારણ કે ત્યાં પણ તેઓ આસક્તિથી મુક્તિ પ્રાપ્ત કરતા નથી, તે આપણે જોઈ શકીએ છીએ. તેઓ મોટા આસક્ત હોય છે. તેઓ ત્યાં પોતાના ધર્મમાં, પોતાની લંગોટીમાં, પોતાના શિષ્યોમાં, પોતાના આશ્રમોમાં, પોતાના મંદિરોમાં ભયંકરમાં ભયંકર રીતે આસક્ત હોય છે, જેથી તેઓ પણ જીવનની શાંતિનો અહેસાસ કરી શકતા નથી. આ સાચો વૈરાગ્ય નથી, પણ સમાજ સાથે બનાવટ છે. આવા માણસો જ્ઞાન પીરસવા નીકળી પડે છે, જે જ્ઞાનની મોટી મોટી વાતો કરીને પૈસા ભેગા કરવાનું જ કામ કરે છે. તેઓએ પણ જ્ઞાન

પ્રાપ્ત કર્યું હોતું નથી. જો જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય તો તેનામાં આંતરિક શાંતિ હોય. તેઓ કોઈ જાતનું અસત્ય બોલે જ નહીં. સત્યને આધારે ચાલતા હોય તેઓ પૈસાથી મોહિત થાય નહીં. પૂરેપૂરી સ્થિતપ્રજ્ઞતા પ્રાપ્ત કરી હોય. પણ આવું આજે કોઈમાં જોવા મળતું જ નથી. લાખો માણસોને ભેગા કરી પોતાના અહંકારને પોષે છે. જ્યાં અહંકાર આવ્યો ત્યાં શાંતિ હાજર હોઈ શકે જ નહીં. વૈરાગ્ય પણ હોઈ શકે જ નહીં. આવા બધા કેવા દંભી હોય છે, તેનો નમુનો આ છે. કથામાં જાહેર કરે કે હું પૈસા લેતો જ નથી પણ કથા માગવા જાવ તો ખબર પડે. તેઓ કહે કે તમો મારા ચેલાને મળો તેઓ તારીખ આપશે તેની પાસે બધી જ માહિતી હોય છે. ચેલાને મળીએ એટલે તરત જ કહે કેટલા પૈસા આપશો. પહેલા અમારી સંસ્થાને પૈસા આપો પછી કથાની તારીખ આપીએ. આ છે કથાકારોનો પૈસા પડાવવાનો વ્યવસ્થિત ચાલતો ધંધો. જાહેરમાં કાંઈ કહેવું ને પાછળથી કાંઈ વર્તવું તે જ જૂઠ છે. અસત્ય છે. અસત્યની જ્યાં હાજરી હોય ત્યાં પરમાત્મા હાજર હોઈ શકે જ નહીં. જ્ઞાનને અને પૈસાને બહુ મોટું વેર છે. બંને કદી સાથે રહે જ નહીં. આજના કોઈ કથાકારોમાં, બાવાઓમાં, સાધુઓ વગેરેમાં જ્ઞાન જોવા મળતું નથી તે હકીકત છે. જ્યાં જ્ઞાન હોય ત્યાં અહંકાર ગાયબ હોય છે, એટલે માણસો ભેગા કરવાની આસક્તિ હોઈ શકે જ નહીં ને પૈસા પાછળ દોટ હોઈ શકે જ નહીં તે બરાબર સમજી જ લો.

જ્ઞાન કદી કોઈને કોઈ આપી શકે જ નહીં. તે તો માણસે પોતાની અંદરથી જ શોધવાનું હોય છે, ને અંદર જ ભરેલું પડ્યું છે તે પ્રાપ્ત કરવા માટે માણસે સાધના દ્વારા પોતે જ પોતાની રીતે બહિર્મુખતા છોડી અંતર્મુખી બનવું પડે છે. અને કોઈ પણ સાધના જાહેરમાં રસ્તા પર થઈ શકે જ નહીં, તે તો માત્ર એકલા એકાંતમાં બેસીને કરવાની સાધના છે, ને આ સાધના દ્વારા જ આંતરિક મળોથી મુક્તિ પ્રાપ્ત કરવી પડે છે. તો જ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેમાં કોઈ ગુરુ કે કોઈ બાવો કોઈ સાધુ કોઈ સંત કામ લાગતો જ નથી જે હકીકત છે. આ રસ્તો જ એકલા ચાલવાનો છે, તેમાં બે સમાઈ શકે જ નહીં તે બરાબર સમજી જ લ્યો. કથાકારો, સાધુઓ, સંતો બધા માહિતી આપી શકે. માહિતી એ જ્ઞાન નથી. આજે આટલી બધી જુદી જુદી કથાઓ, પૂજા આરતીઓ, મૂર્તિઓને થાળો ધરવામાં આવે છે, ટોળા ને ટોળા ભેગા કરવામાં આવે છે કાં કોઈને જ્ઞાન પ્રાપ્ત થતું નથી? તેમને પણ નથી હોતું કારણ છે, આ બધી બાહ્ય પ્રવૃત્તિ છે. તેનાથી કાંઈ કદી પરિણામ પ્રાપ્ત થાય જ નહીં ને થતું પણ નથી તે આપણે જોઈ શકીએ છીએ.

આ જગતમાં જ્ઞાન જેવી કોઈ પવિત્ર ચીજ નથી અને જ્ઞાનની પ્રાપ્તિ વિના પરમ શાંતિ નથી, અને પરમ શાંતિ વિના પરમ તત્ત્વને પામવા માટે અંતરમન જ કેન્દ્ર બિન્દુ છે. જ્ઞાની માણસ કોઈ વસ્તુમાં આસક્ત હોતા નથી તે હકીકત છે. ચાલો આપણે જ્ઞાનને સમજવા ધ્યાનના રસ્તે ચાલીએ ને કેન્દ્ર સુધી પહોંચીએ તેમાં જ મજા છે. ✷ ✷ ✷

## અશાંતસ્ય કુતઃ સુખમ્

આપણી અનિયમિતતા, સમગ્ર વિશ્વને સ્પર્શી રહી છે. ઠંડી-ગરમીનાં પ્રદૂષણો વધી રહ્યાં છે. ક્યાંક અતિ તો વળી ક્યાંક અનાવૃષ્ટિનો સામનો કરવો પડી રહ્યો છે. આપણે સમગ્ર વિશ્વનાં પર્યાવરણને ભારે નુકસાન પહોંચાડી રહ્યા છીએ, તેનું પરિણામ પણ ભોગવી રહ્યાં છીએ. ક્યાંક, ધરતી ધ્રૂજી રહી છે, તો ક્યાંક જ્વાળામુખી ફાટી રહ્યા છે. ઔદ્યોગીકરણ માઝા મૂકી રહ્યું છે. ધરતીનાં પેટાળને ઉલેચી રહ્યાં છીએ. પરિણામે, તેની અસર માનવીનાં મન પર વર્તાઈ રહી છે. અશાંતસ્ય કુતઃ સુખમ્ પ્રશ્ન પૂછાઈ રહ્યો છે. મન અશાંત બન્યાં છે.

અવકાશ ક્ષેત્રે દોટ મૂકવાને બદલે માનવીએ આ પૃથ્વી પર સારી રીતે જીવતાં શીખવું જોઈએ, એમ નથી લાગતું? પક્ષીને ઉડતું જોઈને વિમાન તો બન્યું, પણ અધૂરું! તે પાંખ વીંઝતાં તો ના શીખ્યું! તેની આગળ પંખાનું ઉમેરણ કરવું પડ્યું. પાંખ સંકેલી શકાય, તે વધુ પડતી જગ્યા ના રોકે, તેને લાંબા પહોળા રન-વેની જરૂર ના પડે, એવા સંશોધનને હજી અવકાશ છે. વળી તેને સુલભ કરવાં રહ્યાં. ટચૂકડાં બનાવવા રહ્યા. તે માટે કામે લાગી જવું જોઈએ. એન્જિનનાં બળતણનાં વધુ વિકલ્પો શોધાવા જોઈએ. આ પૃથ્વી પર હજુ ઘણું ઘણું કરવાનું બાકી રહે છે.

વિશ્વની ગરીબી હજી ક્યાં હટી છે. હજી તો અંબાણીઓ, અદાણીઓ, તાતાઓ, બિરલાઓનું શાસન ચાલે છે. અમેરિકા જેવા ધનાઢ્ય દેશમાં પણ બહુરાષ્ટ્રીય કંપનીઓના માંધાતાઓનું રાજ્ય ચાલે છે. યુરોપ-અમેરિકા સમૃદ્ધ છે, સુખી નહીં. આમ કેમ? મારા એક સ્નેહી કહેતા,

'પંડ કમાય ત્યાં ત્યાં પેટ ભરાય, અને<br>
ધન કમાય ત્યાં ઢગલા થાય.'

હવે, જ્યાં ઢગલા થાય ત્યાં ખાડા પડ્યા વિના ના રહે. આજે ખાડા ખોદનારા પડતાં નથી, પણ વાણિયા કૂટાઈ જાય છે, તેનું કેમ?

આપણાં જ્યોતીન્દ્ર દવેને તેમની યુવાનીમાં, શરીરને પહેલવાન બનાવવાનું મન થયું. તેમને રેતીથી ભરેલા એક ખાડા પાસે દોરી જવામાં આવ્યા! તેમણે પૂછ્યું, 'આ શું છે?' પહેલવાન ગુરુ કહે, 'અખાડો.' દવેએ વિચાર્યું, 'ખાડાને અખાડો શી રીતે કહેવાય?' મારે કુસ્તી નથી શીખવી. છેવટે, તેઓ તન છોડીને મનની કુસ્તી કરતા થયા. મનને જ પહેલવાન બનાવ્યું. પરિણામે તન કહ્યાંગરું બની રહ્યું.

□**હરજીવન થાનકી**, પોરબંદર

**ગાંધી વાચનયાત્રા**

**ગાંધી વાચનયાત્રાનો ફરી આરંભ કરીએ છીએ.**
**દર મહિને પુસ્તક વિશે આ અંતર્ગત લખાશે.**

# ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલે : આચાર્ય વિનોબા ભાવે

☐ સોનલ પરીખ

૧૯૧૭માં મહાત્મા ગાંધીજીએ દીનબંધુ એન્ડ્રુઝને કહેલું કે વિનોબા આશ્રમના દુર્લભ રત્નોમાંના એક છે. વિનોબાજી મહાત્મા ગાંધી વિશે કહે છે કે આપણે તેમને ઉપરછલ્લું જ ઓળખ્યા છે. વાત સાચી છે. યજ્ઞ પ્રકાશનના કાન્તિ શાહ સંપાદિત પુસ્તક 'ગાંધી: જેવા જોયા જાણ્યા વિનોબાએ'માં એક પ્રતિભાશાળી રાજકીય સંતનું તેમના એવા જ પ્રતિભાશાળી શિષ્યની આંખે થયેલું દર્શન છે. આ પુસ્તક પહેલીવાર પ્રગટ થયું ત્યારે વિનોબાજી હયાત હતા. તેમણે ગાંધીજી વિશે છૂટુછવાયું પણ સતત જે કહ્યા કર્યું તેનો નિચોડ ભારે પરિશ્રમ અને દૃષ્ટિપૂર્વક વરિષ્ઠ ગાંધીજન કાન્તિ શાહે આ પુસ્તકમાં આપ્યો છે અને વિનોબાજીએ તેને ધ્યાનપૂર્વક જોઈ જઈ 'સારો પ્રયત્ન'નું પ્રમાણપત્ર આપેલું છે. કાન્તિભાઈએ એટલું સુંદર સંપાદન કર્યું છે કે પુસ્તક રસપૂર્ણ, વ્યવસ્થિત અને સળંગસૂત્રે પરોવાયેલું બન્યું છે. પુસ્તકની છેલ્લી આવૃત્તિ ૨૦૦૮માં થઈ છે.

'ગાંધી: જેવા જોયા જાણ્યા વિનોબાએ'ના અગિયાર પ્રકરણમાં વિનોબાજીએ પોતે મહાત્મા ગાંધી પાસે ગયા ત્યારથી લઈ તેમના દેહાન્ત સુધીના તેમની સાથેના અનુભવોની વાત કરી છે, સાથે તેમના વ્યક્તિત્વ અને વિચારોને પોતે જે રીતે સમજ્યા તે રીતે રજૂ કર્યા છે. આ એ વિનોબા છે, જેમણે ૧૯૧૬માં ૨૧ વર્ષની ઉંમરે ગાંધીજીએ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયના પ્રારંભ પ્રસંગે આપેલા પ્રવચન વિશે જાણ્યું. બંગાળ અને હિમાલય જવાના સ્વપ્ન સાથે ઘર છોડ્યું હતું. ગાંધીજીએ એ પ્રવચનમાં રાજા-મહારાજાઓના વૈભવના પ્રદર્શનની ટીકા કરી હતી. વાઇસરૉયને પોલિસ રસાલો રાખવા માટે ઝાટક્યા હતા. ક્રાંતિકારીઓની બહાદુરીની પ્રશંસા કરી કહ્યું હતું કે છુપાઇને વાર શા માટે કરો છો? તે કરતા તો અંગ્રેજોને ઉઘાડછોગ કહી દો કે તેઓ ચાલ્યા જાય અને તેમ કરતા મોત આવે તો હસતા હસતા પ્રાણ આપો. વિનોબાને થયું કે આ માણસ રાજકીય સ્વતંત્રતા અને આધ્યાત્મિક વિકાસ બંને સાધવા માગે છે. તેમને એ જ જોઈતું હતું. ગાંધીજીને પત્રો લખી તેમણે પોતાના મનમાં ઊઠતા પ્રશ્નોનું સમાધાન મેળવ્યું અને બંગાળની ક્રાંતિ અને હિમાલયની શાંતિ બંને ગાંધીજીમાં છે તેવી જ્યારે ખાતરી થઈ ત્યારે તેઓ કોચરબમાં ગાંધીજીએ શરૂ કરેલા આશ્રમમાં ચાલ્યા આવ્યા. 'મેં મારી બુદ્ધિથી બાપુની ઘણી પરીક્ષા લીધી હતી. જો એ પરીક્ષામાં તેઓ જરા પણ ઊણા ઊતર્યા હોત તો હું તેમની પાસે ટકત નહીં.' બાપુએ મને ઘડ્યો. હું નર્યો બુદ્ધિવાદી. પ્રેમ અને કરુણામાં ઝાઝું સમજું નહીં. પણ બાપુમાં મેં કર્મયોગ અને ધ્યાનયોગ એકરૂપ થયેલા જોયા અને મેં મારું જીવન તેમને સોંપ્યું.' 'હું તો બાપુનું પાળેલું એક જંગલી પ્રાણી છું. તેમના સંગથી મારું જીવન પલટાયું.' ૧૯૨૧માં વિનોબાજીએ વર્ધા આશ્રમ સંભાળ્યો. ક્વિટ ઇન્ડિયા સુધીની લડતોમાં ભાગ લીધો અને અનેકવાર જેલવાસ ભોગવ્યો. ૧૯૪૦માં ગાંધીજીએ કહ્યું, 'તમારી સેવાનો મને ખપ છે. જો તમે કામમાંથી ફારેગ થઈ શકો તેમ હો તો પહેલાં વ્યક્તિગત સત્યાગ્રહી થાઓ.' 'આપનું તેડું અને યમરાજનું તેડું મારે મન સરખાં છે. પાછું ઠેલવાનો પ્રશ્ન હોય જ નહીં.'

આટલા ભક્તિભાવ છતાં વિનોબાજી વિભૂતિપૂજા અને વેદિયાપણામાં અટવાતા નથી. કહે છે, 'મહાપુરુષના વિચારોને ગ્રહણ કરવા, સ્થૂળ જીવનને પકડી ન રાખવું. ગાંધીજી ભારે પરિવર્તનશીલ હતા. તેમના શબ્દોને પકડી રાખીશું તો તેમને ભારે અન્યાય કરીશું.' વિનોબા ગાંધીજીના ત્યાગને કરુણામૂલક માને છે અને તેથી તેમને તપસ્વીઓના તપસ્વી કહે છે. પુસ્તકના પાનાંઓ પર વિનોબાએ કરેલું ગાંધીદર્શન સુંદર રીતે પ્રતિબિંબિત થયું છે. 'સત્યાગ્રહ એટલે સામા માણસમાં રહેલા સદ્અંશને બહાર કાઢવો. સર્વોદયનો આખો કાર્યક્રમ આ સિદ્ધાંત પર રચાયેલો છે. બાપુની સત્તા આખા દેશ પર ચાલતી કારણ કે એ નૈતિક સત્તા હતી. સમાજસેવા માટે વ્રતપાલન જરૂરી છે. આ વાત બાપુએ પહેલવહેલી કરી અને એકાદશ વ્રત આપ્યાં.'

સત્યાગ્રહ પરના પ્રકરણમાં ગાંધીજીની સત્યાગ્રહ-વિભાવનાનાં સ્થૂળ-સૂક્ષ્મ પાસાં સ્પષ્ટ થાય છે. તેઓ સ્પષ્ટ કરે છે કે હઠ, તામસી વૃત્તિ કે જડતાપૂર્વક કરાયેલો સત્યાગ્રહ દુરાગ્રહ બની જાય છે. અહિંસા વિશે પણ તેમણે વિશદ અને સૂક્ષ્મ વિચારણા કરી છે અને કહ્યું છે કે આજે પણ અહિંસા પરમો ધર્મ છે. ફૉર્મ્યુલા પણ આપી છે : વિજ્ઞાન + હિંસા = સર્વનાશ અને વિજ્ઞાન + અહિંસા = સર્વોદય. આશ્રમજીવન પાછળની ગાંધીજીની ચિત્તશોધન અને સામાજિક કર્મને એકસાથે વણી લેવાની જે કલ્પના હતી, તેનો મર્મ વિનોબાએ પકડ્યો છે. ટ્રસ્ટીશીપના મૂળમાં એ વાત હતી કે દરેક વ્યક્તિએ પોતાની સંપત્તિ, બુદ્ધિ, કૌશલ્ય અને ગુણો પોતાના ફાયદા માટે નહીં, પણ સર્વજનહિતાય વાપરવાના છે.

આજના વૈશ્વિક યુગમાં દરેક માણસમાં બ્રાહ્મણની શાંતિ અને જ્ઞાન, ક્ષત્રિયની વીરતા, વૈશ્યની દક્ષતા અને શૂદ્રની સેવાવૃત્તિ હોવા જોઇશે, તેમ તેઓ માને છે અને કહે છે કે આજે ગાંધીજી આપણને એવા ને એવા નહીં ચાલે. તેમના સમયમાં આપણે સ્વતંત્ર ન હતા, લોકશાહી રાષ્ટ્ર ન હતા અને વિજ્ઞાન-ટૅકનોલોજીએ આટલી હરણફાળ ભરી ન હતી. તેમણે તેમના સમય અનુસાર સત્યાગ્રહ કર્યો, આપણે આપણા સમય અનુસાર તે કરવું પડશે. તેમણે અંગ્રેજોને ક્વિટ ઇન્ડિયા કહ્યું. આપણે કોને કહીશું કે ભારત છોડો? આપણે કાઢી મૂકવાની નહીં, સાથે રહેવાની વિદ્યા શીખવાની છે. ગાંધીજી હોત તો તેમણે પણ સત્યાગ્રહ જુદી રીતે કર્યો હોત. સ્વદેશી, ટ્રસ્ટીશીપ અને અહિંસાને નવા સંદર્ભોમાં સમજવા અને આચરવા જોઇશે.

ગાંધીજીના કાર્યકર્તાઓની અંધભક્તિ અને તેમની અધ્યયન કે ચિંતન કરવાની વૃત્તિની વિનોબા ટીકા કરે છે. તેને લીધે જ સંસ્થાઓ આજે નિષ્પ્રાણ થતી ચાલી છે અને નવી પેઢીને આકર્ષી શકતી નથી. ગાંધીજી કર્મયોગ તરફ જનતાને જેટલી ખેંચી શક્યા તેટલી ઊંડા વિચારમાં ખેંચી શક્યા નહીં, પરિણામે તેમના જતાં જ તેમની વિચારધારા ઝાંખી પડી ગઈ.

બાપુનું જીવન દેશે જોયું છે. ૭૮ વર્ષની ઉંમરે નોઆખલીમાં એકલા ફરવાની તાકાત તેમનામાં ક્યાંથી આવી? એક પછી એક નવી કલ્પના તેમને સૂઝી અને તેમાં વિરાટ જનસમુદાયને તેઓ સાથે રાખી શક્યા તેનું કારણ વિનોબા તેમની ઇશ્વરનિષ્ઠામાં જુએ છે. સ્વરાજ્ય આવેલું બાપુએ જોયું, પણ શોષણમુક્તિ અને શાસનમુક્તિનો તેમનો આદર્શ ફળ્યો નહીં. જીવનના અંતિમ ભાગમાં એટલે જ બાપુ પોતાના વિચારોના નવસંસ્કરણ વિશે વિચારતા હતા, પણ એ વિચારોને અમલમાં મૂકવાનો તેમને મોકો ન મળ્યો.

બાપુના મૃત્યુ પછી વિનોબા થોડા વખત માટે નિરાશ્રિતોનું પુનર્વસવાટનું કામ કરતા રહ્યા, પણ સરકારી અંધાધૂંધીથી કંટાળી નીકળી ગયા. ત્યાર પછી બેત્રણ વર્ષ દેશમાં ફરતા રહ્યા. ૧૯૫૧માં ભૂદાનનું કામ શરૂ થયું. તેર વર્ષની પદયાત્રાઓને પરિણામે લાખો એકર જમીન ભૂમિહીનોને આપી શકાઈ. પુસ્તકનું સમાપન ગાંધીજીના 'હું થોડો જ શાંત થવાનો છું?' એ વાક્યથી થાય છે. વિનોબા કહે છે, આ વાક્ય ખૂબ સગર્ભ છે.

બાપુ વિનોબાજી કરતા ૨૭ વર્ષ મોટા હતા. તેમનો જીવનકાળ ૧૮૬૯થી ૧૯૪૮. વિનોબાજીનો જન્મ સપ્ટેમ્બર ૧૮૯૫માં અને મૃત્યુ નવેમ્બર ૧૯૮૨માં. ઑક્ટોબર મહિનામાં તેમના પુસ્તકની વાત એ રીતે પણ સમયાનુરૂપ છે. વિનોબાજીએ છ આશ્રમ સ્થાપ્યા હતા. કટોકટીને અનુશાસન પર્વ કહેવા બદલ ટીકાનો ભોગ બન્યા હતા. જો કે તેમને પક્ષે અનુશાસન નેતાઓએ પણ પાળવું પડે એ અર્થ હતો. મહાત્મા ગાંધીના આધ્યાત્મિક વારસ, પ્રતિભાશાળી શિષ્ય, રામન મૅગ્સેસે અને ભારતરત્નથી વિભૂષિત અને જુદા જુદા ધર્મો પર પુસ્તકો લખનાર વિનોબાએ ગાંધીજીને કેવા જોયા-જાણ્યા છે તે જોવું-જાણવું અત્યંત રસપ્રદ અને રોમાંચક છે. ✷ ✷ ✷

sonalparikh1000@gmail.com

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાન

**શ્રી દત્ત આશ્રમ જન સેવા ટ્રસ્ટ**

| | |
|---|---|
| ૨૪૮૦૬૪૯ | આગળનો સરવાળો |
| ૩૧૦૦૦ | શ્રી કે. સી. શાહ (H.U.F.) અમદાવાદ |
| ૧૫૦૦૦ | વિરલ અરવિંદ લુખી |
| ૧૦૦૦૦ | ઓજસ અરવિંદ લુખી (U.K.) |
| ૧૦૦૦૦ | અરવિંદ ધરમશી લુખી |
| ૫૦૦૦ | નંદુ ડ્રેપર્સ |
| ૨૫૦૦ | શ્રી ભુપતલાલ જીવણલાલ શેઠ (H.U.F.) |
| ૨૫૦૦ | શ્રી જયંતિલાલ જીવણલાલ શેઠ (H.U.F.) |
| ૧૫૦૦ | ગીતા જૈન |
| **૨૫૫૮૧૪૯** | **કુલ રકમ** |

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘને ઓક્ટોબર માસમાં મળેલ અનુદાન**

| | |
|---|---|
| ૪૦૦૦૦૦ | બી. કે. આર. જૈન પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ. હસ્તે શ્રી બિપિનભાઈ જૈન |
| ૧૧૦૦૦૦ | જ્વેલેક્ષ ફાઉન્ડેશન. હસ્તે શ્રી પીયૂષભાઈ કોઠારી |
| ૧૬૦૦૦ | પ્રણય ગિરીશ વકીલ |
| ૧૬૦૦૦ | સત્યેન ગિરીશ વકીલ |
| **૫૪૨૦૦૦** | **કુલ રકમ** |

**'પ્રબુદ્ધ જીવન' સૌજન્યદાતા**

| | |
|---|---|
| ૨૫૦૦૦ | પ્રહિર ફાઉન્ડેશન (હસ્તે શ્રી ગૌતમભાઈ ગાંધી) સૌજન્ય: જાન્યુઆરી-૨૦૧૭ |
| **૨૫૦૦૦** | **કુલ રકમ** |

**જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ**

| | |
|---|---|
| ૧૫૦૦૦ | તારાબેન ડાહ્યાભાઈ ચેરિટેબલ ટ્રસ્ટ, હસ્તે રમાબેન મહેતા |
| ૫૫૦૦ | શ્રી કે. સી. શાહ (H.U.F.) અમદાવાદ |
| ૨૫૦૦ | સુચિતા કાર્તિક ટીંબડીયા, હસ્તે રમાબેન મહેતા |
| ૨૫૦૦ | વંદિત વિક્રમ ઠોસાણી, હસ્તે રમાબેન મહેતા |
| **૨૩૫૦૦** | **કુલ રકમ** |

**કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ**

| | |
|---|---|
| ૫૫૦૦ | શ્રી કે. સી. શાહ (H.U.F.) અમદાવાદ |
| ૫૦૦૧ | દામોદરદાસ સુરચંદ શાહ, હસ્તે દર્શનાબેન દિલિપભાઈ શાહ |
| ૨૫૦૦ | સુચિતા કાર્તિક ટીંબડીયા, હસ્તે રમાબેન મહેતા |
| **૧૩૦૦૧** | **કુલ રકમ** |

**પરદેશ લવાજમ**

| | |
|---|---|
| ૭૦૦૦ | શ્રી દિલીપભાઈ એસ. શાહ (Florida, U.S.A.) |
| **૭૦૦૦** | **કુલ રકમ** |

## શ્રી સહજાનંદઘન ગુરુગાથા

# શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત શ્રી ભદ્રમુનિ–પૂર્વનામ–નું જીવન ચરિત્ર

अनन्य आत्मशरणप्रदा सद्गुरुराज विदेह। पराभक्तिवश चरण में धरुं आत्मबलि एह।।

❑ પરમગુરુ—કૃપાકિરણ પ્રા. પ્રતાપકુમાર જ. ટોલિયા
(શ્રવણબેલગોળા, બેંગ્લોર, રત્નકૂટ, હંપી, કર્ણાટક)

मोक्षमार्गस्य नेतारम्, भेत्तारम, कर्म भूभृताम् । ज्ञातारम् विश्वतत्त्वानाम् वन्दे तद्गुण:लब्धये।।

કાળના અંતરાળના પારગાતા મહાપ્રાણ મહાયોગી યુગપ્રધાનોની થોડી-શી ઝાંખી વિશ્વના વિશાલ વિરાટ શ્રમણ સંસ્કૃતિની પરિચાયક.

## કર્ણાટકની કંદરાઓમાં ભદ્રબાહુથી ભદ્રમુનિ સુધી

कर्णाटे हेमकूटे विकटतरकटे चक्रकूटे च भोटे
श्रीमत् तीर्थंकराणम् प्रतिदिवसमहं तत्र चैत्यानि वन्दे।।
(-सद्भक्त्या स्तोत्र)

**मंगलकर भद्रबाहुवन्दना।**

मंगलं भगवान वीरो, मंगलं ग़ौतम प्रभु ।
मंगलं भद्रबाह्वाद्या: जैन धर्मोऽस्तु मंगलम् ।।

અનાદિ-અનંતની આ કાળધારા! અવસર્પિણીનો આ કાળ!! તેના આદિ-પ્રણેતા, આદિ સંસ્કૃતિ પુરસ્કર્તા, આદિ પૃથ્વીનાથ, આદિ નિષ્પરિગ્રહી શ્રમણ, આદિ તીર્થ-પ્રવર્તક આદિ તીર્થંકર આદિનાથ–વૃષભનાથ–ઋષભદેવ.

તેમના દ્વારા કરાયેલું આ ભરતખંડનું 'ભારત' નામાભિધાન, દક્ષિણ ભારતના આ પ્રદેશ કર્ણાટકના 'કર્ણાટ' નામકરણને પોતામાં સમાવી લે છે, જે આ પ્રદેશની પ્રાચીનતાની પ્રતીતિ કરાવે છે.

ત્યારથી માંડીને વીસમા જૈન તીર્થંકર મુનિસુવ્રતનાથ સુધીનો કાલાંતરાલ, કે જે અનેક રહસ્યોથી ભર્યો પડ્યો છે, તે ભારતવર્ષની સંસ્કૃતિમાં શ્રમણસંસ્કૃતિ–નિર્ગ્રંથ આર્હત્ સંસ્કૃતિ–જૈન સંસ્કૃતિના અપાર, અભૂતપૂર્વ પ્રદાનનું ભારે મોટું મહત્ત્વ પોતાનામાં સંઘરીને બેઠેલ છે. સમગ્ર ભારતવર્ષના આ અપ્રગટ સાંસ્કૃતિક ઇતિહાસમાં કર્ણાટકનું સ્થાન પણ કોઈ નાનુસૂનું નથી. મહાન સંશોધક અન્વેષકો જ્યારે આ છૂપાયેલા ગૂઢ રહસ્યોને શોધી કાઢશે ત્યારે વિશ્વ સંસ્કૃતિમાં ભારતની સર્વોચ્ચ ગરિમા વધુ પ્રગટ થઈ જશે.

મુનિસુવ્રત ભગવાનનો રામાયણ-સમકાલીન કાળ કર્ણાટકના ગૂઢ-ગુપ્ત રહસ્યોને અલ્પાંશમાં પ્રગટ કરવા લાગ્યો. એનો પણ અહીંના પાષાણખંડોમાં દબાયેલો સારોયે ઇતિહાસ પણ હજી તો અજ્ઞાત જ છે. દૂરસુદૂરની ઉપત્યકાઓ અને ગિરિકંદરાઓમાંથી, તાડપત્રોની કિંચિત્ પટ્ટિકાઓમાંથી, શિલ્પોના ભગ્નાવશેષોમાંથી અને ક્રાન્તદૃષ્ટા જૈન ધ્યાની મનીષીઓ–યોગીઓની યુગાન્તકારી આર્ષદૃષ્ટિઓમાંથી જે 'સંકેત' મળે છે તે આ ગુપ્ત દક્ષિણાપથની મોટી શોધને માટે શોધકર્તાઓને નિમંત્રી રહેલ છે. ક્યારે અને કોણ આ નિરાળા નિમંત્રણનો સ્વીકાર કરશે?

અત્યારસુધી પ્રાપ્ત આ સંકેતોથી એટલું તો સ્પષ્ટ થઈ શકે છે કે ભગવાન મુનિસુવ્રત સ્વામી વીસમા જૈન તીર્થંકરના કાળમાં કર્ણાટકના અનેક સ્થાનોમાં જૈન તીર્થોનું, જૈન ચૈત્યોનું, જિન ગુફાઓનું અનેક રૂપોમાં અસ્તિત્વ હતું. આ અનેક સ્થાનોમાંથી એકનો ઉલ્લેખ ઉપર્યુક્ત 'कर्णाटे विकटतरकटे'વાળા 'सद्भक्त्या स्तोत्र'ના શ્લોકમાં મળે છે. હંપીના હેમકૂટ, ચક્રકૂટ, રત્નકૂટ, ભોટ વગેરે જૈન તીર્થો ભણી આ સંકેતોનો ઈશારો છે. ત્યારે આ ભૂભાગમાં ૧૪૦ જેટલા જિન ચૈત્યાલયોના અસ્તિત્વની સંભાવના છે. આ પાષાણ-તીર્થોની ગહ્વર ગુફાઓમાં અને ગિરિકંદરાઓમાં ત્યારે ન જાણે કેટલા સિદ્ધાત્માઓએ પોતાના આત્મધ્યાનની ધૂણી ધખાવી હશે!

૨૦મા જૈન તીર્થંકરના કાળની પછીના જૈનધર્મના ઇતિહાસને તો અનેક ઇતિહાસકાર, અનેક રૂપોમાં સ્વીકાર કરવા અને પ્રકટ કરવા લાગ્યા છે. તેમાંનામાંના એક સંનિષ્ઠ લેખક છે સુપ્રસિદ્ધ હિન્દી રાષ્ટ્રકવિ શ્રી રામધારીસિંહ 'દિનકર'. જેની ભૂમિકાના લેખક પં. જવાહરલાલ નહેરુ રહ્યાં છે. તેમના આ ભારતીય સંસ્કૃતિના મહત્ત્વ-પૂર્ણ ઇતિહાસ ગ્રંથ 'संस्कृति के चार अध्याय'માં દિનકરજી લખે છે:

'ઋષભદેવ અને અરિષ્ટનેમિથી આરંભીને જૈનધર્મની પરંપરા વેદો સુધી પહોંચે છે. મહાભારત યુદ્ધના સમયે આ સંપ્રદાયના એક નેતા નેમિનાથ હતા જેમને જૈનો પોતાના એક તીર્થંકર (૨૨મા) માને છે. ઈ. પૂ. આઠમી સદીમાં ત્રેવીસમા તીર્થંકર પાર્શ્વનાથ થયા જેમનો જન્મ કાશીમાં થયો હતો. કાશીની પાસે જ અગિયારમા તીર્થંકર શ્રેયાંસનાથનો જન્મ થયો હતો જેમના નામ પર 'સારનાથ'નું નામ ચાલ્યું આવે છે. પછી આ કાળથી માંડીને ૨૪મા જિન શાસનપતિ શ્રમણ તીર્થંકર મહાવીરના કાળમાં વિજયનગર સામ્રાજ્યના સમય સુધીના તો અનેક રહસ્ય સ્પષ્ટપણે પ્રગટ છે. જૈનપંથના અંતિમ તીર્થંકર મહાવીર વર્ધમાન થયા. જેમનો જન્મ ઈ. પૂ. ૫૯૯માં થયો હતો.

'મૌર્યકાળમાં ભદ્રબાહુના નેતૃત્વમાં જૈન શ્રમણોનું એક દળ દક્ષિણ ગયું અને મૈસૂરમાં રહીને પોતાના ધર્મનો પ્રચાર કરવા લાગ્યું. ઈશુની

પ્રથમ શતાબ્દીમાં કલિંગના રાજા ખોરવેલે જૈનધર્મ સ્વીકાર્યો. ઈશુની આરંભિક સદીઓમાં ઉત્તરમાં મથુરા અને દક્ષિણમાં મૈસૂર (શ્રવણ બેલગોળા) જૈનધર્મના બહુ મોટા કેન્દ્ર હતા. પાંચમીથી બારમી સદી સુધી દક્ષિણમાં ગંગ, કદંબ, ચાલુક્ય અને રાષ્ટ્રકૂટ રાજવંશોએ જૈન ધર્મની બહુ સેવા કરી અને તેનો ઘણો પ્રચાર કર્યો. આ રાજાઓ પાસે અનેક જૈન કવિઓને પણ આશ્રય મળ્યો હતો જેમની રચનાઓ આજ સુધી ઉપલબ્ધ છે. અગિયારમી સદીની આસપાસ ચાલુક્ય વંશના રાજા સિદ્ધરાજ અને તેમના પુત્ર કુમારપાળે જૈનધર્મને રાજધર્મ બનાવી દીધો અને ગુજરાતમાં તેનો વ્યાપક પ્રચાર કર્યો. અપભ્રંશના લેખક અને જૈન વિદ્વાન હેમચંદ્ર કુમારપાળના જ દરબારમાં રહેતા હતા.

'જૈનધર્મનો હિન્દુ-ધર્મ પર શું પ્રભાવ પડ્યો, તેનો ઉત્તર જો આપણે એક શબ્દમાં આપવા ઈચ્છીએ તો તે શબ્દ છે 'અહિંસા' અને આ અહિંસા શારીરિક જ નહીં, બૌદ્ધિક પણ રહી છે.

'હિન્દુ ધર્મની જે વૈષ્ણવ શાખા છે, તેણે જૈન-ધર્મના મૂળ તત્ત્વોને પોતાની અંદર સુચારુરૂપે (સારી રીતે) આત્મસાત્ કરી (પચાવી) લીધા છે તેમજ વૈષ્ણવ અને જૈનમાં ભેદ કરવો સહેલું કામ નથી. આધુનિક કાળમાં મહાત્મા ગાંધી હિન્દુત્વના વૈષ્ણવ-ભાવના સૌથી શ્રેષ્ઠ (મોટા) પ્રતિનિધિ થયા, પરંતુ તેમનામાં પ્રતિનિધિ-જૈનના સર્વ લક્ષણો મોજૂદ હતા. અનશન અને ઉપવાસ ઉપર પ્રેમ, અહિંસા પર પ્રગાઢ ભક્તિ, પદે-પદે ભોગની સામગ્રીઓથી બચવાનો ભાવ અને તેમનો સમન્વય–સમાધાનવાદી દૃષ્ટિકોણ (સ્યાદ્વાદ), આ સઘળીએ જૈન-ધર્મની જ શિક્ષાઓ છે.

'દક્ષિણમાં જૈન-ધર્મનો જે બહોળો પ્રચાર થયો તેનાથી ભારતની એકતામાં પણ વિશેષ વૃદ્ધિ થઈ. જૈન મુનિઓ અને જૈન સાહિત્યની સાથે સંસ્કૃતના ઘણાં બધાં શબ્દો દક્ષિણ પહોંચ્યા અને તે મલયાલમ, તમિલ, તેલુગુ અને કન્નડ ભાષાઓમાં ભળી ગયા. જૈનોએ દક્ષિણમાં ઘણી બધી પાઠશાળાઓ પણ ખોલી હતી. આજ પણ ત્યાં બાળકોને અક્ષરારંભ કરાવતી વેળાએ 'ૐ નમઃ સિદ્ધમ્' – આ પ્રથમ વાક્ય શીખવવામાં આવે છે, જે જૈનોના નમસ્કારનું વાક્ય છે. શોધ કરવાથી, કદાચ, એ વાત જાણી શકાય છે કે વૈષ્ણવ-ધર્મના વિકાસમાં જૈન-મતનો મોટો હાથ હતો. ગુજરાતની જનતા પર જૈન-શિક્ષા (અહિંસા અને સાદાઈ)નો આજ પણ સારો એવો પ્રભાવ છે અને એ પણ કોઈ આકસ્મિક વાત નથી કે અહિંસા, ઉપવાસ અને સરળતાના આટલા પ્રબળ સમર્થક ગાંધીજી ગુજરાતમાં જ જન્મ્યા.' ['संस्कृति के चार अध्याय' (પૃ. ૧૨૩-૧૨૭).]

ગુજરાતના જૈન દાર્શનિક પદ્મભૂષણ–પ્રજ્ઞાચક્ષુ ડૉ. પંડિત સુખલાલજી આ અહિંસા-પ્રભાવની ચર્ચા 'જૈન સંસ્કૃતિનું હૃદય' શીર્ષકના પોતાના લેખમાં કરતાં લખે છે કે:

'લોકમાન્ય તિલકે યોગ્ય જ કહ્યું હતું કે ગુજરાત વગેરે પ્રાંતોમાં જે પ્રાણીરક્ષા અને નિર્માંસ ભોજનનો આગ્રહ છે એ જૈન-પરંપરાનો જ પ્રભાવ છે.' ['દર્શન અને ચિંતન' (પૃ. ૧૪૩).]

તો ગુજરાત વગેરે પ્રાંતો ઉપર અહિંસાના જૈન ધર્મના પ્રભાવમાં ૨૨મા જૈન તીર્થંકર નેમિનાથ ભગવાનના વિરાટ પ્રભાવ ઉપરાંત ૧૧મી સદીના ચાલુક્ય વંશના મહારાજા સિદ્ધરાજ અને કુમારપાળ વગેરે દ્વારા કરાયેલો વ્યાપક પ્રભાવ પણ કારણભૂત છે. આ પ્રકારે કર્ણાટક અને સમગ્ર દક્ષિણ ઉપર અહિંસા અને જૈનધર્મનો પ્રભાવ છવાયેલો રહ્યો તેનું વિશદ સમાપન કરતાં પૂર્વોક્ત શ્રી રામધારીસિંહ 'દિનકર' આગળ લખે છે કે:

'આ પ્રમાણે વિચાર કરતાં આ અનુમાન સહેલાઈથી નીકળી આવે છે કે પ્રાચીનકાળમાં જૈન મતનો પ્રધાનગઢ દક્ષિણ ભારત જ રહ્યો હશે. ઈસવી સનના આરંભમાં તમિલ સાહિત્યનો જે વ્યાપક વિકાસ થયો, તેની પાછળ જૈન મુનિઓનો પણ હાથ હતો, એવો ઇતિહાસકારોનો વિચાર છે. તમિલ ગ્રંથ 'કુરલ'ના પાંચ-છ ભાગ જૈનોના રચેલા છે, એ વાત અનેક વિદ્વાન સ્વીકારે છે. આ રીતે કન્નડનું પણ આરંભિક સાહિત્ય જૈનોનું રચેલું છે.

'આ દેશની ભાષાગત ઉન્નતિમાં પણ જૈન મુનિ સહાયક રહ્યાં છે...જૈન મુનિઓએ પ્રાકૃતના અનેરૂપોનો ઉપયોગ કર્યો અને પ્રત્યેક કાળ તથા પ્રત્યેક ક્ષેત્રમાં જ્યારે જે ભાષા પ્રચલિત હતી તેના માધ્યમથી જૈનોએ પોતાનો પ્રચાર કર્યો. આ પ્રમાણે પ્રાકૃતના અનેક રૂપોની તેમણે સેવા કરી. જે ભાષા પ્રચલિત હતી તેમાં જૈનોનું વિશાળ સાહિત્ય છે. જેને અપભ્રંશ સાહિત્ય કહે છે. જૈન વિદ્વાનોએ સંસ્કૃતની ભારે સેવા કરી. સંસ્કૃતમાં પણ જૈનોના લખેલા અનેક ગ્રંથ છે જેમાંથી કેટલાક તો કાવ્ય અને વર્ણન છે અને કેટલાક દર્શન સંબંધી છે. વ્યાકરણ, છન્દશાસ્ત્ર, કોષ અને ગણિત ઉપર પણ સંસ્કૃતમાં જૈનાચાર્યોએ લખેલા ગ્રંથ મળે છે.

'મંદિરો અને મૂર્તિઓનું નિર્માણ પણ જૈન સંપ્રદાયે ઘણું કર્યું. મૈસૂરના 'શ્રવણ બેલગોળા' અને 'કારકલ' નામના સ્થાનોમાં ગોમ્મટેશ્વર અથવા બાહુબલિની વિશાળ પ્રતિમાઓ છે. ['संस्कृति के चार अध्याय' (પૃ. ૧૨૬-૧૨૭)]

૧૦૦૦ (એક હજાર) વર્ષ પૂર્વની ચામુંડરાય નિર્મિત અને જૈન આચાર્ય નેમિચંદ્ર સિદ્ધાંત ચક્રવર્તી પ્રેરિત શ્રવણ બેલગોળા ગોમ્મટેશ્વર બાહુબલિની વિશ્વભરમાં અનુપમ જૈન પ્રતિમા અને તે પછીના વિજયનગર સામ્રાજ્ય સુધીના વિવિધ જૈન શિલ્પ+સાહિત્યના નિર્માણ, જેમાં હેમકૂટ-હંપીના ૩૨ જૈન ચૈત્યાલય પણ સમાવિષ્ટ છે–એક વાતને વારંવાર, અનેક રૂપોમાં સ્પષ્ટ અને સિદ્ધ કરે છે: **કર્ણાટક અને દક્ષિણ ભારત પર છવાયેલા યુગપ્રધાન અંતિમ શ્રુતકેવળી આચાર્ય ભદ્રબાહુના સર્વતોભદ્ર, કાળજયી પ્રભાવની.** જૈન શિલ્પ અને સ્થાપત્યના મહાન ગ્રંથ પણ આ વાતને પ્રમાણોનાં આધાર પર નિર્વિવાદ રૂપે સિદ્ધ કરે છે. ૨૦૦૦ વર્ષ પૂર્વે આ ધરતી પર થયેલા આચાર્ય ભદ્રબાહુના પદાર્પણને અને પ્રભાવને આવો એક

ગ્રંથ પ્રમાણિત કરે છે :

`The spread of Jainism in south India is attributed to a migration of the Jaina Community under the SRUTAKEVALI BHADRABAHU towards tne close of the fourth century B.C. Digambara tradition avers that Bhadrabahu was accompanied by a king called Chandragupta (Prabhavchandra in the Sravanabelgola inscriptions from A.D. 600 onwards), who is believed to be the Maurya king of that name. The migration brought the Jainas, according to this tradition, to Srvanabelgola in karnataka and then to the Tamil country. The subsequent movement to the Tamil areas is believed to have been led by one Visakhacharya. The route of migration would thus seem to be from North India (Malwa region) to Karnataka and from there to the Tamil country. [Jaina Art and Architecture' Vol. I (પૃ. ૯૨)]

તો જે યુગપ્રધાન શ્રુતકેવળી ભદ્રબાહુ પર કર્ણાટક અને દક્ષિણ ભારતમાં જૈનધર્મ પ્રચારનું આટલું મોટું શ્રેય આધારિત છે, તે મહાપુરુષનું સ્વયંનું સાધના-જીવન કેટલું અપ્રતિમ, અસાધારણ રહ્યું હશે!

પરંતુ એક વાત પ્રમાણોથી સિદ્ધ છે કે ભદ્રબાહુના આગમન પૂર્વે પણ કેટલીએ સદીઓથી આ દક્ષિણાપથમાં જૈનધર્મ વિદ્યમાન હતો જ. ભદ્રબાહુએ તેને સુદૃઢ, સર્વતોભદ્ર, સુવિસ્તૃત બનાવ્યો. ગંભીર અધ્યેતા વિદ્વાનો કહે છે :-

'પ્રકૃત' વિષયનું ગંભીરતાથી અધ્યયન કરનારા કેટલાક વિદ્વાનોનો મત છે કે ભદ્રબાહુ અને ચંદ્રગુપ્તના આગમનથી પણ પહેલાં દક્ષિણ ભારતમાં જૈનધર્મ વર્તમાન હોવો જોઇએ. [दक्षिण भारत में जैन धर्म': पं. कैलाशचंद्र सिद्धांताचार्य ।]

પછી અનેક પ્રમાણોના અંતે આ નિષ્કર્ષ કાઢે છે કે :

'માટે આથી આ સ્પષ્ટ છે કે ભદ્રબાહુની સાથે જ જૈનધર્મનો દક્ષિણ ભારતમાં પ્રવેશ નથી થયો. ઉલ્ટું તેનાથી તેના પ્રચાર અને પ્રસારમાં બળ મળ્યું અને દક્ષિણ ભારત જૈન ધર્મનું પ્રમુખ કેન્દ્ર બની ગયું. અનેક શાસકો અને રાજવંશોના સદસ્યોએ તેને સંરક્ષણ આપ્યું અને જનતાએ તેનું સમર્થન કર્યું. [ दक्षिण भारत में जैन धर्म': पं. कैलाशचंद्र सिद्धांताचार्य ।]

'ઉત્તર ભારતમાં બાર વર્ષનો ભયંકર દુષ્કાળ પડતાં ભદ્રબાહુ શ્રુતકેવળીએ બાર હજાર મુનિઓના સંઘની સાથે દક્ષિણ ભણી પ્રસ્થાન કર્યું. ચંદ્રગુપ્ત મૌર્ય પણ તેમની સાથે હતા. શ્રવણ બેલગોળા પહોંચતા ભદ્રબાહુને લાગ્યું કે તેમનો અંત સમય નિકટ છે એટલે તેમણે સંઘને આગળ ચોલ, પાંડ્ય, આદિ પ્રદેશો ભણી જવાનો આદેશ આપ્યો અને સ્વયં શ્રવણબેલગોળામાં જ એક પહાડી ઉપર, જેને કલવપ્પુ અથવા 'કટવપ્ર' કહે છે, ત્યાં રહી ગયા. પોતાના શિષ્ય ચંદ્રગુપ્તની સાથે તેમણે પોતાનો અંતિમ સમય ત્યાં જ વિતાવ્યો અને સમાધિપૂર્વક દેહનો ત્યાગ કર્યો.

'ઉક્ત આશયનો એક શિલાલેખ એ પહાડી પર છે, જેને આજ 'ચંદ્રગિરિ' કહે છે અને તેનો સયમ ઈશુની છઠ્ઠી-સાતમી શતાબ્દી સુનિશ્ચિત છે.' [दक्षिण भारत में जैन धर्म': पं. कैलाशचंद्र सिद्धांताचार्य । (પૃ. ૨,૫) ]

આ વાત અને આ સઘળાં તથ્યો મહાપ્રાણ-ધ્યાની અંતિમ શ્રુતકેવળી મહાપુરુષ ભદ્રબાહુના અંતિમ જીવનના અહીં વીતેલા સાધનાવકાશો અને તેમના સમાધિમરણને પુષ્ટ કરે છે. નેપાળની ગહ્વર ગુફાઓ–કંદરાઓમાં સુદીર્ઘ 'મહાપ્રાણધ્યાન' સિદ્ધ કરીને ચન્દ્રગિરિની ગુફામાં તેમણે મહાપ્રાણધ્યાનની મહાસમાધિ સંપ્રાપ્ત કરી.

આ મહાપ્રાણ ધ્યાનયુક્ત મહાસમાધિ પોતાના જીવનાંતમાં પ્રાપ્ત કરનારા, તેના ઉદ્ગમના રૂપમાં જીવનભર અદ્વિતીય, **અભૂતપૂર્વ સાધના કરનારા અને સદીઓ પૂર્વથી દક્ષિણાપથમાં વિદ્યમાન જૈનધર્મને સુદઢ સુવિસ્તૃત, સર્વતોભદ્ર, સ્વરૂપ આપનારા એવા ચૌદપૂર્વધારી અંતિમ શ્રુતકેવળી યુગપ્રધાન આચાર્ય ભદ્રબાહુનું યોગબળ અસાધારણ રહ્યું.** એ યોગબળનો પ્રભાવ ન કેવળ કર્ણાટક યા દક્ષિણ ભારત–દક્ષિણાપથ પર છવાયેલો રહ્યો, પરંતુ સમસ્ત ઉત્તરાપથ, સમસ્ત ભારત વર્ષ અને સમગ્ર જૈન ધર્મ પર સદાકાળ વ્યાપ્ત રહ્યો. વિશેષ મહત્ત્વની વાત તો એ છે કે તેમના આ યોગબળે જૈનધર્મની બંને પરવર્તી ધારાઓ–આમ્નાયો : દિગંબર અને શ્વેતાંબરને પ્રભાવિત કર્યે રાખી. જ્યાં શ્વેતાંબર આમ્નાયમાં તેમણે પ્રણીત કરેલ 'શ્રી કલ્પસૂત્ર' ગ્રંથ સર્વોપરિ અને સર્વપૂજ્ય-સર્વ શિરોધાર્ય બની રહ્યો, ત્યાં દિગંબર આમ્નાયમાં પણ તેમના **'ભદ્રબાહુ સંહિતા', 'કર લકખણ'**, જેવા કેટલાંયે પ્રાપ્ત-અપ્રાપ્ત અને લુપ્ત-નષ્ટ ગ્રંથ કર્ણાટક અને દક્ષિણ ભારતમાં તેમનું સર્વોચ્ચ સ્થાન અને પ્રદાન સિદ્ધ કરતા રહ્યા છે. તેમના યુગ પ્રભાવથી વિશાળરૂપે તમિલનાડુ, કેરળ આદિ કર્ણાટકેતર પ્રદેશોમાં જૈન સાહિત્ય સર્જન થયું, કે જે ભદ્રબાહુ સાથેના સંઘના સેંકડો–હજારો જૈન મુનિઓના તે તે પ્રદેશોમાં વિહારના કારણે સંભવ બન્યું. પરંતુ મહાદુ:ખની વાત એ છે કે તમિલનાડુ આદિ પ્રદેશોમાં, પછીથી જૈન-દ્વેષી અજૈન આચાર્યોના રાજ્ય અને સમાજના પ્રભાવને કારણે ન કેવળ ગ્રંથસૃજક અને જ્ઞાનીધ્યાની જૈન મહામુનિઓને મારી નાખવામાં આવ્યા, દિવાલોમાં જીવતા ચણી દેવામાં આવ્યા અને જીવતા સળગાવી દેવાયા (જેના અનેક પ્રમાણો મદુરાઈ, મુણિવસહિ, કાંજીવરમ્-જૈન કાંચી, વગેરેમાં મૂક, ગુપ્ત રહ્યાં છે.) પરંતુ તેમની અમૂલ્ય-નિધિ સમ કાળજયી જૈન સાહિત્ય પણ ભસ્મીભૂત કરી દેવાયું! ધર્માંધતાનું આવું ક્રૂર અને મહાકલંક-કાલિમા ભરેલું દૃષ્ટાંત સભ્ય,

સહિષ્ણુ, સુસંસ્કૃત ભારતીય સમાજના ઇતિહાસમાં ક્યાંય મળશે ખરું?

આવા મહાન ગ્રંથ અને મહાન પૂજનીય જૈન સૃજક મુનિ–આચાર્ય ભલે ભસ્મીભૂત કરી દેવાયા હોય, પરંતુ મહાપ્રાણધ્યાની ભદ્રબાહુની તેમના પર વ્યાપ્ત રહેલી મહાપ્રભા–ઋતંભરા પ્રજ્ઞાની છાયાને ભસ્મીભૂત કરી નહીં શક્યા એ જૈનદ્વેષી દળ! દક્ષિણાપથની કર્ણાટકની અનેક ગહ્વર ગુફાઓ અને ગિરિકંદરાઓમાં તેના આંદોલનો આજે પણ વિદ્યમાન છે. આ ગુફાઓ અને શહાદતભરેલી દિવાલો, ભદ્રબાહુની સમાધિમરણ-ધૂસરિત ચંદ્રગિરિ પર્વતગુફાની જેમ આજે પણ ઘણું બધું કહી રહી છે. એ નિમંત્રણ આપી રહી છે. સંશોધકોને, એ ગુફાઓમાં ગુંજી રહેલા ધ્યાન અને ધ્વનિના આંદોલનોને પકડવા માટે અને પાષાણો નીચે દબાઈ પડેલા કેટલાયે લુપ્ત-વિલુપ્ત-ગુપ્ત ગ્રંથોને શોધી કાઢવા માટે, કે જે મહાધ્યાની મુનિઓની ગહન આત્માનુભૂતિઓની સમર્થ અભિવ્યક્તિમાં રચાયા હતા.

આ મહત્ શોધકાર્ય પૂર્વે, ભદ્રબાહુના પરવર્તી સર્જકોનું ગ્રંથ-સર્જન પ્રથમ જોઈને અવગાહન કરી લેવું ઉપયોગી થશે. આજે અનુપલબ્ધ એવું, અપૂર્વ આત્માનુભૂતિઓની સશક્ત અભિવ્યક્તિ-ઓમાં લખાયેલું આ સાહિત્ય શોધી કાઢવા કોણ મહાપ્રાણ આત્મા પ્રગટ થશે? કર્ણાટકની કંદરાઓ એની પ્રતીક્ષા કરી રહી છે.

**આચાર્ય ભદ્રબાહુની ભૂમિકા અને પ્રભાવ દક્ષિણમાં-કર્ણાટકમાં**

`Bhadrabahu and Silabhadra were contemporaries in the sixth generation after Sudharman had attained liberation.

The migration of Bhadrabahu along with a body of 12000 monks to the South sometimes between 296 or 298 B.C. is a landmrk in the history of Jainism. The first inscription of 600 A.D. at Sravanabelgola in Karnataka refers to this event and the relevent part may be quoted here. Now indeed after the Sun, Mahavira who had risen to elevate the whole world and who had shone with a thousand brilliant rays, his virtues which had caused the blooming of the lotuses, the blessed people, nourished the lake of the Supreme Jaina doctrine which was an abode of pre-eminent virtues had completely set, Bhadrabahu Swami, of lineage rendered illustrious by a succession of great men came in regular descent from the vanerable supreme Rsi Gautama Gandhar, his immediate disciple Lohacarya, Jambu, Aparapta, Goverdhana, Bhadrabahu, Visakha, Prosthita. Kritkarya, Jayanama, Siddhartha, Dhritsena, Buddhila and other teachers, who were acquainted with the true nature of the eight fold great omen and forefold in Ujjayini a calamity lasting for a period of twelve years, the entire Sangha (or the community) set out from the North to the South and reached by degrees a country with many hundreds of villages and filled with happy people.'

According to the tradition, Chandragupta Maurya who was Emperor abolicated his throne and accompanied the Srutakevalin. Two inscriptions [Nos. 17 and 18] on the Chandragiri Hill and two others found near Srirangapattama mention Bhadrabahu and Chandragupta as two ascetics. That the two came together to Sravanabelgola is confirmed by a Kannada work `Munivamsabhyudaya' by a poet called-Cidanandakavi who wrote his work in 1680 A.D.'

મતભેદો હોવા છતાં પણ અધિકાંશ સંશોધકો એ નિષ્કર્ષ પર આવે છે કે ભદ્રબાહુના પૂર્વકાળ સુધી જૈન પરંપરા અવિભક્ત હતી. તેમના પછી જ શ્વેતાંબરથી દિગંબર વિભક્ત થયા હોવા જોઈએ. [શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ આ વિષે વેદનાપૂર્વક લખ્યું છે.- ‘આશ્ચર્યકારક ભેદો પડી ગયા છે.’ (વચનામૃત).]

જોઇએ એક વિદેશી વિદ્વાનનું કથન:

`Dr. Harnell Says :

`Before Bhadrabahu the Jain Community was undivided, with him, the Digambaras separeted from the Svetambara.' [Justice T. K. Tukol (Ex-V.C. B'lore University : `Compendium of JAINISM' (P.P.48-49-50).]

આમ આ વર્તમાનકાળના ચરમ શાસનપતિ ભગવાન મહાવીર પરવર્તી યુગપ્રધાન આચાર્ય ભદ્રબાહુનો આવો મહાન પ્રભાવ રહ્યો. કર્ણાટક, દક્ષિણ ભારત અને સમગ્ર ભારતની શ્રમણ જૈન પરંપરા પર. તેમના પદાર્પણથી પ્રભાવિત આ જ કર્ણાટકની ભૂમિ પર પધાર્યા. વર્તમાનકાલીન યુગપ્રધાન ભદ્રમુનિ સહજાનંદઘનજી. (તેમના યુગપ્રધાનત્વની તેમજ શ્રીમદ્જીના પણ યુગપ્રધાનત્વની સ્પલતા કરતો અન્ય લેખ દૃષ્ટવ્ય સ્વતંત્ર વિસ્તૃત લેખ ‘કચ્છથી કર્ણાટકની યુગપ્રધાન ભદ્રબાહુની યોગભૂમિમાં ભદ્રમુનિ સહજાનંદઘનજી.’)

દિગંબર-શ્વેતાંબર સમન્વયાર્થી યુગપ્રધાન જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્રજી સમર્પિત લઘુતાધારી સહજાનંદઘનજીનો કર્ણાટક-દક્ષિણ ભારતમાં શો પ્રભાવ અને પ્રદાન રહ્યાં એ હવે પછી જોઈશું-ખાસ કરીને દિગંબર-શ્વેતાંબર બંને પરંપરાઓના સમન્વયની પણ દિશામાં તેમજ વિધર્મીઓના અને વિજયનગર પર આક્રમક મૂર્તિભંજકોના જૈન ધર્મ પરના બેવડા પ્રહારોથી જૈન સંસ્કૃતિ અને નિર્દોષ ધ્યાની શ્રમણ મુનિઓને ધ્વસ્ત કરતી આ દક્ષિણાપથની રક્તરંજિત ધરતી પરના ઉપદ્રવો–ઉપસર્ગોના વિષયમાં. (આ ગ્રંથના હવે પછીનાં પ્રકરણો : ‘ભદ્રમુનિ પૃષ્ઠભૂમિ’, ‘સિદ્ધભૂમિનો ઇતિહાસ’, ‘આત્મકથા-આશ્રમકથા’ અને ‘દક્ષિણપથની સાધનાયાત્રા’ ઈત્યાદિ. ઉપરાંત ઉપાસ્યપદે ઉપાદેયતા પુસ્તિકા. ✶✶✶

E-mail : pratapkumartoliya@gmail.com
(M) : 09611231580 / 09845006542 / (LL) 080-65953440)

# અષ્ટપ્રકારી પૂજાની કથાઓ

☐ આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી

## ૫ દીપક પૂજા કથા

ભવાટવિના ભ્રમણ કેવા કેવા ભવ સર્જે છે.

કોઈ કાળે હેમપુર નામના નગરમાં મકરધ્વજ નામે રાજા રહે.

રાજા મકરધ્વજને બે રાણી.

એક કનકમાલા અને બીજી દૃઢમતી.

કનકમાલા રાણી મકરધ્વજને અત્યંત પ્રિય.

દૃઢમતી મકરધ્વજને દીઠી પણ ના ગમે.

દૃઢમતી આ જુએ અને મનોમન દુઃખી થાય. તે વિચારે કે કનકમાલા મારી જેમ દુઃખી થજો.

માનવીના મનમાં આવતા વિચાર ફળે એવું થોડું બને!

દૃઢમતી અશુભ વિચાર કર્યા કરે, દુષ્ટ વિચાર કર્યા કરે અને મનોમન હિજરાયા કરે. એકદા અચાનક તેનું મૃત્યુ થયું. તે મરીને વ્યંતરી થઈ.

વ્યંતરીએ પોતાનો પૂર્વભવ જોયો. કનકમાલા જોઈ. એનો દ્વેષ તીવ્ર થઈ ગયો.

વ્યંતરીએ કનકમાલાને હેરાનપરેશાન કરવા માંડી. જાતજાતના ઉપદ્રવ કરવા માંડ્યા. કનકમાલા ડગલે ને પગલે હેરાન થવા માંડી.

કિંતુ કનકમાલા શાંત હતી. સમતા એનો ગુણ હતો. તે જે દુઃખ આવી પડતાં તે સહન કરતી. પોતાના કર્મનો દોષ ગણતી.

એક દિવસ કનકમાલા શયનખંડમાં સૂતી હતી. વ્યંતરીએ તેની બાજુમાં ફૂંફાડા મારતો કાળોતરો સાપ મૂકી દીધો. તે જ વખતે પડખું ફેરવેલી કનકમાલાએ સાપને જોયો. તે ગભરાયા વિના ઊભી થઈ. તેણે હાથ જોડ્યા. તે નવકાર મંત્ર ગણવા માંડી.

દૃઢમતી વ્યંતરી આ જોઈને પ્રસન્ન થઈ. તેણે કનકમાલાને પોતાનો પરિચય આપીને વરદાન માગવા કહ્યું. કનકમાલા કહે, 'મારા રાજમહેલની બાજુમાં ભવ્ય શિખરબદ્ધ જિનાલય બનાવી આપો.'

દૃઢમતી વ્યંતરીએ થોડાક જ સમયમાં ભવ્ય જિનાલય ખડું કરી દીધું.

કનકમાલા આ નૂતન જિનમંદિરમાં નિયમિત જવા માંડી. ભાવથી પ્રભુની દીપપૂજા કરવા માંડી.

આખો જિનપ્રાસાદ રત્ન, મણિ, માણેકથી મઢેલો હતો. જ્યારે કનકમાલા તેમાં દીપક પ્રગટાવતી ત્યારે આખો પ્રાસાદ ઝળહળી ઊઠતો.

એક દિવસ વ્યંતરીએ આવીને કહ્યું, 'કનકમાલા, તું પુણ્યશાળી છે, પણ આ રત્નોમાં તારે મોહ પામવાનો નથી. ઉત્તમ રત્નો તો માત્ર ત્રણ જ છે. તેનું નામ છે સમ્યક્જ્ઞાન, સમ્યક્દર્શન, સમ્યક્ચારિત્ર.

આ ત્રણે રત્નોનો સ્વીકાર કરીને તારા આત્માનું કલ્યાણ કર.'

રાણી કનકમાલા આ દેવવાણી સાંભળીને પ્રતિબોધ પામી. એ કોઈ જ્ઞાની ગુરુભગવંત પાસે ગઈ. પોતે સાંભળેલી દેવવાણી ગુરુવરને કહીને પોતે શું કરવું તેનું માર્ગદર્શન માગ્યું.

ગુરુવર કહે:

'કનકમાલા, તું પુણ્યશાળી છે. તેં જીનવભર ભગવાનની દીપપૂજા કરી છે. દીપપૂજાનો પ્રભાવ અનોખો છે. આ જગતમાં જેમણે જેમણે દીપપૂજા કરી હતી તેમણે તેમણે અચિંત્ય સુખો પ્રાપ્ત કર્યાં હતાં. આ દીપપૂજાના પ્રભાવથી તેં જિંદગીનાં અનેક કષ્ટોમાંથી મુક્તિ મેળવી અને સુખ પ્રાપ્ત કર્યું. જે દેવે આજે તને જે બોધ આપ્યો છે, તે તારા આત્માના ઉત્કર્ષ માટે છે. તું દીક્ષાના પંથે જા. તારું કલ્યાણ થશે.'

કનકમાલા કહે, 'હે ગુરુદેવ, શું મને મારો પૂર્વભવ જાણવા મળે?'

ગુરુવર કહે: 'ગયા ભવમાં તું મેઘરથ નગરમાં સુરદત્ત શેઠની પુત્રી હતી. તારું નામ જિનમતી હતું. ધનશ્રી નામની યુવતી સાથે તારે બહેનપણાં હતાં.

જિનમતી અને ધનશ્રી બન્નેને એકબીજા વિના ચાલતું નહીં. બન્ને સખીઓ સાથે ભણે, સાથે રમે અને સાથે જીવે.

જિનમતી હંમેશાં ભગવાનની પૂજા કરવા જતી. ધનશ્રીને ભગવાનની પૂજામાં રસ નહોતો. જિનમતીને પ્રાતઃકાળે ભગવાનનું મુખ નિહાળ્યા વિના મોંમાં પાણી નાખવું પણ ન ગમતું. એ ભગવાનની પૂજા કરવા જતી અને જ્યારે ભગવાનની દીપપૂજા કરતી ત્યારે તેનો મનમયૂર નૃત્ય કરી ઊઠતો. તે દીપકમાં ખૂબ ઘી પૂરતી અને દીપક પ્રગટાવતી.

ધનશ્રી આ જોઈને કહેતી, 'જિનમતી, તું ઘીનો આવો શા માટે બગાડ કરે છે?'

જિનમતી કહેતી, 'બહેન, આ બગાડ નથી, આ તો ભક્તિ છે. જ્યાં ભક્તિ હોય છે ત્યાં આવા નાના વિચાર કોઈને આવતા જ નથી. દીપક એ તો ભક્તિનું પ્રતીક છે. આ દીપ આપણા આત્માને વીંટળાયેલા અજ્ઞાનના અંધકારને દૂર કરે છે. ત્રિકાળ દીપપૂજા કરવાથી આત્મા તેજોમય બને છે. અશુભ કર્મો બળીને ખાખ થઈજાય છે.'

એ શુભ પળ હતી. ધનશ્રીને જિનમતીની વાત ગમી ગઈ. તે દિવસથી ધનશ્રી પણ ખૂબ ભાવથી ભગવાનની દીપક પૂજા કરવા લાગી. એ પળે ધનશ્રીને લાગતું હતું કે પોતાના હૃદયમાં કોઈ અપૂર્વ પ્રકાશ ફેલાઈ રહ્યો છે.

*જ્યાં જ્યાં થઈ દીપપૂજા,*
*પ્રગટ્યો ત્યાં સુખનો ઉજાસ*

સમય જતાં જિનમતી અને ધનશ્રી મૃત્યુ પામી દેવલોકમાં ગઈ.

એ બન્ને દેવીઓમાંથી એક મૃત્યુ પામીને પૃથ્વીલોક પર આવી. તેનું નામ કનકમાલા, તે તું પોતે છે. ગયા ભવમાં તું ધનશ્રી હતી.

જિનમતીનો આત્મા હવે ચ્યવન પામીને પૃથ્વીલોક પર આવશે. તે આજ નગરમાં સાગરદત્ત શેઠને ત્યાં પુત્રી રૂપે જન્મ લેશે. તેનું નામ હશે સુદર્શના. તેની પાસે તું જજે, તેને પણ પ્રતિબોધ આપજે.

ભવિષ્ય એવું નિર્માણ થશે કે તમે બન્ને સાથે દીક્ષા લેશો અને આ જ ભવમાં સાથે મોક્ષમાં જશો.

એમ જ થયું.

કનકમાલા અને સુદર્શનાએ ચારિત્ર ગ્રહણ કર્યું. અને પવિત્રજીવન જીવીને પરમપદ પ્રાપ્ત કર્યું. દીપપૂજાનો આવો છે મહિમા! ✷ ✷

## દીપક પૂજાના દુહા

૧. પંચમી ગતિ વરવા ભણી, પંચમી પૂજા રસાળ;
કેવળજ્ઞાન ગવેષવા,ધરીયે દીપક માળ.

દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતા દુઃખ ફોક;
ભાવ પ્રદીપ પ્રગટે હુયે, ભાસિત લોકાલોક.

–પં. વીરવિજયજી

૨. નિશ્ચય ધન જે નિજતણું, તિરોભાવ છે તેહ;
પ્રભુમુખ દ્રવ્યદીપક ધરી, આવિર્ભાવ કરેહ.

અભિનવ દીપક એ પ્રભુ, પૂજી માગો હેય;
અજ્ઞાત તિમિર જે અનાદિનું, ટાળો દેવાધિદેવ.

–શ્રી દેવવિજયજી

૩. જગપ્રદીપપુર દીપ શુભ, કરતાં ભાવો એહ;
અવરાણું જે અનાદિનું, જ્ઞાન લહું નિજ તેહ.

–પં. ઉત્તમવિજયજી

**પંથે પંથે પાથેય...**(અનુસંધાન પૃષ્ઠ છેલ્લાનું ચાલુ)

જ્યારે પરાજીત અથવા પરાજીતા નકામા, અણગમતા, અણઉપયોગી વિચારોની પાછળ ઘેલા થવા લાગે છે. એ સફળ થવામાં શું મુશ્કેલી છે, શું કમજોરી છે, આ કામ ન કરવાના કારણો દૂધમાં પોરાની જેમ ખોળી કાઢે છે. એ વ્યક્તિને આગળ જતા રોકે છે. નિષ્ફળતાના ઢગલેઢગલા કારણો રજૂ કરી આગળ વધતા અટકાવે છે.

ત્રીજો ચોકીદાર સફળ અને અસફળ બંને વિચારોને વધાવે છે. આ પણ આવો અને આ પણ આવો. ઘડીમાં ચકડોળની જેમ ઉપર લઈ જાય, ઘડીકમાં નીચે, બસ વિચારોમાં ફંગોળ્યા કરે, મન-મસ્તક અશાંત થઈ જાય, પેટમાં ચૂંથારો થયા કરે અને વ્યક્તિ કશું પણ ન કરી શકવાની અનિર્ણાયક સ્થિતિમાં અટવાયા કરે.

હવે નિર્ણય આપણે કરવાનો છે કે ક્યા ચોકીદારને આજ્ઞા કરવી છે. જો સકારાત્મક સુઝાવ હશે તો જીતભાઈ સક્રિય થશે અને મંડશે કામ કરવા. જિંદગી હંમેશાં આવડતવાળા, કોઠાસૂઝ જાગૃત હોય તેવા, ભીતરી માંહ્યલાને માંઝ્યા કરતા હોય એને પસંદ કરે છે અને એટલે જ બધા ટોચ પર બીરાજતા નથી.

પરાજીતભાઈના સથવારે બુદ્ધુ લોકો ખીણમાં જ અથડાયા કરે છે. ક્યારેક કોઈ કહે–અમે આમ કેમ કરીએ છીએ એ ખબર નથી પડતી, પણ પ્યારા મિત્ર, અંતઃકરણને સાંભળો ને! એની તરફ બહેરાશ ન લાવો. સત્કર્મ કરતાં જ અંદરથી આનંદ, પ્રસન્નતા અનુભવાય છે. તે જ રીતે ખોટું થઈ જતાં જ મનને દુઃખ થાય છે, એ ગ્લાનિ અનુભવે છે . એટલે અંતરાત્મા આપણો મોટામાં મોટો પ્રશંસક પણ અને ચેતવણીકાર છે. અંતઃકરણની કોર્ટમાં ઉચિત ન્યાય મળે જ છે.

અંતઃકરણના અવાજને સાંભળવા માટે નિરાંત, શાંતતા અને એકાંતનો આનંદ ઉઠાવવો જરૂરી... રોજ થોડા સમયનું ધ્યાન આ માટે ઉપયોગી છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે :

`Talk to yourself atleast once in a day. Oherwise you may miss a meeting with an excellent person in this world.

અંતઃકરણનો સામનો કરવા નીડરતાનો વિકાસ કરવો જરૂરી છે. ઘણું ય એવું દેખાશે જેથી આપણે ડરીને બહેરા થઈ જઈએ છીએ અને આખી વાત નસીબ પર ન્યોછાવર કરી દઈએ છીએ. નસીબના ભરોસે આગળ ન વધી શકાય.

અંતઃકરણની દૃષ્ટિ જેટલી સજાગ એટલું ગબડી પડવાનું, ભૂલ થઈ જવાનું ઓછું થશે. જેમ અંધ વ્યક્તિ ખુલ્લા કાનને લીધે ગતિમાન બને છે. એ અવાજની દિશામાં પોતાનો પથ ધીમે ધીમે કાપે છે. એને કોઈ ઉતાવળ નથી હોતી. આપણે અંતઃકરણને સાંભળ્યા વિના ઉતાવળે નિર્ણય લઈને કોઈ વિશે અભિપ્રાય આપીએ કે કશા વિશે મૂલ્યાંકન કરીએ છીએ, જેથી રાગદ્વેષનો ગુણાકાર કરીએ છીએ. લાંબે ગાળે પશ્ચાતાપની આગમાં શેકાવું પડે છે.

આ ઉતાવળના મુખ્ય કારણ જીદ્દ, વટ, અભિમાન, અહંકાર, પોતા માટેનો ઊંચો અભિપ્રાય અને પરિણામ અથવા ફળ જલદી પ્રાપ્ત કરવાની મનોઇચ્છા કારણભૂત છે.

આપણે મનોશિક્ષણના પગથિયા વિશે વિચાર કરીએ છીએ.

૧. અંતઃકરણનું સાંભળી, યોગ્ય નિર્ણય માટે પરિવાર, મિત્રો કે જાણકારની સાથે ચર્ચા કરીને યોગ્ય દિશા તરફ વળવું.
૨. ભીતરથી સદાય પ્રસન્ન રહેવું, આનંદને પ્રસારિત કરતા રહેવું.
૩. વાચન, સમૂહ વાચન, સહવાચન અને સત્સંગનો આગ્રહ સેવવો.
૪. બીજાના અનુભવોમાંથી શીખી એમણે કરેલ ભૂલો પ્રત્યે સજાગ રહેવું.
૫. 'મને બધું આવડે છે' એવા ભ્રમમાં ન રહેવું. પોતાની ખૂબી અને ખામી બંનેને લક્ષમાં રાખી સ્વમૂલ્યાંકન કરવું.
૬. સમસ્યા તો આવશે જ, પણ મિ. જયની મદદ લઈ ખુલ્લા દિલે, આશાથી ભરપૂર સકારાત્મક રીતે વિચારવાથી સમાધાન અચૂક મળે જ.
૭. હતાશા, નિરાશા, નકારાત્મકતા એટલે કે મિ. પરાજીતથી કોસો દૂર રહેવું, એની મિત્રતા ન કેળવવી, એના અવાજને ઉગતો જ ડામી દેવો.
૮. સફળતા અન્ય લોકો આંકે છે, સંતોષ પોતાના મનમાંથી ઉઠતી અનુભૂતિ છે એટલે સફળતાથી વિશેષ સંતોષને પ્રાધાન્ય આપવું. ✷ ✷ ✷

૧૨, હીરા ભુવન, કુણાલ જૈન ચોક, વી.પી. રોડ,
મુલુંડ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૮૦. મોબાઈલ : ૯૯૬૯૧૧૦૯૫૮.

# દ્વિતિય અભ્યંતર તપ – વિનય

☐ સુબોધીબેન સતીશ મસાલીઆ

વિનય તપનો સામાન્ય અર્થ એવો થાય છે કે ધર્માત્માનું સન્માન અને આદર કરવો. માતા-પિતા-ગુરુ-વડીલો વગેરે શ્રેષ્ઠ વ્યક્તિઓનું આદર-સન્માન કરવું. વિનય તપના ઘણા પ્રકાર છે. દર્શનવિનય, જ્ઞાનવિનય, ચારિત્રવિનય, તપવિનય, ઉપચારવિનય, દેવવિનય, ગુરુવિનય, શાસ્ત્રવિનય, નિશ્ચયવિનય, વ્યવહારવિનય, મન-વચન-કાર્યવિનય એમ ઘણા પ્રકાર છે.

ટૂંકમાં સમજાવું તો...મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ તથા કેવળજ્ઞાન એ પાંચ જ્ઞાન તથા જ્ઞાનીની આશાતના કરવી નહીં, એમનું બહુમાન, ગુણકિર્તન કરવા, વિનયપૂર્વક, વિધિસહિત જ્ઞાન ગ્રહણ કરવું, પુસ્તકોનો યોગ મળવો તે મહાલાભનું કારણ માનવું. તેનો આદર સત્કાર કરવો (જ્ઞાનવિનય), સમ્યક્ દર્શન ધારણ કરનારા પ્રત્યે પ્રીતિ ધરવી, આત્મા અને પરપદાર્થના ભેદ વિજ્ઞાનનો અનુભવ કરવો, વિષય કષાયને ઘટાડવા, તથા ચારિત્ર ધારણ કરનારાઓના ગુણોનો આદર કરવો. ધ્યાન-સાધનામાં ઉદ્યમવંત બનવું. ઇંદ્રિયોને વિષયોમાં પ્રવર્તતી રોકવા માટે ઉપવાસ આદિ તપ કરવો, અરિહંત દેવનું ચિંતન કરી ધ્યાન કરવું, ગુરુને જોઈને ઊભા થવું, સામે લેવા જવું, આસનાદિ પાથરવું, સેવા કરવી, સ્થાન સુધી પહોંચાડવા જવું, તેમનો સત્કાર કરવો, સન્માન દેવું, રોગી, વૃદ્ધ, ગુરુ આદિની ચિંતા–દુ:ખ જાણીને દૂર કરવાં. બહુ આદરથી સત્શાત્ર ભણવું, **રાગ-દ્વેષ વડે આત્માનો ઘાત ન થાય તેમ પ્રવર્તવું,** કોઈ જીવનો તિરસ્કાર, અપમાન ન થાય તેમ વર્તવું વગેરે વિનય તપના પ્રકાર છે.

પણ આપણે જે અર્થમાં વિનયતપને સમજીએ છીએ તેમાં અધૂરાપણું દેખાય છે. કેમકે આપણે દ્વંદ્વમાં જીવીએ છીએ. દ્વંદ્વ એક ગુણ હોય તો તેની સામેનો વિરોધી ગુણ આપણામાં હયાતજ હોય. જેમકે જ્યાં દયા છે ત્યાં ક્રુરતા છેજ. રાગ છે ત્યાં દ્વેષ હયાતજ છે. તમારા દીકરાને કોઈ બે લાફા મારશે તો તમને મારનાર પ્રત્યે દ્વેષ આવશે કેમકે તમને તમારા દીકરા પ્રત્યે રાગ છે. બિલાડીના મોઢામાંથી ઉંદરને છોડાવવા છૂટો પથ્થર બિલાડીને મારશો. ઉંદર પર દયા કરી તો બિલાડી પર ક્રૂરતા આચરી. એમ અમુકમાં શ્રેષ્ઠતાને જોશું તો તેનો આદર કરશું...તો અમુકમાં હીનતાને જોશું અને તેનો અનાદર, અવિનય કરીશું. એટલે આપણામાં સાચો વિનય પેદા થતો નથી.

વિતરાગ દ્વંદ્વાતીત કહેવાય છે. તેમાં દયા પણ નહીં તો ક્રૂરતા પણ નહીં...ફક્ત કરૂણા છે. તેમાં રાગ પણ નહીં ને દ્વેષ પણ નહીં, મધ્યસ્થ છે. તપ એ તો વીતરાગની સીડી ચઢવાના પગથિયા છે. સાતમો અભ્યંતર તપ વિનય એ તો ઉત્કૃષ્ટ છે. તેનો આટલો છીછરો અર્થ હોઈ ન શકે. અભ્યંતર તપ તો આપણા અંદરના ગુણને જગાડવા માટે છે. જે કોઈ શ્રેષ્ઠ હોય, એને તમે આદર આપતા હો તો તેમાં તમારો ગુણ શું? એ વ્યક્તિ શ્રેષ્ઠ છે, એને આદર આપવો પડે છે, માટે આપો છો. તેનાથી તમારામાં કાંઈ રૂપાંતર થતું નથી. એને આદર આપવાનું ભલે ચાલુ રાખો. પરંતુ માત્ર તેટલાથી તમારો વિનય તપ સધાઈ ગયો એમ માની લેવાની ભૂલ કરવી નહીં.

જ્યારે કોઈ પણ સરખામણી વગર, કોઈ પણ તુલના વગર દરેક પ્રત્યે વિનયનો ભાવ પેદા થાય, ત્યારે એ તમારો આંતરગુણ બને છે. મહાવીર એમ નથી કહેતા કે ફક્ત શ્રેષ્ઠજનોને આદર આપો તે વિનય છે, પરંતુ કોઈ પણ ભેદભાવ વગર આદર અપાય ત્યારે વિનય તપ પેદા થાય છે.

જીવમાત્ર પ્રત્યે આદર, અસ્તિત્વ પ્રત્યે આદર, જે છે તેના પ્રત્યે આદર, નિંદક કે પ્રશંસક, ચોર કે સાધુ, જે જેવા છે તેના પ્રત્યે આદર. શ્રેષ્ઠત્વનો કોઈ સવાલ જ નથી. તેમનું હોવું જ પર્યાપ્ત છે. એ દરેક પ્રત્યે આદર સંભવે ત્યારે વિનય નામનો તપ સધાય છે. જ્યાં સુધી હું તોલી તોલીને આદર આપું ત્યાં સુધી એ મારો ગુણ નથી. મને જો કોહિનૂર હીરો સુંદર લાગતો હોય, તો તે કોહિનૂરનો ગુણ છે. પણ જ્યારે રસ્તા પર પડેલ પત્થરમાંય સૌંદર્ય દેખાય તો હવે સૌંદર્ય જ જોવાનો મારો ગુણ બની ગયો.

ફક્ત શ્રેષ્ઠનેજ આદર આપવામાં આપણે કોઈ પ્રયત્ન, શ્રમ કે આંતરિક પરિવર્તન કરવું પડતું નથી, જ્યારે જીવમાત્ર પ્રત્યે આદરભાવ જાગે છે ત્યારે આંતરિક પરિવર્તન થાય છે. સવાલ એ નથી કે તમે બેઈમાન છો કે ઈમાનદાર, તમે બેઈમાન હો તો પણ હવા તમને ઑક્સિજન આપવાની ના નથી પાડતી. આકાશ એમ નથી કહેતું કે હું તને જગ્યા નહીં આપું તું બેઈમાન છે. જ્યારે આખું અસ્તિત્વ તમારો સ્વીકાર કરે છે તો હું કોણ છું, તમારો અસ્વીકાર કરનાર!!! તમે છો એટલું પુરતું છે. હું વિનય કરીશ. સન્માન આપીશ. કોઈપણ જાંચ પડતાલ વિના, કોઈપણ શરત વિના, જીવન પ્રત્યે સહજ સન્માન એજ વિનય છે. વળી તમે કોને શ્રેષ્ઠ ગણશો? જે આજે શ્રેષ્ઠ છે, તે ભૂતકાળમાં ન હતા. કદાચ ભવિષ્યમાં નહીં હોય. તો કોને વિનય કરશો?

જેમકે આદિનાથ દાદા જે આજે આપણા માટે શ્રેષ્ઠતમ છે, તે એમના પાંચમા લલિતાંગદેવના ભવમાં વિષયાસક્ત હતા. લલિતાંગદેવની પ્રિયા સ્વયંપ્રભા ચ્યવી ગઈ. કોઈ દરિદ્રના ઘરે સાતમી કન્યાના રૂપમાં જન્મ લીધો. બધાએ છોડેલી, તરછોડેલી આ નિર્નામિકાને એક દિવસ યુગંધર કેવળીના દર્શનનો લાભ પ્રાપ્ત થાય છે. તે વૈરાગ્ય ભાવનાથી અનશન વ્રત અંગિકાર કરવા જઈ રહી છે. મોહાસક્ત બનેલ લલિતાંગદેવ (આદિનાથ દાદાનો જીવ) તેની પાસે જઈ તેની પત્ની બનવાનું નિયાણું કરાવે છે. તેથી ફરીથી

સ્વયંપ્રભા (શ્રેયાંસકુમારનો જીવ) એજ દેવલોકમાં લલિતાંગની પ્રિયા રૂપે જન્મી એકમેકમાં મોહાસક્ત બને છે. એજ જીવ છે કે જે એક દિવસ મોહાસક્ત હતો...આજે વીતરાગ છે...કોને શ્રેષ્ઠ ગણશો? કોને હીન? તીર્થંકર મહાવીરનો જીવ જે આજે વીતરાગ છે, શ્રેષ્ઠ છે...વિનયને પાત્ર છે તે એક ભવમાં અત્યંત અહંકારી, ક્રોધી, નિર્દયી, શય્યાપાલકના કાનમાં ધગધગતું સીસું રેડનાર જીવ હતો...કોનો વિનય કરશો, કોનો નહીં કરો! આજે તમારો પ્રશંસક કાલે નિંદક હોઈ શકે છે...આજે તમને જન્મ આપનાર કાલે મોતને ઘાટ ઉતારી શકે છે...માટે મહાવીર કહે છે, કોઈપણ શરત વિના...કોઈપણ ભેદભાવ વિના...જીવમાત્રનો વિનય કરો...એના જીવનનો, એના અસ્તિત્વનો વિનય કરો તો જ આ અભ્યંતર તપ આત્મસાત્ થશે.

વિનય તપ ત્યારે જ આત્મસાત્ થઈ શકશે જ્યારે પ્રાયશ્ચિત તપ ફલિત થયું હશે. તો જ માણસનું મન બીજાના દોષ જોવાનું બંધ કરશે. જ્યાં સુધી મન બીજાના દોષ જોયા કરે છે ત્યાં સુધી વિનય પેદા થઈ શકતો નથી. વિનય એટલે સૌ પ્રત્યે સહજ આદર. જ્યારે બીજાના દોષ જોઈને પોતાના અહંકારને પોષણ આપવાનું બંધ કરીએ ત્યારે વિનય પેદા થાય છે. નિંદામાં રસ માલુમ પડે છે ને પ્રશંસા કરતા પીડા થાય છે. બીજાના દોષ દૂર દૂરથી પણ આપણને દેખાય છે ને આપણા દોષ નિકટમાં નિકટ છે છતાં દેખાતા નથી. આપણા જે દોષ આપણને દેખાતા નથી તે બધા આપણા દુશ્મન છે. તે અંદર છૂપાઈને ૨૪ કલાક આપણને બહુ દુઃખ આપે છે. જ્યારે કોઈ બીજાનું ખૂન કરી નાખે છે, ત્યારે પણ એ માણસ માનતો નથી કે, 'મેં અપરાધ કર્યો છે. એ એમ માને છે કે, એ માણસે કામ જ એવા કર્યા હતા કે એનું ખૂન કરવું પડ્યું. દોષિત હું નથી.' આમ ભૂલ હંમેશાં બીજાની હોય છે. ભૂલ શબ્દ જ બીજાની તરફ તીર બનીને આગળ વધે છે. તેથી જ આપણો અહંકાર બળવાન બને છે. એટલે જ મહાવીરે પ્રાયશ્ચિતને પ્રથમ અભ્યંતર તપ કીધું. દરેક જણે એ સમજી લેવાની જરૂર છે કે ફક્ત મારા કૃત્ય નહીં, હું પોતે જ ખોટો, હું પોતે જ દોષિત હોઉં છું. આ સમજવાથી તીરની દિશા બદલાઈ જશે અને તીર તમારી તરફ તકાશે. આવી પરિસ્થિતિમાં વિનય નામનો અભ્યંતર તપ સધાશે. આવી જે વિનયની સ્થિતિ છે, તે પ્રાયશ્ચિત તપની પૂર્ણ સાધના પછી જ સાધી શકાય છે. માટે જ મહાવીરે પ્રાયશ્ચિતને વિનયની પહેલાં સ્થાન આપ્યું છે.

સવાલ એ થાય છે કે 'જીવ માત્ર પ્રત્યે આદર' એ બોલવું ને સાંભળવું તો ગમે...ઝાડ, પાન, પશુ, પક્ષી પ્રત્યે આદર રાખવો સહેલો છે, કેમકે તેઓ આપણને સામે બોલતા નથી, ક્રોધ કરતા નથી, પણ જે આપણી નિંદા કરે છે, ગેરવર્તન કરે છે તેના પ્રત્યે આદર, બહુમાન કેવી રીતે જાગૃત થાય? આપણે જાણીએ છીએ ને અનુભવીએ છીએ કે દુશ્મન પ્રત્યે, નિંદક પ્રત્યે, બૂરૂં કરનાર પ્રત્યે આદર-વિનય ઉત્પન્ન થવો સહેલો નથી; પણ જો કર્મની થીયરી બરાબર હૃદયમાં ઉતરી હશે...તો અસાધ્ય પણ નથી...

મહાવીર કહે છે કે જ્યારે કોઈ વ્યક્તિ કાંઈ કરે છે તો તે પોતાના કર્મને કારણે કરે છે, આપણા કારણે નહીં. આપણે જે કરીએ છીએ તે આપણા કર્મને કારણે કોઈ બીજાના કારણે નહીં. આ વાત જો બરાબર ખ્યાલમાં આવી જાય, તો વિનય સહજતાથી તમારામાં ઉતરશે. ધારો કે કોઈ માણસ તમારી સાથે ગેરવર્તન કરે છે, તો એ એટલા માટે કે એના ભૂતકાળના બધા કર્મોએ એવી સ્થિતિ પેદા કરી છે કે જેમાંથી ગેરવર્તન પેદા થાય. આવું જ્યારે તમે માનો છો ત્યારે તમે એના ગેરવર્તનને એના કર્મ સાથે જોડો છો. તો જ એના પ્રત્યે વિનય પેદા થશે.

મહાવીર કહે છે કે બીજાઓ પોતાની કર્મશૃંખલા પ્રમાણે નવા કર્મો કર્યા કરે છે. આપણે એની સાથે એટલો જ સંબંધ છે કે એ પ્રસંગે આપણે હાજર હતા; નિમિત્ત બન્યા. એ જ રીતે આપણામાં ક્યારેક વિસ્ફોટ થાય ત્યારે જે કોઈ હાજર હોય તે નિમિત્ત બને. જો આપણે એમ માનતા હોઈએ કે તમે તમારા કર્મ પ્રમાણે ચાલો છો ને હું મારા કર્મ પ્રમાણે ચાલું છું, તો અવિનય આવવાનું કોઈ કારણ નથી. જો કોઈ વ્યક્તિ મને છરો ભોંકી દે, તો એ એનું કર્મ છે, એ કર્મનું ફળ એ ભોગવશે. મારા કર્મની તો નિર્જરા થઈ રહી છે. એની સાથે મારો એટલો જ સંબંધ હોઈ શકે કે મારી પાછલી જીવનયાત્રામાં મારી છાતીમાં છરો ભોંકાય એવા મારા કોઈ કર્મ હશે. એટલું જો સ્પષ્ટ સમજાઈ જાય કે, આપણે પોતપોતાની કર્મની અંતરધારા મુજબ દોડ્યા કરીએ છીએ તો જ વિનય તપની સાધના થઈ શકે. કારણ કે તો જ બીજા સાથે આપણો કોઈ સંબંધ ન રહે, ના પ્રેમનો, ના ઘૃણાનો. તો બધા જ સંબંધ નિમિત્ત માત્ર રહે.

જો હું રસ્તે પસાર થઈ રહ્યો હોઉં ને અચાનક કોઈ ઝાડની ડાળી મારા પર પડે તો મને વૃક્ષ પર ક્રોધ આવતો નથી, કેમકે ઝાડ પાસે આપણને મારવા માટે કોઈ કારણ નથી. ઝાડની શાખા તૂટવાની અણી પર હતી, તોફાન આવ્યું, હવાનું ભારે મોજું આવ્યું, શાખા તૂટી પડી...સંયોગની વાત છે. હું ત્યારે ઝાડની નીચેથી પસાર થતો હતો. એ જ રીતે જે માણસ વિનયપૂર્ણ છે તેની સાથે તમે ગેરવર્તન કરો તો એવું માનશે કે તમે મનમાં ક્રોધથી ભરેલા હતા, ચિત્ત તમારું પરેશાન હશે, અને તમારાથી ગેરવર્તન થઈ ગયું હશે. એટલે જે વિનયપૂર્ણ હોય તેના વિનયમાં કોઈ અડચણ ઊભી થતી નથી. એ જાણે છે કે હું જે કાંઈ કરું છું તે મારા માટે કરું છું. ભલું કે ખરાબ...હું જ મારું નરક છું, હું જ મારું સ્વર્ગ છું. હું જ મારી મુક્તિ છું...મારા સિવાય કોઈ બીજું મારા માટે નિર્ણાયક નથી. ત્યારે જે વિનયભાવ પેદા થાય છે, જેમાં અહંકારનો અભાવ છે. તે જ સાચા અર્થમાં 'વિનય' તપ છે.

વિનય અંતરનો આવિર્ભાવ છે. વિનય બહુ મોટી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. મારો વિનય કોઈ શરતને આધીન નથી. એવું નહીં કે પતંગિયાને બચાવી લઈશું ને વીંછીને મારી નાખીશું...માની લઈએ કે વીંછીને બચાવવા જતાં એ ડંખ મારશે તો એ એનો સ્વભાવ છે. એના લીધે એના પ્રત્યેના આદરમાં કોઈ ફરક નહીં પડે. આપણે વીંછીને એમ નહીં કહીએ કે...તું ડંખ નહીં મારે તો જ તને પ્રેમ કરીશ...માની લઈએ કે...શત્રુ ગાળ આપશે, પથ્થર મારશે, કે પછી મારી નાખવાની કોશીશ કરશે...એ ઠીક છે...એ જે કરી રહ્યો છે તે એ જાણે... એ એનો વ્યવહાર છે. પરંતુ એની અંદર જે છુપાયું છે તે 'અસ્તિત્વ' છે. આપણો આદર, આપણો વિનય અસ્તિત્વ પ્રત્યે છે. આ છે મહાન મહાવીરનો ચીંધેલો મહાન વિનય–અભ્યંતર તપ. ✷ ✷ ✷

કાંદિવલી. મોબાઈલ: ૯૮૯૨૧૬૩૬૦૯.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા નિર્મિત


**આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત, જૈન ધર્મ તત્ત્વના વિશ્વ પ્રચારક પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈની હૃદયસ્પર્શી પ્રભાવક વાણીમાં**


**ડી.વી.ડી.**










**।। મહાવીર કથા ।।**
**બે ડી.વી.ડી. સેટ**

ભગવાન મહાવીરના જીવનનાં રહસ્યોને પ્રગટ કરતી, ગણધરવાદની મહાન ઘટનાઓને આલેખતી અને વર્તમાન યુગમાં ભગવાન મહાવીરના ઉપદેશોની મહત્તા દર્શાવતી સંગીત-સભર '**મહાવીરકથા**'. **કિંમત રૂા.**

**।। ગૌતમ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

અનંત લબ્ધિનિધાન ગુરુ ગૌતમ-સ્વામીના પૂર્વજીવનનો ઇતિહાસ આપીને એમના ભવ્ય આધ્યાત્મિક પરિવર્તનનો ખ્યાલ આપતી, અજોડ ગુરુભક્તિ અને અનુપમ લઘુતા પ્રગટાવતી રસસભર '**ગૌતમકથા**'. **કિંમત રૂા. ૧૫૦**

**।। ઋષભ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

રાજા ઋષભના જીવનચરિત્ર અને ત્યાગી ઋષભનાં કથાનકોને આવરી લેતું જૈનધર્મના આદિ તીર્થંકર ભગવાન શ્રી ઋષભ-દેવનું ચરિત્ર અને ચક્રવર્તી ભરતદેવ અને બાહુબલિનું રોમાંચક કથાનક ધરાવતી અનોખી '**ઋષભ કથા**'

**।। નેમ–રાજુલ કથા ।।**
**ત્રણ ડી.વી.ડી. સેટ**

નેમનાથની જાન, પશુઓનો ચિત્કાર, રથિ નેમીને રાજુલનો વૈરાગ્ય ઉદ્‌બોધ અને નેમ-રાજુલના વિરહ અને ત્યાગથી તપ સુધી વિસ્તરતી હૃદયસ્પર્શી કથા. **કિંમત રૂા. ૧૫૦**

**પાર્શ્વ–પદ્માવતી કથા**
**ત્રણ ડી.વી.ડી. સેટ**


પાર્શ્વનાથ ભગવાનના દસ પૂર્વભવોનો મર્મ. ભગવાનનું જીવન અને ચ્યવન કલ્યાણક. શંખેશ્વર તીર્થની સ્થાપના. પદ્માવતી ઉપાસના. આત્મ-સ્પર્શી કથા. **કિંમત રૂા. ૧૫૦**

**।। શ્રી હેમચંદ્રાચાર્ય કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**



કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્રનું નામ અત્યંત મહત્ત્વપૂર્ણ છે. તેઓ એક મહાન ગુરુ, સમાજ-સુધારક, ધર્માચાર્ય અને અદ્ભુત પ્રતિભા હતા. તેમણે સાહિત્ય, દર્શન, યોગ, વ્યાકરણ, કાવ્યશાસ્ત્ર અને વાઙમયનાં દરેક અંગો પર નવા સાહિત્યની રચના કરી તથા નવા પંથકોને આલોકિત કર્યા. તેમના જીવન અને કવન વિશે વધુ જાણો ડીવીડી દ્વારા...
ત્રણ ડીવીડી  કિંમત રૂા.૧૫૦

**।। શ્રીમદ્ રાજચંદ્ર કથા ।।**
**ત્રણ ડીવીડીનો સેટ**



ગાંધીજીના આધ્યાત્મ ગુરુ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ દેવદિવાળીના દિવસે મોરબી પાસેનાં વવાણિયા ગામે થયો હતો.તેઓ નાનપણમાં 'લક્ષ્મીનંદન', પછીથી રાયચંદ અનેત્યારબાદ શ્રીમદ્ રાજચંદ્ર તરીકે પ્રસિદ્ધ થયા. કહેવાય છે કે તેમને સાત વર્ષની વયે પૂર્વ જન્મનું જ્ઞાન થયું હતું. આઠ વર્ષની ઉંમરે કવિતા લખવાનો આરંભ કર્યો હતો. વધુ જાણો આ ડીવીડી દ્વારા.ત્રણ ડીવીડી કિંમત રૂા.૨૦૦

**એક ડીવીડીના ચાર સેટ સાથે લેનારને ૨૦% ડિસ્કાઉન્ટ**

**ઘરે બેઠાં દીવાનખાનામાં ધર્મતત્ત્વ કથાશ્રવણનો દશ્ય લાભ**
**કુમારપાળ દેસાઈની સંગીતને સથવારે ભાવભરી પ્રભાવક વાણી દ્વારા વહેતી આ કથાઓ આપને દિવ્ય જ્ઞાનભૂમિનું આત્મસ્પર્શી દર્શન કરાવશે જ.**
**સમૂહમાં સ્વાધ્યાય અને શ્રવણનો દિવ્ય આનંદ મેળવી સામાયિકનું પુણ્ય પ્રાપ્ત કરો. ● વસ્તુ કરતાં વિચારદાન શ્રેષ્ઠ છે.**

**ધર્મ પ્રચાર અને પ્રભાવના માટે કુલ ૭૫ ડીવીડી – પ્રત્યેક કથાના ૨૫ સેટ – લેનારને ૫૦ % ડિસ્કાઉન્ટ**

● બેંક ઑફ ઈન્ડિયાની ભારતની કોઈ પણ શાખામાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પ્રાર્થના સમાજ બ્રાંચ, A/c. No. 0039201 000 20260 IFSC : BKID 0000039 માં રકમ ભરી ઑર્ડરની વિગત સાથે અમને સ્લીપ મોકલો એટલે ડી.વી.ડી. આપને ઘરે કુરિયરથી રવાના કરાશે.રવાનગી ખર્ચ અલગ

ઉપરની **ડી.વી.ડી. સંઘની ઑફિસ** શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૩૩ મહમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી, એ.બી.સી. ટ્રાન્સપોર્ટની બાજુમાં, મુંબઈ-૪૦૦ ૦૦૪માં મળશે. સંપર્ક : પ્રવીણભાઈ ટેલિફોન : ૨૩૮૨૦૨૯૬.

# 'શાશ્વતા તીર્થાધિરાજ શત્રુંજયનાં સોળ ઉધ્ધારો તથા સોળમા ઉધ્ધારની ૫૦૦મી સાલગિરિની ઉજવણી અંગે સંક્ષિપ્તમાં.'

☐ હિંમતલાલ શાંતિલાલ ગાંધી

**શાશ્વત તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજનાં મેઘનાદ મંડપયુક્ત મુખ્ય જિનાલયમાં બિરાજમાન પ્રથમ તીર્થંકર શ્રી આદિનાથ દાદાની પ્રતિષ્ઠાના પંચશતાબ્દી સુવર્ણ મહોત્સવનાં મંગલ મંડાણ.**

શત્રુંજય તીર્થ અને દેશનાં અન્ય મહત્વનાં જૈન તીર્થોનો વહીવટ જેના હાથમાં છે, તે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પરમ આદરણીય ટ્રસ્ટીશ્રીઓ તથા સંચાલકોએ, પંદર વર્ષ પછી વૈશાખ વદી ૬, વિ. સં. ૨૦૮૭, તા. ૧૨-૦૫-૨૦૩૧નાં શુભ દિને આવનાર મહામંગલકારી પ્રસંગ ભવ્ય રીતે ઉજવવાનું આગોતરૂં આયોજન કર્યું છે, તે બદલ તેમને સકલ જૈન સંઘના અભિનંદન – અનુમોદના.

રજૂઆત ઉપરથી તો આ મહાન શાશ્વતાતીર્થના અધિપતિ, વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકર આદિનાથ દાદા અને તીર્થનો ઇતિહાસ ૪૮૫ વર્ષનોજ હોય એવું પ્રથમ નજરે લાગે. જ્યારે આ શાશ્વતુ તીર્થ તો અનાદિ કાળથી – અબજો વર્ષથી અસ્તિત્વમાં છે. ૪૮૫ વર્ષ પહેલા તો મેવાડનાં વીસા ઓસવાલ જ્ઞાતિનાં તોલાશાહનાં પાંચ પુત્રોમાં સૌથી નાના, શ્રેષ્ઠ અને ખ્યાતિનામ પુત્ર કર્માશાહે વૈશાખ વદી ૬ (ગુજરાતી ચૈત્ર) સં. ૧૫૮૭માં આ મહાન તીર્થનો સોળમો ઉધ્ધાર કર્યો હતો. તે પૂર્વે પંદર ઉધ્ધાર થયેલ હતા. તોલાશાહ મેવાડના મહારાણા સંગનો પરમ મિત્ર હતો.

આગળની વિગતો જાણતા પહેલાં ઉધ્ધાર અને જિર્ણોદ્ધાર અંગે સમજવા પ્રયત્ન કરીએ. કોઈ પણ તીર્થનાં તીર્થાધિપતિની પ્રતિમા કોઈ ખંડિત કરે અગર કોઈ કુદરતી કારણસર ખંડિત થાય, પૂજા-અર્ચના બંધ થાય, તીર્થયાત્રા બંધ થાય–તેવે સમયે તેને પૂર્વવત્ ચાલુ કરવા જિનબિંબ નિર્મિત કરી – પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવે તે તીર્થોધ્ધાર. કોઈ પણ પ્રાચીન જિનાલય જીર્ણ થઈ જાય, પરંતુ સેવા-અર્ચના–પૂજા ચાલુ હોય તે જિનાલયનું નવ-નિર્માણ-શાસ્ત્રોક્ત શિલ્પશાસ્ત્ર મુજબ રિપેરિંગ કરવામાં આવે અને હતાં તે જિનબિંબો પ્રતિષ્ઠિત કરવામાં આવે તે જિર્ણોદ્ધાર–સામાન્ય સમજણ મુજબ.

જૈન સાહિત્ય, કથાનકો, શાસ્ત્રો, જૈન ઇતિહાસ ઉપર આધાર રાખીએ તો શાશ્વતા તીર્થાધિરાજ શત્રુંજય, વિમલગિરિ, પુંડરિકગિરિ (વિ. જેનાં ૧૦૮ નામ છે)નો ૧૬ વખત ઉધ્ધાર થયાનું જાણવા મળે છે. એટલે પંદર વખત તીર્થાધિપતિ આદિનાથ દાદાની પ્રતિમા ખંડિત થયેલ હશે તેમ પ્રતિપાદિત થાય છે.

આ યુગ–મહાયુગનાં–જૈન મત પ્રમાણે 'અવસર્પિણી' અને 'ઉત્સર્પિણી' એ નામનાં મોટા કાલચક્રનાં બે વિભાગો છે. આ વિભાગોમાં સંખ્યા ન થઈ શકે એટલા વર્ષો પસાર થાય છે–એટલા અસંખ્ય વર્ષો પૂર્વે વર્તમાન ચોવીસીનાં પ્રથમ તીર્થંકર ઋષભદેવ ભગવાન–આદિનાથ થયાં હતાં. એમને બ્રાહ્મણો પણ વિષ્ણુનાં ૨૪ અવતારમાંના એક–આઠમો અવતાર માને છે અને એ અંગે વેદો અને પુરાણોમાં ઉલ્લેખ છે. એમનાં લાખો વર્ષનાં જીવનકાળ દરમ્યાન તેઓ શાશ્વતાતીર્થ શત્રુંજય ઉપર ૯૯૯ વખત વિચર્યા હતા, તપ-સાધના કર્યાં હતાં અને આ પવિત્ર ગિરિરાજને પવિત્ર-વધારે પાવન કરેલ છે. તેઓ આ ગિરિરાજનાં તીર્થાધિપતિ છે. એમની કાયા ૫૦૦ ધનુષ્યોની હતી. તેવી જ રીતે આ ગિરિરાજ પણ તળેટી વલ્લભીપુરથી આજનાં પ્રભાસપાટણ સુધી વિસ્તરેલ હતો. જેને ૧૦૮ ટૂંક હતી અને ગિરનાર પણ તેની એક ટૂંક જ હતો–તેવું જણાવાય છે. આ જંબુદ્વીપ નામના દ્વીપમાં દક્ષિણાર્દ્ધ ભરતક્ષેત્રનાં ભરતક્ષેત્રને વિશે શ્રી સિદ્ધાચલની પશ્ચિમે બ્રાહ્મી (હાલની સરસ્વતી) નામની નદી અને ચંદ્રોદ્યાન નામે ઉદ્યાન હતું જ્યાં આજે પ્રભાસપાટણ છે. સોમનાથ પાટણ પણ છે. ૧૦૮ ટૂંકમાંથી શત્રુંજય ગિરિરાજ, ગિરનાર ઉપરાંત પાંચ ટૂંક–શિખરો–ઢંક, કદમ, લોહિત્ય, તાલધ્વજ, કપર્દી આ પાંચ શિખરો સજીવન છે.

શ્રી આદિનાથ પ્રભુ–પ્રથમ તીર્થંકરનાં પુત્ર શ્રી ભરત ચક્રવર્તીએ પ્રભુથી ઉપદેશ પામીને આ અવસર્પિણી કાળમાં પહેલ વહેલો પ્રથમ શ્રી સિદ્ધાચલનો સંઘ કાઢ્યો હતો તથા તીર્થાધિરાજનો પ્રથમ ઉધ્ધાર પણ કર્યો હતો. એ અતિ વિશાળ માનવ સંખ્યા તથા અસંખ્ય હાથી ઘોડા વિગેરે સાથેનો સંઘ હતો. જેનો પડાવ–ઉતારો વિશાળ ચંદ્રોદ્યાનમાં રાખ્યો હતો. તે સમયે વૈતાઢ્યગિરિ નિવાસી વિદ્યાધરો કર્મયોગે જિતેન્દ્રિય તાપસો બનીને ત્યાં નિવાસ કરતાં હતાં તેમણે ભરત ચક્રવર્તીને કહ્યું કે, 'હે રાજા, અહીં આઠમા ભાવિ તીર્થંકર શ્રી ચંદ્રપ્રભસ્વામીનું સમવસરણ થવાનું છે, એટલે આદિનાથ પ્રભુનું ધ્યાન સ્મરણ કરતાં અમે અહીં સ્થિર રહ્યા છીએ.'

આ જાણીને શ્રી ભરત ચક્રવર્તીએ વાર્દ્ધકિ રત્ન પાસેથી શ્રી ચંદ્રપ્રભસ્વામીનાં પ્રસાદ સહિત મોટું નગર (આજનું પ્રભાસપાટણ) ત્યાં વસાવ્યું અને સકલ સંઘજન સમુદાય સાથે તે પ્રસાદરૂપ તીર્થની પ્રતિષ્ઠા કરી.

શાશ્વતાતીર્થના બીજાથી છઠ્ઠા ઉધ્ધાર અંગે ઉધ્ધાર કરનારનાં નામ સિવાય કશી માહિતી પ્રાપ્ત નથી.

બીજો ઉધ્ધારઃ દંડવીર્ય નામનાં રાજાએ કર્યો.

ત્રીજો ઉધ્ધારઃ શ્રી ઈશનેશ્વરે કર્યો.

ચોથો ઉધ્ધારઃ ચોથા દેવલોકનાં ઈંદ્રે કર્યો.

પાંચમો ઉધ્ધારઃ પાંચમા દેવલોકનાં બ્રહ્મેન્દ્ર-ઈંદ્રે કર્યો.

છઠ્ઠો ઉધ્ધારઃ ઈંદ્રોના ભવનપતિ ચમરેન્દ્ર-ઈંદ્રદેવે કર્યો.

બીજા તીર્થંકર અજિતનાથ પ્રભુના સમયમાં, પ્રભુના ઉપદેશથી બીજા ચક્રવર્તી સગરે શત્રુંજયનો સંઘ કાઢીને પધારેલ તથા શ્રી સિદ્ધાચલ તીર્થનો ઉધ્ધાર કર્યો–જે સાતમો ઉધ્ધાર હતો. સિદ્ધાચલથી રેવતાચલ જતાં માર્ગમાં શ્રી ચંદ્રપ્રભાસ તીર્થમાં શ્રી ચંદ્રપ્રભુસ્વામીનાં દર્શન કરી વિમાનમાં બેસી રેવતાચલ ગયા.

આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભસ્વામી ચંદ્ર-ઉદ્યાનમાં સમોવસર્યા ત્યારે ચંદ્રપ્રભા નગરીનો રાજા ચંદ્રશેખર, રાણી ચંદ્રપ્રભા અને યુવરાજ ચંદ્રયશ સાથે પ્રભુને વંદવા આવ્યા. પ્રભુનાં વચનામૃતોથી દીક્ષા ગ્રહણ કરી. તેમનાં ઉપદેશથી ચંદ્રયશ રાજાએ શ્રી સિદ્ધાચલજી, રેવતાચલ, આબુ વગેરેનો સંઘ કાઢી યાત્રા કરી તથા સિદ્ધાચલનો નવમો ઉધ્ધાર કર્યો. તેમનાં પહેલા ભગવાન અભિનંદન સ્વામીનાં સમયમાં રાજા વ્યાનતરેન્દ્રે આઠમો ઉધ્ધાર કર્યો.

સોળમા તીર્થંકર શ્રી શાંતિનાથ પ્રભુના સમયમાં, તેમનાં પુત્ર ચક્રધરે શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢેલ. ત્યારે ઈંદ્ર મહારાજાની પ્રેરણાથી શ્રી ચક્રધરે શ્રી સિદ્ધાચલજીનો ઉધ્ધાર કર્યો, જે દસમો હતો.

વીસમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામીનાં સમયમાં શ્રી દશરથ રાજાએ રામ-લક્ષ્મણ પુત્રો તથા પરિવાર સાથે છ'રી પાળતો શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢેલ. શ્રી રામચંદ્રજી અને લક્ષ્મણજીએ શ્રી સિદ્ધાચલજીનો ઉધ્ધાર કરેલ. આ અગિયારમો ઉધ્ધાર થયો.

બાવીસમા તીર્થંકર શ્રી નેમિનાથ પ્રભુનાં ઉપદેશથી પાંડવોએ શ્રી સિદ્ધાચલજીનો સંઘ કાઢેલ અને તીર્થનો મહા ઉધ્ધાર કરેલ. પાંડવો સિદ્ધાચલ ઉપર ચાર માસનાં ઉપવાસ કરી મોક્ષે ગયા. તીર્થાધિરાજનો આ રીતે બારમો ઉધ્ધાર થયો. આ બાર ઉધ્ધાર તીર્થંકર પ્રભુઓના સમયમાં થયા એટલે કે વિક્રમ સંવત તથા વીર સંવત પહેલા થયા હતા. જેટલી જેટલી વખત સિદ્ધાચલ તીર્થનાં જે જે ઉધ્ધારકો થયા, તે ઉધ્ધાર કરીને ગિરનાર પધાર્યા, તે સર્વ ઉધ્ધારકો શ્રી ચંદ્રપ્રભાસ તીર્થ આવવાનું ચૂક્યા નથી; આ કથન શ્રી શત્રુંજયમાહાત્માદિ ગ્રંથોનાં હિસાબે માનવું વધુ પડતું નથી.

વીર સંવત ૫૦૪થી ૫૮૪ના સમયમાં પ્રખર જ્ઞાની, પ્રતિભાવંત શ્રી વજ્રસ્વામી થયા. તેઓ શ્રી મહાવીર પ્રભુની પાટે તેરમા પટ્ટધર હતા. તેઓને બીજા ભદ્રબાહુ સ્વામી પણ કહેવામાં આવે છે. તે સમયે કાળ પ્રભાવે શ્રી શત્રુંજય તીર્થનો અધિષ્ટાયક કપર્દી યક્ષ મિથ્યાત્વી થઈ ગયો હતો. તે મનુષ્ય ભક્ષણ કરતો હતો અને રુધિર, ચામ, હાડ, માંસથી તીર્થાધિરાજની અતિ આશાતના થતી હતી. આસપાસના પચાસ યોજન સુધી બધું ઉજ્જડ થઈ ગયું હતું. યાત્રા બંધ હતી. તે સમયે મધુમતી (હાલનું મહુવા) ઉપરાંત ૧૨ ગામનાં અધિપતિ વીર જાવડશાહ હતા, જેઓ અશ્વોનાં સોદાગર હતાં. શ્રી યશોધર મુનિએ તેમને કહ્યું કે તક્ષશીલામાં જે ભવ્ય તીર્થ છે, તેનાં મૂળનાયક શ્રી આદિશ્વર પ્રભુની ભવ્ય પ્રતિમાજી તું મહુવા લઈ જજે. એ પ્રતિમાજીની પ્રતિષ્ઠા તારા તથા તારા પત્નીના હાથે શત્રુંજય મહાતીર્થ પર થવાની છે, જે તેઓ લઈ ગયા.

જાવડશાહે શત્રુંજયોધ્ધાર માટે સહાયક થવા શ્રી વજ્રસ્વામીને વિનંતી કરી. તે સમયે શ્રી વજ્રસ્વામીએ પ્રતિબોધેલ મનુષ્ય મૃત્યુ બાદ કવડ યક્ષ તરીકે ઉત્પન્ન થયેલ. પૂ. વજ્રસ્વામીની નિશ્રામાં, કવડ યક્ષની મદદથી મધુમતી (મહુવા)થી શ્રી શત્રુંજય મહાતીર્થનો છ'રી પાળતો સંઘ કાઢ્યો. દુષ્ટ કપટી યક્ષ અને અસુરોનો નાશ કરી, મહાતીર્થનો તેરમો ઉધ્ધાર કરી, તક્ષશિલાથી લાવેલ દાદાની પ્રતિમાની પૂ. વજ્રસ્વામીનાં હસ્તે પ્રતિષ્ઠા કરી. યાત્રા ફરીથી શરૂ કરાવી. ગામે ગામનાં સંઘો દાદાની પૂજાભક્તિ કરીને ગિરિરાજ પરથી નીચે આવી ગયા હતા, પરંતુ શેઠ જાવડશાહ તથા તેમના પત્ની સુશીલાદેવી દાદાની સમક્ષ ભક્તિમાં લીન થઈ ગયા અને તેજ મુદ્રામાં બન્નેએ દાદાના દરબારમાં જ દેવલોક-ઉચ્ચલોક તરફ પ્રયાણ કર્યું. પ્રભુ ચરણે પહોંચી ગયા.

મહુવામાં ભવ્ય જિનાલયમાં જે જિવિતસ્વામી ભગવાન મહાવીર-સ્વામીની મનમોહક પ્રતિમા છે, તે પણ શેઠ જાવડશાહ, મહારાજા વિક્રમ પાસેથી તક્ષશિલાથી લાવેલા. મહુવામાં ભવ્ય જિનપ્રાસાદનું નિર્માણ કરી પૂ. વજ્રસ્વામીનાં હાથે તેની પ્રતિષ્ઠા વિક્રમ સંવત ૧૦૮માં ભવ્ય રીતે કરેલ. (ભગવાન મહાવીરનાં જ્યેષ્ઠ બંધુ રાજા નંદીવર્ધને, ભગવાનની હયાતીમાં ત્રણ પ્રતિમાજી–બિંબો ભરાવેલા. તેમાંની આ એક પ્રતિમા હોવાનો ઉલ્લેખ ૧૪મા સૈકામાં શ્રી વિનયપ્રભ વિજયજીએ લખેલ 'તીર્થમાળા'માં છે.)

ત્યારબાદ લગભગ ૧૧ સૈકા બાદ, કોઈ કારણસર મહાતીર્થ શ્રી શત્રુંજયનાં ઉધ્ધારની પરિસ્થિતિ ઊભી થઈ. તે સમયે મહામાત્ય ઉદયનનો જ્યેષ્ઠ પુત્ર–વાગ્ભટ્ટ (બાહડ) જે મહારાજા કુમારપાળનો મંત્રી હતો, તેણે વિક્રમ સંવત ૧૨૧૩માં આ મહાતીર્થનો ૧૪મો ઉધ્ધાર કર્યો હતો. તે સમય જૈન તીર્થો તથા જૈન ચૈત્યોનો ઉન્નતિ કાળ હતો.

પરંતુ ત્યારબાદ ચૌદમા સૈકામાં ગુજરાતમાં પાદશાહી પ્રતિનિધિ તરીકે (સુબા તરીકે) પાટણમાં અલપખાન ૧૯૬૬માં આવ્યો. ત્યારે વિક્રમ સંવત ૧૩૬૯માં આબુ ઉપર તથા અન્ય મંદિરોનો મ્લેચ્છોએ ધ્વંસ કર્યો. અને તે જ વર્ષમાં શત્રુંજય તીર્થાધિપતિ આદિશ્વર ભગવાનની પ્રતિમાનો પણ ભંગ મ્લેચ્છોએ કર્યો હતો.

પાલનપુર નિવાસી સલક્ષણનો પૌત્ર દેસલ પાટણવાસી થયેલ. તેનાં ત્રણ પુત્રોમાં નાના પુત્ર સમરસિંહ સાથે તે પાટણમાં રહેતો હતો. સમરસિંહ અલપખાનનો ઉચ્ચ અધિકારી હતો. તેણે ખાન પાસે જઈ જણાવ્યું 'અમારી આશાનાં આધારભૂત સ્વામી! હિન્દુઓની હજ ભાંગી નાખી છે, એથી દુનિયા નિરાશ થઈ છે, વગરે...' આને માન આપીને તીર્થ માંડવાનું ફરમાન કરી, તે માટે માલેક અહિદરને આદેશ આપ્યો. સમરસિંહે આરાસણની ખાણમાંથી સરસ ફલહી પાષાણની પાટો મેળવી, તેમાંથી આદિશ્વર દાદાની પ્રતિમા ઘડાવી. વિ. સંવત ૧૯૭૧માં પોતાના પિતાને સંઘપતિ બનાવી સંઘ કાઢીને ઉપકેશ ગચ્છનાં સિદ્ધસૂરિજી પાસે આદિશ્વર દાદાની પ્રતિષ્ઠા કરાવી શત્રુંજય મહાતીર્થનો પંદરમો ઉધ્ધાર કર્યો.

ત્યારબાદ કાળક્રમે કોઈ મ્લેચ્છોએ દાદાની પ્રતિમા પુનઃ ખંડિત કરી હતી. ગુજરાતનો શાહજાદો બહાદુરશાહ ચિત્તોડ આવેલ ત્યારે કર્માશાહે તેને જરૂર હોવાથી એક લાખ રૂપિયા આપેલ. વિ. સંવત ૧૫૮૩માં બહાદુરશાહ ગુજરાતની ગાદીએ બેઠો. કર્માશાહે તેને મળીને અગાઉ આપેલા વચન મુજબ–કર્માશાહે શત્રુંજય તીર્થ ઉપર પોતાની કુલદેવી સ્થાપવા આજ્ઞા આપવા કહેતા–કોઈપણ પ્રતિબંધ ન કરે તેવું ફરમાન કરી આપ્યું. ત્યાર બાદ કર્માશાહે સંઘ કાઢી શત્રુંજય તરફ પ્રયાણ કર્યું. શત્રુંજય પહોંચ્યા બાદ, મહાઅમાત્ય વસ્તુપાળે લાવી રાખેલ મમ્માણી ખાણના પાષાણખંડો ભૂમિમાંથી કઢાવી, વાસ્તુશાસ્ત્રના વિદ્વાન વાચક વિવેક મંડન અને પંડિત વિવેક ધીરની દેખરેખ નીચે આજે બિરાજમાન છે તે નયનરમ્ય પ્રતિમા બનાવરાવી. પછી સર્વ સંઘોને આમંત્રણ મોકલી, બોલાવી સંવત ૧૫૮૭ના વૈશાખ વદી (ગુજરાતની ગણનાએ ચૈત્ર વદી) ૬ રવિવારને દિને ધર્મરત્નસૂરિ શિષ્ય–પટ્ટધર વિદ્યામંડનસૂરિ પાસે પ્રતિષ્ઠા કરાવી અને એ રીતે શત્રુંજયની ખંડિત પ્રતિમાનો કર્માશાહે ઉધ્ધાર કરાવ્યો. જે ઉધ્ધાર ૧૬મા ઉધ્ધારની ૫૦૦મી સાલગીરી ઉજવવાનું આયોજન શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કરી રહી છે.

જે કાંઈ હકીકત દોષ રહી ગયો હોય કે શાસ્ત્રાજ્ઞા વિરુધ્ધ લખાઈ ગયું હોય તો ક્ષમા યાચું છું. 'મિચ્છા મિ દુક્કડમ્'

લિ. સંઘ સેવક **હિંમતલાલ શાંતિલાલ ગાંધી**, શીવરી–મુંબઈ
મોબાઈલ: ૯૩૨૩૩૩૧૪૯૩.

# જ્ઞાનયાત્રાને વધુ સઘન અને પારદર્શી બનાવવાના પ્રયત્નરૂપે એક નવી શ્રેણી શરૂ કરીએ છીએ...

*'પ્રબુદ્ધ જીવન'ના જ્ઞાનપિપાસુ વાંચકો સાથેના સંવાદને ધ્યાનમાં લઈ જ્ઞાનયાત્રાને વધુ સઘન અને પારદર્શી બનાવવાના પ્રયત્નરૂપે એક નવી શ્રેણી શરૂ કરવા ધારી છે. આપણા સંસ્કૃતિગત સંસ્કારોને કારણે આપણે સહુ અમુક ક્રિયાઓ સહજ અને સ્વાભાવિક રીતે જ કરતા હોઈએ છીએ. જેની પાછળ કેટલાંક કારણો રહેલા હોય છે, જેમ કે પ્રદક્ષિણા કેમ ત્રણ જ વાર, ખમાસણું પણ ત્રણ વાર, સામાયિકની મિનીટ પાછળના કારણો વગેરે. આવા સવાલોના જવાબ ન મળવાને કારણે યુવાનોની શ્રદ્ધા ઓછી થઈ જાય છે. તો ચાલો સાથે મળી થોડી વધુ જ્ઞાન ચર્ચા કરીએ.*

*વાચક મિત્રોને આમંત્રણ આપવામાં આવે છે કે તેઓ પોતાના સવાલો એક કાગળની સ્વચ્છ બાજુ પર લખી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ઑફિસ પર મોકલાવે. આપણે પંડિતજી કે જ્ઞાની ભગવંત પાસેથી ઉત્તર મેળવી અહીં છાપીશું. વાચક એક સમયે વધુમાં વધુ પાંચ સવાલ પૂછી શકે. વધુ સવાલ માટે બીજો કાગળ લખવો. આપના સવાલ ધર્મજ્ઞાન અને ક્રિયાને આધારિત હોય અને જેથી અન્ય વાચકોને પણ એ જ્ઞાન મળે...*

**સવાલ:** આપણા નજીકની વ્યક્તિઓ જ આપણને વધુ દુઃખ આપતા હોય છે તેનું કારણ શું?

**જવાબ:** જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધ ને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે, લેણ દેણના સંબંધ વગર કોઈની આંખેય મળતી નથી. કોણ આપણા મા-બાપ બનશે? કોણ સાથીદાર? કોણ ભાઈ-બહેન? કોણ પુત્ર-પુત્રવધૂ? કોણ દીકરી-જમાઈ? કોણ પાડોશી? કોણ સગાવહાલાં? આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતાં પહેલાં પૂર્વકૃત કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે. જ્યારે કોઈ આપણા જ નજદીકની વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે 'આ મારા સગા બન્યા છે, તે પણ મારા જ કોઈ પૂર્વજન્મના લેણ-દેણને કારણે, તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે, તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યું હશે. ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેકગણું દુઃખ એ જીવને આપ્યું હશે. આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારા જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે ત્યારે હું સમતાભાવે, સહર્ષ સ્વીકાર કરું, તો જ આ વેરની ગાંઠ ભેદાશે, નહિ તો જનમો જનમ ચાલી આવશે... ના...ના...મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી મારે એનો ગુણાકાર નથી કરવો. મને આ દુઃખ સમતા ભાવે વેદવાની હે પ્રભુ શક્તિ આપ... શક્તિ આપ...' ક્યારેક કોઈ વ્યક્તિ સાથે થોડો વખત સારો સંબંધ રહે છે, પછી એ જ વ્યક્તિ દુશ્મન જેવી બની જાય છે. ત્યારે સમજવું કે એની સાથે રાગના સંબંધો હતા તે પૂરા થયા. હવે વેરના સંબંધ ચાલુ થયા લાગે છે. આવે વખતે બે વસ્તુ ધ્યાનમાં રાખવી. (૧) રાગના સંબંધ ઉદયમાં હોય ત્યારે ખૂબ ખુશ ન થઈ જવું, અહંકાર ન કરવો, રાગને ટકાવી રાખવા કાવા-દાવા કરવા નહિ તો રાગના કર્મોનો ગુણાકાર થઈ જશે. (૨) જ્યારે દ્વેષના કર્મો ઉદયમાં હોય ત્યારે અત્યંત દુઃખી દુઃખી ન થઈ જવું. રો-કકળ ન કરવી. બંને સંબંધો સમતા ભાવે વેદવા. વિચારવું કે, રાગ પણ કાયમ રહેવાનો નથી, દ્વેષ પણ કાયમ રહેવાનો નથી. કાચના વાસણ જેવા માનવનીના મનનો શું ભરોસો? દ્વેષના સંબંધ ઉદયમાં હોય ત્યારે વચ્ચે કોઈ ત્રીજી વ્યક્તિએ જ આમ કરાવ્યું. એમ વિચારી કોઈના પણ પ્રત્યે દ્વેષના સંસ્કારો નાખશો નહિ. ત્રીજી વ્યક્તિને તો હંમેશા નિમિત્ત તરીકે જ જોજો. નિમિત્તને બચકા ભરવા નહીં જતા. 'મારા નસીબમાં આમ બનવાનું જ હતું માટે જ આ વ્યક્તિ આમાં નિમિત્ત બની છે.' એમ વિચારીને જે બન્યું છે તે બધું જ સ્વીકાર...હસતે મોઢે સ્વીકાર. આવે વખતે મહાપુરુષોનું જીવન યાદ કરવું... ખુદ મહાવીર ભગવાનને એમના દીકરી ને જમાઈ જ તેમની વિરુદ્ધમાં હતા. તો શું મહાવીરે તેમના પર રોષ કર્યો? જો રોષ કર્યો હોત તો તે મહાવીર બની શકત? તમારા નજદીકના સગાને જ તમને ખરાબ ચીતરવામાં વધુ રસ હોય છે, દૂરનાને તો શું પડી હોય? પાર્શ્વનાથ ભગવાનને એમનો સગો ભાઈનો જીવ આઠ-આઠ ભવ સુધી તેમને મારવાવાળો બન્યો. એક નાની સરખી વેરની ગાંઠ કેટલું મોટું વૃક્ષ બન્યું? ગાંધીજીને આખી દુનિયા માન આપે છે તેમનો દીકરો જ તેમની વિરુદ્ધમાં હતો. ઈસુ ખ્રિસ્તને ખીલા ઠોકવાવાળા એમના જ માણસો હતા. આ બધાનો વિચાર કરી મનને સમજાવવું કે, 'કસોટી તો સોનાની જ હોય, પિત્તળની ન હોય' અગર હું પિત્તળની કક્ષામાં છું તો મારે મારી ભૂલો સુધારી સોનાની કક્ષામાં આવવું, અગર હું સોનાની કક્ષમાં છું, તો જાતને ભગવાનને ભરોસે છોડી દેવી. મહાવીરનો કર્મવાદ સમજ્યા પછી દરેકે દરેક જીવ આપણી સાથે હિસાબ જ પૂરો કરવા આવે છે તેમ સમજી હૃદયમાં સમતા ધારણ કરવી. છતાં પણ આ જીવ કરોડો વર્ષોના સંસ્કાર સાથે લઈને આવ્યો છે તે કારણે કદાચ તે વ્યક્તિ ઉપર કે નિમિત્ત ઉપર ખૂબ દુઃખ કે દ્વેષ પણ થઈ જાય... છતાં બને તેટલા જલ્દી ભાનમાં આવી જઈ હૃદયથી દુશ્મનની પણ ક્ષમા માગી લેવી, બને તેટલું આત્મભાવમાં લીન થવું તેથી કરમ વેદાશે.

**☐ સુબોધીબેન સતીશ મસાલીઆ**

# ભાવ-પ્રતિભાવ

પર્યુષણ પર્વ વિશેષાંક બાર ભાવનાની અત્યંત મનનીય માહિતી આપતો અંક ખરેખર એકદમ વિચારવા યોગ્ય, હૃદયસ્પર્શી અને અંતર નિરીક્ષણ માટે ઉપયોગી છે.

આપણા સમાજમાં ધર્મ ક્રિયા ઘણી વધી ગયેલ છે પરંતુ તેની સાથે જો આત્મ જાગૃતિ માટે બાર ભાવના જેવા લેખોનો સમન્વય થઈ જાય તો જીવનમાં આત્મશુદ્ધિ માટે માર્ગદર્શન મળે, ધર્મનું સ્વરૂપ સમજાય અને તેને આચરણમાં મૂકી શકાય.

આપને આ વિશિષ્ટ અંકના પરિકલ્પનાકાર અને સંકલનકર્તા સંપાદકોની ત્રિપુટી-ડૉ. માલતીબેન શાહ, ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાનો સહકાર સાંપડ્યો છે તે ઉપરાંત હું માનું છું કે ડૉ. ધનવંતભાઈ શાહના અવનિમાંથી આશીર્વાદ જરૂર પ્રાપ્ત થયા હશે તેથી જ આવું ઉત્તમ પ્રકાશન કરી શક્યા છો.

ભવિષ્યમાં જૈન સમાજમાં ધર્મશ્રદ્ધા સાથે આત્મશ્રદ્ધા જાગૃત થાય તેવા માહિતી સભર લેખો દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ને વધુ ને વધુ સમૃદ્ધ બનાવો તેવી હાર્દિક શુભેચ્છા સાથે ખૂબ ખૂબ અભિનંદન.

□ **ભૂપેન્દ્ર એલ. દોશી**
મા. તંત્રી, મુનીશ્રી સંતબાલજી
પ્રેરિત 'વિશ્વવાત્સલ્ય' માસિક

x x x

'પ્રબુદ્ધ જીવન'ના અંક જોઈ જણાય છે કે તંત્રીપદ એકદમ યોગ્ય વ્યક્તિને મળ્યું છે. તમારો 'સમણ-સુત્તં' પરનો અંક ખૂબ ગમ્યો. આવો એક એક વિષય લઈ એના પર અંકને કેન્દ્રીત કરવાનું કામ ડૉ. ધનવંતભાઈના સમયથી શરૂ થયું હતું. તેને તમે સુંદર રીતે આગળ વધાર્યું.

તમારો તંત્રી લેખ પણ ખૂબ ગમ્યો. આજના યુવાનોને ગ્રંથ સાથે મૈત્રીની ખૂબ જરૂર છે. ઉપા. ચિન્મયનો લેખ સીધો પુસ્તક સમણસુત્તં પર ન હોવા છતાં શ્રમણ અને શ્રમણસૂત્ર પર માર્મિક ચર્ચા કરી છે. સંક્ષિપ્ત અને સોંસરવું ઉતરી જાય એવું લખાણ છે.

સંશોધન સહિત લખેલો લેખ ડૉ. રમજાન હસણિયાનો માહિતી સભર છે. સમણસુત્તંની શરૂઆતનો ગહન ચિતાર આપ્યો છે. રજૂઆતમાં એક ભૂલ થઈ લાગે છે. ડૉ. કમલચંદ સોગાનીએ આખા સમણ-સુત્તંનો અનુવાદ કર્યો નથી. પ્રાકૃત ભારતી એકાદમી દ્વારા ફક્ત શ્લોકોનોજ અનુવાદ છપાયો છે. બલ્કે અમે સમણસુત્તં પર શબ્દાર્થ, અન્યાર્થ અને વિવેચન ભેગા કરવાની શરૂઆત કરી ત્યારે ડૉ. સોગાનીને આખા ગ્રંથનું અંગ્રેજી આપવાની-છાપવાની ખૂબ વિનંતી કરી પરંતુ તેમની મનઃસ્થિતિ નથી.

જગતની કેટકેટલી ભાષામાં સમણ-સુત્તંના અનુવાદ થયા છે. એની માહિતી આપીને રમજાનભાઈએ તો આપણને ચકાચોંધ કરી નાખ્યા છે. આવા સારભૂત ગ્રંથનો તો દુનિયાની દરેક ભાષામાં અનુવાદ થવો જોઈએ અને વિવેચન લખાવું જોઈએ.

અનુવાદકોનો સંક્ષિપ્ત પરિચય આપીને રમજાનભાઈએ તો સંશોધકોની વિશેષતા બતાવી છે. અનુવાદકો અને સંકલનકર્તાઓ કેટલાં ઉમદા, અભ્યાસી અને મહાન હતા એનો અનુભવ તો એમને પ્રત્યક્ષ મળીને જ થાય અથવા તેમના પુસ્તકો વાંચીને થાય.

આ સંદર્ભમાં જ આપને જણાતાં આનંદ થાય છે કે કે. જે. સોમૈયા જૈન શૈક્ષણિક એવં અનુસંધાન કેન્દ્રે ચાર ખંડો પ્રકાશિત કર્યા છે જેમાં દરેક ગાથા પ્રાકૃત પછી એનું અંગ્રેજી ભાષાંતર, પછી અન્વય, સંસ્કૃત, એનું ભાષાંતર, દરેક શબ્દને અન્વય મુજબ છૂટો પાડી એનો સંસ્કૃત, હિંદી, અંગ્રેજી અનુવાદ, પછી આખી ગાથાનો હિંદી અને અંગ્રેજી અનુવાદ આપી, વધુમાં વધુ બે પાનામાં હિંદી અને તેની અંગ્રેજી વિવેચના આપી લગભગ ૫૫૦ પાનાના ચાર ખંડો તૈયાર કર્યા છે જે કે. જે. સોમૈયા જૈન રિસર્ચ સેન્ટર, કેબીન નં. ૮, બીજે માળે, મેનેજમેન્ટ બિલ્ડિંગ, સોમૈયા કેમ્પસ, વિદ્યાવિહાર, મુંબઈ-૪૦૦ ૦૭૬ પર પત્રવ્યવહાર કરી અથવા ૦૨૨-૨૧૦૨૩૨૦૯ પર ફોન કરી મેળવી શકાશે.

□ **પ્રા. ડૉ. ગીતા મહેતા,** મુંબઈ

x x x

**બે જ દિવસોની પ્રતિજ્ઞા અને ભવોભવ પાર ઉતરીએ**

જૈન ધર્મના પાયાના નિયમ મુજબ આપણે કંદમૂલ ખવાય નહિં છતાં આપણી ઈન્દ્રિયો કાબુમાં ન રહેતાં આપણે કંદમૂળ ખાવા લલચાઈએ છીએ. મારી ધારણા મુજબ આપ જો ફક્ત બે જ દિવસ કંદમૂળ ન ખાવાની પ્રતિજ્ઞા લ્યો પછી ભલે કંદમૂળ ખાજો. આપને થશે કે બે દિવસ કંદમૂળ ન ખાવું અને પછી છૂટ ? આવો સરળ કયો રસ્તો છે ? જલ્દી બતાવો એ બે દિવસ કયા છે ? ત્યારે સાંભળો એ બે દિવસ છે.

જૈન ધર્મના નિયમો મુબજ તિથિના દિવસે એટલે કે બીજ, પાંચમ, આઠમ, અગિયારસ અને ચૌદશના દિવસે આપણે લીલોતરી પણ ખાતાં નથી ત્યાં કંદમૂળ ખાવાની વાત જ ક્યાં આવે. હવે મારા જે બે દિવસો છે એ એક દિવસ તિથિની પહેલાંના દિવસે કંદમૂળ ન ખાવું અને બીજો દિવસ એટલે તિથિની પછીનો દિવસ કંદમૂળ આપે ન ખાવાનું. બસ ફક્ત આ બેજ દિવસ કંદમૂળ ન ખાતાં ભવોભવ પાર ઉતરશો.

જેમકે આજે બીજ છે એટલે મારો પ્રથમ દિવસ એકમના કંદમૂળ ન ખાવાનું. આપ ચોથના દિવસે કંદમૂળ ખાઈ શકો પણ ચોથ એ

પાંચમનો આગળનો દિવસ છે એટલે એ દિવસે કંદમૂળ માટે ખાવાનું અને બીજો દિવસ એટલે પાંચમ પછીનો એટલે છઠ્ઠના દિવસે કંદમૂળ ન ખાવું, પણ આપ કહેશો કે હવે તો સાતમના કંદમૂળ ખાઈએ ને? ના ભાઈ ના. સાતમ એ આઠમનો આગળનો દિવસ છે. અને નોમ એ આઠમની પછીનો દિવસ છે. કંદમૂળ બંધ...બંધ...બંધ...છે ને ભવોભવ પાર ઉતરવાનો. નાના-ટુંકો રસ્તો!!

□ **જયસુખલાલ ચંપકલાલ વોરા**, નવગામકર
Mob. : 9819550011

xxx

**આપણે તિથિ શા માટે પાળવી જોઈએ?**

ઉપરોક્ત વિષયને સમયસર (પર્યુષણ પૂર્વે) પ્રાધાન્ય આપીને 'વૃક્ષ બચાવો' અને તિથિથી 'ચિત્તની એકાગ્રતા' પ્રત્યે વાચકોનું ધ્યાન દોરવા બદલ લેખકનો અને આપનો આભાર.

લેખકનું મંતવ્ય કે 'આજે આપણે મહિનાની પાંચ જ તિથિ માંડ પાળીએ છીએ...' તે પણ કેટલું સત્ય અને શોચનીય છે. ચિત્તની સ્થિરતા અને એકાગ્રતામાં તિથિ સહાયરૂપ થાય છે તેનું મહાત્મ્ય યોગ્ય રીતે સમજાવ્યું છે. 'સુકવણી' તો ન જ કરવી જોઈએ એનું પણ ધ્યાન દોરી લાલ બત્તી ધરી છે. તિથિના કારણે બચતો સમય આત્મસાધનામાં ઉપયોગ કરવા પર પણ ભાર મૂકી ફાયદા જણાવ્યા છે.

અહીં આજના યુગના દૃષ્ટા પરમ કૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્રજીના (વચનામૃતમાંથી) અમૃત વચનોમાં કહ્યું છે કે તિથિ 'પાળવી' (પૃ. ૬૬૨) અને 'તિથિનો વિકલ્પ છોડી નિજ વિચારમાં વર્તવું એજ કર્તવ્ય છે.' (સંવત્સરી સંબંધી) (પૃ. ૬૦૪)

□ **પ્રકાશ મોદી,**
ટોરન્ટો કેનેડા
4prakash@gmail.com (416) 491 5560

xxx

જુલાઈ-૨૦૧૬ના 'પ્રબુદ્ધ જીવન'ના અંકમાં Dr. Kamini Gogri નો Various Sects of Jain Tradition લેખ ખૂબ જ જ્ઞાનપ્રદ હતો. જૈનોના પેટા સંપ્રદાયો વિષે પહેલી જ વખતે આટલી વિસ્તૃત જાણકારી મળી. લેખિકાને અભિનંદન.

અન્ય ધર્મના લેખો ન આપો તો સારું.

જુલાઈ ૨૦૧૬ના અંકમાં શિરમોર સમાન ડૉ. કુમારપાળ દેસાઈનો લેખ 'સાંપ્રત વૈશ્વિક વાતાવરણમાં જૈન ધર્મ – વિશેષતાઓ અને પડકારો?' હતો. સમગ્ર લેખ અભ્યાસુ અને ચિંતનાત્મક હતો. આવા લેખ અવારનવાર આપતા રહો. 'પ્રબુદ્ધ જીવન' ઉત્તરોત્તર સમૃદ્ધ બને તેવી શુભેચ્છા.

પર્યુષણ વિશેષાંક (ઑગસ્ટ ૨૦૧૬) માં એક લેખ 'સાત ચક્ર અને ભાવના'માં ડૉ. ચિંતનમુનિ મ. સા. ભાવનાને સાત ચક્રો સાથે જોડે છે. પરંતુ મારા નમ્ર અભિપ્રાય પ્રમાણે સાત ચક્રોનો ઉલ્લેખ એક પણ આગમ ગ્રંથમાં નથી. છતાં તેઓશ્રી જણાવશે તો હું તેમનો આભારી થઈશ. આગમ આધારિત લેખ આપવા વિનંતી.

□ **અનિલ એમ. શાહ**
રન્ના પાર્ક, અમદાવાદ-૬૧.

xxx

મહોદય,

પ્રતિષ્ઠિત, સુપરિચિત પત્રિકા 'પ્રબુદ્ધ જીવન' દેખને, પઢને કા સૌભાગ્ય 'સુ સાહિત્ય પુસ્તકાલય'મેં હુઆ. પ્રત્યેક અંક બેહતર સે બેહતરીન હૈ. પ્રત્યેક અંક રુચિકર, જ્ઞાનવર્ધક વ પઠનીય હૈ.

આપ કે ઈસ સુ પ્રયાસ કે લિયે સમ્પાદક મંડલ બધાઈ વ સાધુવાદ કે પાત્ર હૈ.

□ **સંતોષ બી. ગુપ્તા,**
અમરાવતી, (વિદર્ભ)

xxx

'પ્રબુદ્ધ જીવન' માધ્યમે ચોક્કસ પોતાની આગવી કહો કે ગમે તે, વાચક, અન્યને હૃદયે સ્પર્શે જ. તેમાંય માર્ચ, એપ્રિલ-૧૬ના અંકો મળે છે તેમાં જાણે કે પ્રત્યક્ષ મળ્યાનું, કંઈક ચોક્કસ પોતાના હૃદયની વિભાવના જાણી-માણી-પ્રમાણી શકાય જ તે નિ:સંદેહ જ હું વ્યક્તિગત લેખું છું.

તંત્રીલેખ પ્રથમ ન વાચું તો અધુરપ જ લાગે. ખૂબ જ ભાવથી. તદ્દન સાચી વાત ઝાઝા હાથનો સહયોગ. વાનગીઓ હોય, ભૂખ બરાબરની હોય, હાથવગુ કે ન મળે તેવું છે. વેદનીય અભિનંદનીય જ.

ત્રણ પૈકી એક વાચકો પાસેથી વિચારો ચિંતન, ભૌતિકવાદ, સાંસ્કૃતિક, સંદર્ભે અતિ સુંદર. તે માટે અમો ઋણી રહીશું. વાટસંકોર વૃત્તિથી. 'પ્રબુદ્ધ જીવન' હાથમાં આવે છે ને એવાં આંદોલનો મનમાં ઉછળ કૂદ કરે છે. જે માટે શબ્દો ખૂટી જાય. મૌની બને ચેતન તત્વો.

□ **દામોદર ફૂ. નાગર,**
ઉમરેઠ

xxx

'પ્રબુદ્ધ જીવન' માસિકનો ઑગસ્ટ, અંક-૫ મળતાં અત્યંત આનંદ થયો. પર્યુષણ પર્વોમાં સારા વાંચન માટે અવકાશ મળ્યો છે. 'બાર ભાવના' વિશે સંકલનકર્તા સંપાદકોની ત્રિપદીએ ખૂબ જ અભ્યાસ અને મહેનત કરી સરળ ગુજરાતી ભાષામાં ઉપયોગી સાહિત્ય પ્રકાશિત કર્યા બદલ હાર્દિક અભિનંદન...અભિનંદન... અનુમોદના.

□ **મહેશ ઝવેરી,**
વલસાડ

✶ ✶ ✶

# સર્જન-સ્વાગત


**☐ ડૉ. કલા શાહ**

પુસ્તકનું નામ : **શ્રી અદિનાથ પ્રભુ ચરિત્ર**

પ્રકાશક : શ્રી આત્માનંદ જૈન સભા, હર્ષદ કાંતિલાલ શાહ (માનદ મંત્રી) ભાવનગર.

દ્વિતીય આવૃત્તિ-ઈ. સ. ૨૦૭૧.

મૂલ્ય-રૂા. ૨૦૦/-, પાના-૩૫૪, આવૃત્તિ-દ્વિતિય




આ ગ્રંથમાં ખૂબ જ વિસ્તારપૂર્વક શ્રી આદિનાથ પ્રભુનું ચરિત્ર આલેખાયું છે. શ્રી અમરચંદ્રસૂરિએ આ ગ્રંથની રચના કરી છે. તે વખતના દેશ, કાળ, ભાવનાના વર્ણનો, ઉચ્ચ પવિત્ર સંસ્કારો, ઉત્તમ રીતરિવાજો, રાજ્યનીતિ, કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુ દેશનાઓમાં આવતા ઉત્તમ બોધપાઠો વગેરે હકીકતોનું વિસ્તારથી આલેખન થયું છે. આ ગ્રંથના કુલ ૧૯ સર્ગો છે. જેમાં પ્રભુના તેર ભવોનું વર્ણન આપવામાં આવેલ છે. તે ઉપરાંત યુગલિકો સંબંધી અપૂર્વ વર્ણન, સાથે મનુષ્યોના વ્યવહારધર્મ, શિલ્પ, કળા અને પ્રભુના સુરાજ્યનું વિવેચન, ઇંદ્રો વગેરેએ પ્રભુના પંચકલ્યાણકો પ્રસંગોએ કરેલ ભક્તિપૂર્વક મહોત્સવોનું અનુપમ વૃત્તાંત, પ્રભુએ આપેલ અનુપમ દેશના વગેરે રસપ્રદ વિષયો આપેલા છે.

શ્રી તીર્થંકર ભગવાનના ચરિત્રોએ જૈન કથા સાહિત્યમાં ઉત્તમોત્તમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આવા સુંદર ચારિત્રો દ્વારા પૂર્વજોનું સર્વગ્રાહી જ્ઞાન પ્રાપ્ત કરી શકાય છે. સાથે સાથે અધ્યાત્મજ્ઞાનના સરળ અને બોધક તત્ત્વો પંડિત અને બાળજીવો સર્વને એકસરખા ઉપયોગી થઈ પડે એટલા માટે અનેક દૃષ્ટાંતો, કથાઓ વગેરે ગૂંથીને ભવ્યાત્માઓ ઉપર પૂર્વાચાર્યોએ અનહદ ઉપકાર કર્યો છે.

સરળ અને રોચક ગુજરાતી ભાષામાં પ્રકટ થયેલ આ ગ્રંથ જનસમૂહને તથા મુમુક્ષ આત્માઓને તેના વાંચનથી આત્મિક લાભ અવશ્ય આપશે.

x x x

પુસ્તકનું નામ : **શ્રી પાર્શ્વચંદ્રસૂરિ વંદના**

(પૂ. દાદાસાહેબ વિશે વિવિધ કવિઓ દ્વારા લખાયેલ ગીતોનો સંચય)

સંપાદક : ઉપા. ભુવનચંદ્રજી મ. સા.


પ્રકાશક : શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ

નાની ખાખર, જિ. કચ્છ, ગુજરાત. પિન-૩૭૦૪૩૫.

સંપર્ક : દિનેશભાઈ લખમશી દેઢિયા

મો. : ૦૯૬૧૧૯૭૪૦૯૦૮.

મૂલ્ય-રૂા. ૫૦/-, આવૃત્તિ-૧, સંવત-૨૦૭૨. ઈ. સ. ૨૦૧૬.




વિક્રમના સોળમા સૈકામાં જૈન શ્વેતાંબર સંઘમાં જૈન જાગૃતિનો જેમણે શંખનાદ કરેલો એવા શ્રી પાર્શ્વચંદ્રસૂરીશ્વરજીની વંદના કરતો આ કાવ્યસંગ્રહ છે.

પ્રસ્તુત સંગ્રહમાં સમાવિષ્ટ પદ્યકૃતિઓ એ દાદાસાહેબનો નિકટ પરિચય પામનાર સુજ્ઞજનોના હૃદયોદ્‌ગાર છે. આથી પૂજ્ય દાદાસાહેબનો ગુણાત્મક પરિચય મેળવવા માટેનું પ્રખર અને પ્રમાણભૂત સાધન છે.

આ સંગ્રહમાં બધી મળીને ૭૨ કાવ્ય રચનાઓ છે જે વિક્રમની સોળમી સદીથી એકવીસમી સદી સુધીમાં રચાયેલ છે જેના કર્તા મુનિઓ છે અને બે-ત્રણ ગીતો શ્રાવકોએ રચેલા છે. ચારણ કવિઓની કૃતિઓ તથા સંસ્કૃત સ્તુતિઓ પણ અહીં લીધેલી છે. બધી જ કૃતિઓનો વર્ણ્ય વિષય એક જ છે. દાદા સાહેબનું જીવન અને એમના ગુણાનુવાદ. તેમના તપ, ત્યાગ, જ્ઞાન, ચારિત્ર ઉપકાર વગેરે વિષયો આ રચનાઓમાં પ્રતીત થાય છે. તેમના વિશેની કૃતિઓમાં તેમના વ્યક્તિત્વની ગુણાત્મક ઝાંખી થાય છે અને તેમની શબ્દ છબી અંકિત થાય છે જે દાદાસાહેબની અણપ્રીછી રેખાઓ ઉકેલવામાં મદદ કરે છે.

આ ગ્રંથના કાર્યમાં શ્રી ગુલાબભાઈ દેઢિયા તથા લાલભાઈ રાંભિયા તથા સાધ્વીજી દિવ્યદર્શિતાશ્રીજીએ આપેલ સહયોગ પ્રશંસા તથા ધન્યવાદને પાત્ર છે.

x x x

પુસ્તકનું નામ : **પત્ર ઝરણું**

લેખક : મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ 'ચિન્મય'

સંકલન : ડૉ. ગુલાબ દેઢિયા

પ્રકાશન : શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ નાની ખાખર, જિ. કચ્છ, ગુજરાત. પિન-૩૭૦૪૩૫.

સંપર્ક : દિનેશભાઈ લખમશી દેઢિયા

મો. : ૦૯૪૨૨૦૧૦૯૦૮.

મૂલ્ય-રૂા.૬૦/-. પાના-૧૯૨.

આવૃત્તિ-પ્રથમ. સં. : ૨૦૭૨, ઈ. સ. ૨૦૧૬.

પ. પૂ. મહોપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ 'ચિન્મય' દ્વારા વિવિધ જિજ્ઞાસુઓ અને ક્યારેક યાત્રાપથના યાત્રિકોને લખેલા પત્રોનું પ્રસ્તુત સંકલન છે.




આ પત્રોનો અભ્યાસ વિવિધ રીતે થઈ શકે. એની વિશેષતા એ છે કે તે સાધુએ લખેલા પત્રો છે. જેમાં પૂજ્યની તાસીર એ છે કે સમન્વયમાં મોકળાશ રાખવાની; સર્વાંગી વ્યવહારકુશળતા, અને બાંધછોડ માટે અવકાશ તથા માફ કરવાની ઉદારતાનો સમન્વય; સાધના વિષયક બાબતોમાં તેઓશ્રીના પત્રોમાં અનેકવાર માર્ગદર્શન મળે છે અને સાધનાપથ પર યાત્રામાં આગળ વધતા રહેવાની સમતોલ સલાહ તેઓશ્રી આપે છે.

સમ્યગ્‌દૃષ્ટિ પૂજ્યશ્રીનો આગવો ગુણ છે. તેઓ સર્વગ્રાહિતાને નજર સામે રાખી મનના ત્રાજવાને સમતોલ રાખે છે. શ્રી ભુવનચંદ્રજી મહારાજે ક્યારેક તો જાણે પોતાને સંબોધીને પત્રનું આલેખન કરતા હોય એવી શૈલી અજમાવી છે, તો તેઓશ્રીએ વિદ્યાવ્યાસંગના ઉલ્લેખો પણ કર્યા છે. રસ અને ઊંડાણપૂર્વક વિદ્યાવ્યાસંગને તપની ભૂમિકા આપી છે.

ગુલાબ દેઢિયા લખે છે, 'આપણા મનમાં જાગતા પ્રશ્નોના ઉત્તર અહીં મળશે. વિહારયાત્રામાં પ્રકૃતિ દર્શનની રૂડી વાતો અહીં છે. સાધુ જીવનનો વૈભવ અહીં છે. ધર્મની મોહક સુગંધ છે. મર્મનું ઝરણું વહે છે. ધર્મ જીવનથી અલગ ન હોય, વિરુદ્ધ ન હોય, એ તો શ્વાસની પેઠે સાથે ચાલે એવું સતત અનુભવવા મળશે. ઘણાં પત્રો ફરી ફરી વાંચવા ગમશે.'

'પત્ર ઝરણું' પુસ્તક એટલે ગુલાબની સુવાસ અને પ્રકાશનો પ્રકાશ.

x x x

પુસ્તકનું નામ: **સાહિત્ય ઝરણું**
(ભિન્ન ભિન્ન સમયે લખાયેલા લેખોનો સમુચ્ચય)
લેખક: ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મહારાજ 'ચિન્મય'
સંકલન: ડૉ. રમજાન હસણિયા
પ્રકાશન : શ્રી પાર્શ્વચંદ્રસૂરિ સાહિત્ય પ્રકાશન સમિતિ
નાની ખાખર, જિ. કચ્છ, ગુજરાત.પિન-૩૭૦૪૩૫.
સંપર્ક: દિનેશભાઈ લખમશી દેઢિયા
મો. :૦૯૪૨૨૦૧૦૯૦૮.
મૂલ્ય-રૂ.૧૧૦/-. પાના-૩૩૮.
આવૃત્તિ-પ્રથમ, ફેબ્રુ. ઈ.સ. :૨૦૧૬. સંવત-૨૦૭૨.

આ ગ્રંથ ઉપાધ્યાય ભુવનચંદ્રજી મહારાજના




જુદા જુદા સમયે જુદાં જુદાં નિમિત્તે લખેલા લેખોનો સંગ્રહ છે. જેમાંથી પૂજ્યશ્રીની દૃષ્ટિ, ચિંતન, સંશોધકવૃત્તિ, અધ્યાત્મ-ભાવના વગેરેનું આસ્વાદન મળે છે. આ ગ્રંથમાં પ્રથમ વિભાગમાં ઉપા. ભુવનચંદ્રજી મ.સા. વિશે, એમના ગ્રંથો વિશે અને તેઓશ્રીની મુલાકાત અંગેના લેખો તથા પુસ્તકોના વિહંગાવનલોકનો મળે છે. બીજા વિભાગમાં 'વિમર્શ'માં જૈનદર્શન વિષયક ચિંતન મળે છે. ચરિત્ર વિભાગમાં જેટલા ચરિત્રોનું આલેખન કર્યું છે જેમાં ઘણું વૈવિધ્ય જોવા મળે છે. પીંછીના એક લસરકે થોડા વાક્યોમાં વ્યક્તિત્વની મુદ્રા તેઓ ઉપસાવે છે. વિશ્લેષણ વિભાગમાં હસ્તપ્રત સાહિત્યના સંશોધન અને સંપાદનના અગિયાર લેખોમાં અર્ધમાગધી ભાષા, પ્રાચીન કચ્છી બોલી અને કચ્છના વિદ્વાનો વિશે કરેલું સંશોધન ધ્યાન ખેંચે છે. 'વાગ્વ્યાપાર' વિભાગમાં 'વિજ્ઞાન અને ધર્મ વચ્ચેના મિલન બિંદુઓ' લેખ ચર્ચાસ્પદ વિષય પરનો અભ્યાસપૂર્ણ લેખ છે. પુસ્તકોની ટૂંકી સમીક્ષામાં વિષયોનું વૈવિધ્ય છે. અને પત્રચર્ચામાં ઊંડી ગવેષણાનો પરિચય મળે છે.

પ્રસ્તુત ગ્રંથમાં પૂજ્યશ્રીના લલિત નિબંધ પ્રકારના લેખોમાં તેમની કાવ્યાત્મક ભાષાશૈલીનો વિનિયોગ થયેલો પ્રતીત થાય છે. પારદર્શી ચિંતન, સૂક્ષ્મસંશોધન દૃષ્ટિ અને શાસન પ્રત્યેની કૃતજ્ઞતા તથા પરમાર્થ પ્રાપ્તિની ઝંખના અહીં ઝળુંબ્યા કરે છે.

x x x

પુસ્તકનું નામ: **લહેરાતી દીવાલો**
લેખક: કવિ પ્રભુ પહાડપુરી
પ્રકાશક : રોહિત એસ. પટેલ, પ્રમુખશ્રી ઉચ્ચ માધ્યમિક શિક્ષક સંઘ, જે.એસ. મહેતા હાઈસ્કૂલ, તા. ધનસૂરા. જિલ્લો: અરવલ્લી.
મો.: ૯૪૨૬૩૬૨૨૮૨.
મૂલ્ય-રૂા. ૧૫૦/-, પાના-૨૮+૧૬૦ ,
આવૃત્તિ-પ્રથમ, જાન્યુ. ૨૦૧૬.
પ્રાપ્તિસ્થાન : ગુર્જર એજન્સી, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન :૦૭૯-૨૨૨૧૪૯૬૦.

કવિ પ્રભુ પહાડપુરીના આગળના ત્રણ કાવ્ય-





સંગ્રહોની રચનાઓ દ્વારા એક વિશિષ્ટ કવિ-પ્રતિભાને વિવેચકો અને ભાવકોએ સારો આવકાર આપેલો. આ ચોથા કાવ્યસંગ્રહની મોટા ભાગની રચનાઓ માતબર, વિલક્ષણ અને સ્ફોટક બની છે. આ રચનાઓમાં સામાજિક પરંપરા અને કાવ્ય પરંપરાથી ઉફરું ચાલતા કવિના વિદ્રોહી અને નખશીખ સંવેદનશીલ વ્યક્તિત્વના દર્શન થાય છે. વસ્તુને આગવી રીતે જોવાના દૃષ્ટિકોણને લઈને ઘણી રચનાઓ તાજગી અને નાવીન્ય પ્રગટાવે છે અને પરંપરાથી સાવ વિમુખ નર્યા માનવ-કવિને પ્રકટ કરે છે.

કવિના લઘુ કાવ્યો મોટા ભાગે દીર્ઘકાવ્યોના પડછાયા જેવા છે. પ્રકૃતિનાં રમ્ય અનુબંધ, રાષ્ટ્રધર્મ અને સામાજિક પરંપરાઓ પરત્વેની નફરત અહીં પણ છે. પરંતુ લઘુકાવ્યોમાં સધાતા લાઘવને કારણે કૃતિઓ સાવયવ સૌષ્ઠવગુણને કારણે કલાત્મક અને હૃદયંગમ બની છે. કવિની અછંદાસ રચનાઓમાં ગુહ્ય કાવ્યત્વ આપણને નવા ખ્યાલો સાથે અનેરો રોમાંચ પૂરો પાડે છે. કવિના લઘુકાવ્યો ભીતરના અર્થને વિશાળ ફલક પર આંજી નાખે એવી રીતે પ્રકાશિત થયો છે.

'પ્રભુ પહાડપુરી' આગવા મિજાજના કવિ છે. પહાડમાંથી સહજ રીતે વહી આવતા ઝરણાંની જેમ પહાડપુરીના હૃદયમાંથી કાવ્યરૂપી ઝરણાં વહી આવે છે. એમની સંવેદનાઓમાં આક્રોશ પણ હોય છે, પણ એ આક્રોશ સહૃદયતાની સીમા ઓળંગતો નથી.' – રોહિત શાહ.

x x x

પુસ્તકનું નામ: **મૌન**
લેખક: 'પ્રભુ' પહાડપુરી
પ્રકાશક: ડૉ. હસમુખ પટેલ
(પરમ મલ્ટી સ્પેશ્યાલિટી હૉસ્પિટલ)
૫-૬, જયશક્તિ સોસાયટી, રેવામણિ હૉલ, જનતાનગર રોડ, ઘોટલોડિયા, અમદાવાદ-૩૮૦૦૬૧. ફોન :(૦૭૯) ૨૭૪૬૭૦૭૦.
પ્રાપ્તિસ્થાન: ગુર્જર એજન્સી, રતનપોળ નાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧.
ફોન :૦૭૯-૨૨૨૧૪૯૬૦.




મૂલ્ય-રૂા. ૮૦/-. પાના-૧૮+૫૪. આવૃત્તિ-પ્રથમ, જાન્યુ. ૨૦૧૬.

'મૌન'ના કાવ્યોમાં કવિએ ભીતરના ઠરેલ મૌનની અવહેલના કરી છે. મૌન સત્યની પરિભાષા કહેવાય છે. મૌનને વખોડી તેને આત્મશ્લાઘી, દંભી, સ્વકેન્દ્રી, અકુદરતી, પલાયનવાદી તેમ જ સ્વાર્થી, અખિલાઈ અને નૈસર્ગિકતાનું વિરોધી કહ્યું છે. આમ મૌન આવી વેધક દલીલો સાથે રજૂ થવું અઘરૂં છે. કવિએ મીઠા મૌન થકી દંભ આચરતા અને કહેવાતા મૌનીઓ સામે વિદ્રોહ વ્યક્ત કર્યો છે. મૌન અનુભૂતિનું સત્ય છુપાવે છે. સાવ લાઘવથી અમુક મૌન પરની ઊર્મીઓ અન્ય ભાષામાં રૂપાંતરિત કરવામાં આવે તો ગુજરાતી ભાષા પરત્વેનાં માન આદર વધી જાય એટલી હદે માતબર કહેવત સમી ઉક્તિઓ રજૂ થઈ છે. 'મૌન ઉજ્જડ ગામનો એરંડો પ્રધાન, સગીર વયના સઘળા લાભ લેવા મૌન ચૂપ છે, મૌન કપટી છે.' લેખકના અનેકવિધે મૌન પરના વિચારો-માન્યતા આગવા નવાં, સાવ નોખાં અને મૌલિક છે. કેડીને ઠેકીને સાવ નોખું ચાલવું એ દુષ્કર કર્મ 'પહાડપુરીએ' પાર પાડ્યું છે.

ઢળતી ઉંમરે, ભાંગતી લથડતી તબિયતે પોતાને જે કહેવું છે તે 'મૌન'ના વજન નીચે દાબીને રાખવાને બદલે ખુલ્લં ખુલ્લાં, બિનધાસ્ત થઈ સીધે સીધો સરળ પ્રવાહી ગદ્યમાં તેમણે પોતાનો યથેચ્છી વ્યાપાર વ્યક્ત કર્યો છે.

x x x

પુસ્તકનું નામ : **રવમાં નીરવતા**
લેખિકા : ગીતા જૈન
સંપાદક : રમજાન હસણિયા
પ્રકાશક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ,
૩૩, મોહંમ્મદી મિનાર, ૧૪મી ખેતવાડી,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ફોન (૦૨૨) ૨૩૮૨૦૯૬.
મૂલ્ય-રૂા. ૧૨૫/-, પાના-૨૧૬ , આવૃત્તિ-પ્રથમ,
ઈ. સ. એપ્રિલ-૨૦૧૬.




'આ પુસ્તક એટલે ડૉક્ટર ગીતાબેનનું પ્રિસ્ક્રીપ્શન, જેમાં દવા પણ છે અને પરેજી પણ છે.'

ઉપા. ભુવનચંદ્રજી લખે છે : 'અહીં ગીતાબેનનું એક જુદું જ સ્વરૂપ-માનવસમાજના શુભચિંતક સ્વજન તરીકેનું ઉજાગર થાય છે. ગીતા જૈન નોખી માટીના લેખિકા છે. આ પુસ્તકમાં પ્રકટ થયેલાં લેખો સાદી-સરળ-બાનીમાં ઉચ્ચ કોટીને વર્યા છે. આ લેખો ભાવકના હૃદયને ઝંકૃત કરે છે. પ્રાચીન સંસ્કારોથી જેમનો પિંડ ઘડાયો હોય અને બીજી તરફ આધુનિક શિક્ષણ પ્રણાલિથી જેમનું વૈચારિક ઘડતર થયું હોય એવો એક બહુ મોટો વર્ગ જૈન સમાજમાં છે. ગીતાબહેન આવા વર્ગના પ્રતિનિધિ બનીને વાત કરતા હોય એવું આ પુસ્તકમાંથી પસાર થતા વાચકને જરૂર લાગશે. લેખિકાના આ સર્જન-લેખોમાં શરૂઆતમાં આક્રોશ છે અને પાછળથી તેનું શમન થતું જણાય છે. મુંબઈ જેવા મહાનગરમાં જૈન ધર્મના નામે થતા બાહ્યાડંબરોને તેમણે વ્યથા સાથે વ્યક્ત કર્યા છે. પરંતુ ધીરે ધીરે આત્મશોધનની વૃત્તિએ તેમના એ ભાવોનું શમન થયેલું પ્રતીત થાય છે. અને તેમના આક્રોશ પાછળ ભારોભાર કરૂણાના દર્શન થાય છે. અને વાસ્તવિકતા તો એ છે કે તેમણે વાચકને કડવા ઘૂંટડા પાયા છે.

ગીતાબેનના લેખનમાં સાતત્ય નથી પણ સત્યતા, સંવેદનશીલતા અને સંવાદિતા જરૂર છે. બહુરત્ના વસુંધરા જેવી ભોમકાને ખુંદતા આ લેખિકાને જીવનપથમાં મળેલા સહપથિકોમાં રહેલી સારપ આકર્ષે છે અને તેઓ આપણને આ પુસ્તકમાં સરસ ચરિત્ર લેખો આપે છે. સાથે સાથે તેઓ એક અચ્છા ચરિત્રકાર તરીકેની છબી અંકિત કરી જાય છે. 'આ પુસ્તક એટલે માધુકરીની રસલ્હાણ.'

પુસ્તકનું નામ : **જૈન ધર્મ એવં દર્શન** (હિન્દીમાં)
પ્રાચ્ય વિદ્યાપીઠ ગ્રંથપાલક ક્રમાંક-૫૩
લેખક-ડૉ. સાગરમલ જૈન
પ્રકાશન : પ્રાચ્ય વિદ્યાપીઠ, દુપાડા રોડ, શાજાપુર (મ. પ્ર.) ફોન નં. : ૦૭૩૬૪-૨૨૨૨૧૮.
મૂલ્ય-૬૦૦/, પાના-૭૪૮,
આવૃત્તિ-૧, ૨૦૧૪-૧૫.

જૈન ધર્મ તત્ત્વજ્ઞાન અને સાહિત્યના પ્રખર વિદ્વાન ડૉ. સાગરમલ જૈને અતિ અધિક પરિશ્રમ-પૂર્વક આ વિશાળ અને મહાન ગ્રંથ તૈયાર કર્યો છે. ૮૩ વર્ષની ઉંમરે આ મહાન કાર્ય તેમના ચરણોમાં નમન કરવા યોગ્ય છે. જન સામાન્યના ઉપયોગ માટે આ ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે. ગ્રન્થની ભાષા પ્રવાહયુક્ત, સરળ અને સુબોધ છે.

આમ તો જૈન ધર્મ અને દર્શનપર અનેક ગ્રંથો પ્રકાશિત થયા છે. પરંતુ આ ગ્રંથની વિશેષતા એ છે કે આજના વર્તમાન યુગની પરિસ્થિતિઓ અને તુલનાત્મક ઐતિહાસિક ગવેષણાને દૃષ્ટિમાં રાખીને તૈયાર કરવામાં આવ્યો છે. લેખક પોતે લખે છે- 'આ સંપૂર્ણ પ્રયાસમાં મારું પોતાનું કશું જ નથી. જે કાંઈ છે તે બધું પં. દલસુખભાઈ વગેરે ગુરુજનોએ આપેલું છે. આ ગ્રંથમાં લેખકે વિવિધ અવ-ધારણાઓનો ઐતિહાસિક વિકાસક્રમ સ્પષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો છે. આ કૃતિની ખાસ વિશેષતા એ છે કે જૈન દર્શનના અન્ય ગ્રંથોમાં આ દૃષ્ટિથી અને એટલી ગંભીરતાથી વિચારણા થઈ નથી, જે આ ગ્રંથમાં કરવામાં આવી છે.

આ વિશાળ ગ્રંથના મુખ્ય ચાર વિભાગ અને તેના ઉપવિભાગો નીચે પ્રમાણે છે-

વિભાગ-૧ (અ) જૈન ધર્મનો ઇતિહાસ (૨) જૈન સાહિત્યનો ઇતિહાસ

વિભાગ-૨-જૈન તત્ત્વ મીમાંસા


વિભાગ-૩-જૈન જ્ઞાન મીમાંસા

વિભાગ-૪-(અ) જૈન આચાર મીમાંસા (બ) જૈન કર્મ સિદ્ધાંત એક વિશ્લેષણ (ક) ત્રિવિધ સાધના માર્ગ (ડ) શ્રાવકાચાર (ઇ) શ્રમણાચાર (એફ) જૈન ધર્મનો સામાન્ય આચાર (જી) નૈતિકતાનો આધાર સામાજિક ચેતના.

આ ગ્રંથનું વાંચન અને મનન જૈન વિદ્યાના ક્ષેત્રમાં જ્ઞાનની અભિવૃદ્ધિ કરે તેવું છે.

x x x

પુસ્તકનું નામ : **ભવાંતનો ઉપાય સામાયિક યોગ**
લેખિકા : **સુનંદાબહેન વોહોરા**
પ્રકાશક : **દર્શનાબહેન દિલીપભાઈ શાહ**
૩૩૩, ગેવેયિન કોર્ટ, તેલાહસી એફ. એલ. ૩૨૩૦૧. U.S.A. Th. 8506568010
૩૦૩, એફ. બી. ઈન્દ્રપ્રસ્થ, પ્રહલાદ નગર, અમદાવાદ. મૂલ્ય : રૂા. ૧૦૦/- પાના : ૨૩૦, આવૃત્તિ દ્વિતીય ઈ. સ. ૨૦૧૫.
પ્રાપ્તિસ્થાન : સુનંદાબહેન વોહોરા
૫, મહાવીર સોસાયટી, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. ફોન નં. (૦૭૯) ૨૬૫૮૯૩૬૫




આ 'ભવાંતનો ઉપાય: સામાયિક યોગમાં' ૪૫ આગમોની જેમ ૪૫ વિષયોનું લેખન થયું છે. તેનું હાર્દ એક જ છે. અને તે એ કે આપણે સૌ આરાધકો આ અનુષ્ઠાનના માધ્યમ વડે મુક્તિ પામવા જેવી પાત્રતા કેળવીએ. સામાયિકના ભાવોને હૃદયાંકિત કરીએ, તેના સંસ્કારોને ઝીલીને અલ્પકાળે પ્રભુના ચરણમાં આપણો વાસ થાય તેવી ભાવના રાખીએ.

જૈનાગમોમાં સમતાભાવ રૂપ સામાયિકના ત્રણ પ્રકાર બતાવ્યા છે. (૧) સામ-સમાયિક (૨) સમ સમાયિક અને (૩) સમ્યક્ સામયિક. પ્રથમના બે સામયિકનો જીવનમાં અવિરત અભ્યાસ કરતા જ્યારે આત્મ સ્વભાવમાં તન્મયતા થતાં નિર્વિકલ્પ, ચિનમાત્ર સમાધિ સિદ્ધ થાય છે. સર્વ યોગોમાં સમતા યોગ શ્રેષ્ઠ છે. બીજા સર્વ યોગોની સફળતા સમતા વડે જ છે. નિરંતર સમતાને લાવવા અને જીવવાનો નિરંતર પ્રયત્ન અને સતત સાવધાની એ સાધક જીવનનું લક્ષણ છે.

સામાયિક અંગેનું આ પુસ્તક તત્ત્વજ્ઞાનના રસિયા સુનંદાબહેનનું પુસ્તક સામાયિક વિષયની અનેક માહિતીઓ પૂરી પાડે છે. અને જીવનને સમતામય બનાવવાનો બોધ-પાઠ આપે છે.

✷ ✷ ✷

બી-૪૨, દયાનંદ સોસાયટી,
એ-૧૦૪, ગોકુલધામ, ગોરેગામ (ઈસ્ટ),
મુંબઈ-૪૦૦ ૦૬૩ મોબાઈલ : ૯૨૨૩૧૯૦૭૫૩.

## THE SEEKER'S DIARY

## KEEPING THINGS REAL

Have you experienced unbelievable clarity? A capacity to explain exactly what you are feeling at that very moment when you are feeling it and what you are thinking - all effortlessly.

I mean just see this visual - you and another are talking and you are saying words which the other is able to grasp it exactly as you meant it and you are able to convey exactly as you are thinking or feeling. And imagine if the 'other' is your companion for life, your child, your parent, your friend.This state of incredible clarity, which finds the exact effective words- this moment of epiphany.

So what is this clarity of thought? How does it come?

The first and foremost requirement for clarity is sincerity. In George Orwell's words- "The great enemy of clear language is insincerity. When there is a gap between one's real and one's declared aims....."

I love his clarity on non clarity.Essentially, or simply put, when you are not clear about what you want, you will not find words even if you had the knowledge of a 100 languages.Because clarity is about communication and communication rarely needs language. Which is why the most cherished memories which are ticked into one's treasure box of good memories are that one touch on the cheek, or a ruffle in your hair, or that right time hug or that look of acknowledgement from across a room.

When you are clear about what you feel – and this is what I would like to touch upon a little bit here in 'The Seeker's Diary' today. This lack of clarity, these insincere words – so where do we start being clear:

by being sincere.

and where do we start being sincere

by being honest.

and where do we start being honest.

by being able to accept all that is starkly different from the way you think it should be.

People around you might still be clear or not clear, they might still know or not know what food they wish to eat, which film they wish to watch, which book they wish to read, which place they wish to visit and in a deeper context they might not know who they wish to be, do they really love who they claim to love, do they really smile when they really smile at you but you will slowly become clear of who you are, of what you love, of what you are wishing to put your thought on now.

Since self honesty and being real does not leave much scope for lingering lengthy self doubts, or self pity; it propels one to action a little more quicker. It urges one to self enquiry and gives a realistic insight into one's strength and limitation.

It allows you to pay attention as you do not remain blurred, and attention always leads to an innate sense of wonderment and gratitude. So a sense of clarity of thought and purpose brings with it many other gifts for a transformative process and for self growth.

Will end with a poem I came across by George Leedy called ' Be Real'

Bring it on-
And let truth be my existence.
Value my life-
And tell me like it is.

Bark at me when I'm wrong-
And hug me when I'm right.
Praise me if I succeed-
And tell me if I fail.
Laugh at me if you think I'm funny-
And wink at me if you think I'm cute.
Yell at me if I ever hurt you-
And scold me if I'm ever bad.

Keeping things clear with me,
Because I want to be alive,
I want my world to be real-
And I want to see your spirit.
I want to hear you breathe-
And I want to know how you feel.

Don't waste my time with insincerities.
Keep my world real."

Reshma Jain
The Narrators
Email :
reshma.jain7@gmail.com

# A PALAVER WITH YOU!!

❑ Prachi Dhanwant Shah

Our mind is a so-called question bank. Questions arise before we crave to get the answer for it. Why this, and why that? I'm sure you will agree with me that these questions are not just restrained to children but for an adult common person as well. This is, of course, my perception and visualization. Talking about myself, I have always loaded my parents with questions. Maybe that was my ignorant self. I would like to share my heart talk today about one of the questions that came up to my mind once. And moreover, I was enforced to share this question of mine because the same question was asked by my son recently. And it is said, history repeats… as a parent, I tried to explain my best to him the same way I was explained by my parents once.

When I was a child, I use to see my naani rushing every day to temple to do Pooja, she would do 'N" number of Samayak's every day, every Tithi, she would fast or do ekasana, during the days of Ayembel, she would do Oli, and similarly, she followed many rituals of Jainism. At that time, I use to wonder if all these rituals are equally important? What happens if you follow these rituals? And many more of such questions wrestled within me. At some point, I was also inquisitive to go to my naani upfront and ask her, " Naani, all these fasts and rituals that you are doing do you think it is going to give you something? Is it so important to you in life?" But then my cognizant mind adhered me to seal my thoughts and questions. It could not have been appropriate for me to go and ask such candid question upfront to her. I ignored this question and let it go for few days. But then it started bothering me and finally one fine day, I went to my father and asked about it. My father just stated one thing, and that "these are all the conducts of right Dharma". These code of conducts forms a cosmic path that guides the soul through reincarnation and towards the goal of enlightenment. Dharma is a withdrawal of world and work towards our soul.

I got my answer to some extent but I was not fully justified. I counter asked my father that doing this kind of conduct to follow dharma can also be interpreted as selfish motives and one does this to guide just their own soul. What about their duty towards others? Why just work towards your own soul and not do anything for others? Isn't doing sevai.e serving others is the right form of Dharma? To this he said, Dharma is incomplete without seva but at the same time, when seva is done without understanding right Dharma and is not pure then it insignificant. To instigate precise genre of Seva, one needs to purify their soul from any selfish motives and comprehend the veracious connotation of Dharma.

What I understand today is, in life, there is no good Karma without Dharma and there is no Dharma without good Karma. Both go hand in hand and are interlocked with each other. . When one performs his/her/its karma in accordance with Dhrama, peace and prosperity are for sure ensured.

Every religion is a cluster of Philosophy, Conduct, and Rituals. Similarly, Jainism holds its own Philosophy, which allows us to implement good karma in life and follow the right path to achieve an enigma of good acharan (conduct). These conducts can be implemented by means of certain rituals. And hence, religious philosophy cannot last unless it has the sustenance of conduct.

As and when I tried to learn more on Jainism, I realized that these rituals are not senseless and meaningless. Every ritual has its own meaning behind it and to put it in right words, in today's era, these reasonings behind each ritual is moreover scientific and very much justified. These rituals assist us to live a healthy life not only physically but spiritually as well. Vows of Jainism such as non-violence, forbearance, simplicity, aparigraha, etc are moreover cherished by means of rituals and vratas. Besides penance is not the ultimate path. For a common man, following basic vows of Jainism can also lead oneself to enlightenment and relish the paradox of right conduct. Even if we follow the first and foremost vow of Jainism in our day to day life, which is Non-violence, we would serve the purpose of being Jain to a great extent. If you wish to achieve enigma of good conduct, then first you need to fill your soul with love towards others. We need to see others with the vision of respect, vision of appreciation, and with the vision of pure love. My father always said "love yourself, love others and love the world. Love is the solemn way to Moksha". And if you want to be loving you need to be happy first. If you understand your Dharma in the right form, effortlessly your soul will be happy. If you are happy, your vision will be pure. And if your vision is pure, it will naturally expel pure words, which indubitably depict pure action- pure KARMA.

This land of earth where we are born is, in other words, a field of Karma. A farmer, in his field, when plants seed, and takes good care of it, takes care of good weather and plantation, he will get good results. Similarly, if we take good care of karma as guided by our dharma, we take good care of our actions, then the outcome on this field will for sure be positive. Karma- your action can be good or bad, although, when one follows Dharma, it guides your karma to be accountable to good action.

But this is not just it! There is a way much of a difference in understanding this and implementing these understandings. We do easily understand this when we read about Dharma and karma but when it comes to acting upon it in our daily life, we land up forgetting it. When Paryushan comes, we hear Vyakhdan and understand it very well. We also tell ourselves that yes, even after Paryushan we will implement the right code of conducts and vows in our daily life. But does it happen so? I am sure you will agree with me, and if not, please overlook my words, but I feel, eventually these good words and thoughts take a back seat in our mind and reside there till next Paryushan arises. And hence, this is when rituals and vows on daily bases assist us to remind our soul and trigger those thoughts and good words which have taken a back seat in our essence. The code of conduct of rituals helps us awaken our consciousness and follow our religion with its true aroma. Every action will come to its implementation in the right form only if it is practiced more often. Your *Dharma* is the righteous living and consists of doing good to others. Practice of Love, Charity, Truthfulness and purity is one's right form of life.

*Your Future, Your Karma, Your Dharma rests on the thoughts and intentions you form today!*

*-Lama Surya Das*

49, Wood Avenue, Edition, N.J. 08820, U.S.A.
(+1-917-582-5643)

VEGETARIANISM, ENVIRONMENTAL CONCERN AND WORLD PEACE

# ENLIGHTEN YOURSELF BY SELF STUDY OF JAINOLOGY

## LESSON – FOURTEEN

☐ DR. KAMINI GOGRI

It is a practice to support the Bhogopabhoga Vrata to minimize the violence. Bhogopabhoga Vrata is for restricting the use of the consumable and non-consumable items. It is to support the practice of Dravya Ahimsa as the consumption of food involves actual Physical act of killing. It is impossible to survive without violence. But one can survive with minimum violence to minimum number of lives. Humans can have the choice of food. So one should choose where minimum violence takes place. One can avoid violence thus, as two sensed to five sensed beings more evolved, selecting from plant life which is one sensed being. Thus avoiding violence to two to five sensed life forms for consuming the food and turning to vegetarian diet could help minimize violence.

**The types of vegetarians as per general understanding:**

- Partial vegetarians: eat fish and chicken but no red meat such as beef, pork and lamb.
- Lacto-ovo-vegetarians: include eggs along with milk and milk products
- Lacto-vegetarians: include milk and milk products but no eggs
- Fruitarians: live on fruits, seeds, grains and vegetables only.

**What is vegetarianism according to Jainism?**

According to Jainism, only lacto-vegetarians and fruitarians are vegetarians.

**How does vegetarianism help? It helps in:**

- Limiting one's needs.
- Limiting one's needs of sensuous pleasure.
- Supporting different vows well.

**Humanitarian aspect of the practice of vegetarianism:**

What does it mean to be human? Is killing natural to human beings? Taking into consideration the human qualities of compassion in mind this aspect has to be understood. Basic survival instincts (sangya) common to man and animals are Ahara (food), Bhaya (fear), Maithun (desire for sex), Parigraha (desire of acquisition). Only humans have rationality. Going beyond the survival instinct is possible only for humans. So acting out of rationality. Trying to understand the pain felt by the other is a human quality. Humans can understand physical as well as emotional pain that the creature must be feeling at the time of death. The aim is also to make a commitment to let the other living beings live without fear (Abhaydana) by the practice of compassion. Practice of vegetarianism on the basis of these aspects is based on the humanitarian approach.

**Spiritual perspective of the practice of vegetarianism:**

The spiritual perspective is based on the principle of 'Reverence for life'. All life is the same and all life forms are connected to each other. Man is not the creator of the web; he is just a strand in the web of life. Each one has the right to survive. Harming one life form leads ultimately to the harm towards the self. Whatever happens at one level will soon affect the other levels as well. The spiritual perspective is the spirit of supporting the co-existence of other life forms. Through the spiritual perspective there is a possibility of Right conduct.

**The ethical perspective of the practice of vegetarianism:**

For the practice of vegetarianism, asking the questions like: Do humans have the right to destroy the other life forms for the selfish motives? Is it right that the animals are used and enjoyed by human beings? Don't the animals feel the pain when they are slaughtered? The ethics of right and wrong action, the ethics of rights of survival of other life forms help one understand the concept of vegetarianism in a much deeper way.

**The positive steps taken to protect animals:**

The practice of vegetarianism has brought about another beautiful aspect of compassion towards animal by Jain community. There are many positive steps taken to prevent violence to animals by Jain community. The practice of Jivadaya, Jivaraksha, building of animal shelters, the humane treatment towards the animals by Jain community is a very special contribution of Jainism to the world.

Carefulness in all the activities and reverence for life is the practice that is followed by every Jain. The outcome of the non-violent behaviour is the spiritual ecology where every organism in the environment is taken care of.

**Shravakachara:**

Shravakachar is not only Vegetarianism but also going beyond it. It is the application of the rationality in practical life. A must for a Shravaka as there is a possibility of less violent life by the practice of Shravakachar. There are some other restrictions that the sharavaka can follow in order to live the life of minimum violence.

Eight Primary Qualities of Shravaka are <u>Ashta Mula Guna</u> and abstinence from Saptavyasana help to prepare the Shravaka to pursue higher spiritual goal by minimizing the violence on his/her part.

**Asta Mula Guna are:**

- Abstinence from taking meat (including fish, and other animal products except milk and milk products)
- Abstinence from drinking wine
- Abstinence from eating honey
- Abstinence from unchecked indulgence in violence, falsehood, theft, unlawful sexual relationship, acquisition of material possessions (five smaller vows).

Mulaguna may also include eating the fruits of certain trees like Banyan, Pippal and Fig, the five Udambaras.

**Also forbidden for the Shravaka are:**

- Vegetables with multiple seeds
- Old pickles
- Mixing of curd and pulses
- Curd which is older than two days
- Cooked Food kept overnight
- Stinking food

**Abstinence from Saptavyasana**

- Meat
- Wine
- Gambling
- Theft
- Prostitutiona
- Adultery
- Sport or Hunt

**Acarangasutra**:

The one who kills or harms the other living beings becomes the weapon of killing for the living being which is killed or harmed.

**Man's relationship to Man for the World Peace**

When the mental violence is converted to physical violence, it not only harms the self but also others. Selfish activities, jealousy, greed and lack of consideration for others may give one pleasure but ultimately cause misery. If humans can expand their circle and include every other human being in it with compassion, the world will definitely be a good place to live in. When each one behaves in right manner, there will be peace in the world.

Acarya Tulsi had said:

"Not only we must condemn all research in atomic weaponry, which itself is violence, but we must experiment with Ahimsa, training people who will practice Ahimsa. We have established institutions where students are actively studying peace. And while the west is busy experimenting with violence, we are experimenting with nonviolence. This is our belief. This is our message for the west, for the whole world."

Mahatma Gandhi was greatly influenced by Jaina principles on nonviolence & whatever he achieved in social & political spheres is well known to all. Today

this principle is followed by 'Anuvrata movement', which is meant for common man. Five small Anuvratas can bring about big changes in the world.

It is responsibility of each & every individual to work for the world peace. Through prayers, well being of everyone can be brought about. Peace is the aspect, which cannot be brought about from outside, it is the internal state of mind. With the feelings, one can change the environment around.

When each one can get engaged in the well being of the other, the world can be a better place to live. The principle of non-violence and its extension of the principle of the Anekantavada can help each individual to look at the other in a highly respectful manner. Also the engagement with the practice of following the vows to experiment with peace (as suggested by Acharya Tulsi) is a practice that each one can perform at an individual level. Also if only one person could be motivated in a life to experiment with non-violence for the world peace then that will be true practice of ahimsa. This can bring about change, as it must come from an individual.

The blame on the political parties or nations or world organisations will only worsen the problem. One must remember that the reality is multifaceted and each person is a facet of the multifaceted real. So, if one looks at the war, conflicts in the outer world; then the origin of the problem does not lie out there but within.

But when one takes up the responsiblity and has accepted that the conflict or war which is in the outer world (which appears as an opposing view initially) is present in the world, one will try to act more compassionately and responsibly. The person instead of dislike for the situation will try to apply the small Vratas to every possible thing, place and people.

This way the true, long lasting peace can be realized for everyone. **[To Be Continued]**

76-C, Mangal Flat No. 15, 3rd Floor, Rafi Ahmed Kidwai Road, Matunga, Mumbai-400019. Mo : 96193 / 79589 / 98191 79589. Email : kaminigogri@gmail.com

## THE STORY OF STHAVIRA STHULABHADRA

□ Dr. Renuka Porwal

The long chain of history of Magadha Kingdom before Maurya period is systematically given in Jaina literature. Accordingly, during Bhagavan Mahavira's time the state was governed by Shishunag dynasty whose famous king was Shrenik also known as Bimbisar. In later period, the kingdom came under the hands of nine Nanda kings. One of the king Dhanananda was very cruel and greedy. He took away the image of Rishabh Jina from Kalinga as mentioned in Kharwel's inscription which later on was brought back by Kharwel after 150 years. The Nanda kings were lucky to have faithful prime ministers like Shakadal. The minister Shakadal had seven daughters - Jaksa, Jakhadinna, Bhuta, Bhutadinna, Sena, Vena and Rena and two sons - Sthulabhadra and Shriyanka. They all were very religious minded. Sthulabhadra was in love with the courtesan Kosha. He passed all his time in watching the dance performances of Kosha – the courtesan of Rajgriha. He was always encouraging her in learning very difficult steps.

Once during major a political turmoil, to save the nation, Prime Minister Shakadal started collecting weapons, his faithfulness was challenged by the other jealous ministers in different ways. Shakadal was kept under watch by suspicious Dhananada and later on was ordered to be murdered by his own son Shriyank. To save the nation Shakadal took a decision that prior to execution he would swallow poison from his ring, so morally Shriyank will not responsible for his killing. After his death, the king called Sthulabhadra to be the prime minister. When Sthulabhara came to know of these politics he became very nervous.

After that tragic event, Sthulabhadra realised that this world is transitory and physical pleasure of life can never provide happiness in real sense.

From Kosha's place he straight away went to Arya Sambhutivijaya and Acharya Bhadrabahu Swami to accept monkhood as this was the last chance to save himself from the crooked king Dhananand who had killed his father.

Shulabhadra didn't lose more time and adjusted himself in the new pattern of life and gained controlled over his inner enemies. During his first Varshavas / rainy season his guru asked his choice about spending monsoon time, where he requested to spend it in the picture gallery of Kosha.

During this time Kosha tried her best to call him back in this world but he spent all his time in meditation. Ultimately Kosha realised the pure nature of atma and became his disciple. Shulibhadra's mission was over as he wanted to show the real path of moksa to Kosha in which he succeeded. The Guru became very happy to receive Sthulabhadra the real warrior of the world and welcomed him.

Guru Bhadrabahu Swami taught him 14 purvas knowledge except the meaning of last four Purvas.


# Shavira Sthulibhadrasuriji

- By Dr. Renuka Porwal, Mob.: 098218 77327


Sthulabhadra was the son of minister Shakadal who was in love with the courtesan Kosha.




Sthulabhdra passed all his time in watching the dance performances of Kosha – the courtesan of Rajgriha. He always encouraged her to learn very difficult steps.




He took Diksa, and stayed at the pictorial gallery of Kosha.



She tried her best to call him back in this world again.



At last she asked Shulabhadra to accept her as disciple. He became happy and both decided to return to Guru Bhadrabahu.



He, the true hero – the winner of inner enemy, Sthulibhadra was welcomed by Bhadrabahu.



Licence to post Without Pre-Payment No. MR/TECH/WPP-36/SOUTH/2016, at Mumbai-400 001.
Regd. With Registrar of Newspapers for India No. MAHBIL/2013/50453 Published on 16th of every month & Posted at Patrika Channel sorting office Mumbai-400 001 On 16th of every month o Regd. No. MCS/147/2016-18



# જિંદગીની શાળાના મનોશિક્ષણના પગથિયાં

■ ગીતા જૈન

યોગ શિબિરમાં ઘણાં અવનવા અનુભવો મને મળે છે અને જેના વિશે વિચારવાથી – ચિંતન કરવાથી એક વિશેષ સ્ફૂરણા થાય છે. એ સ્ફૂરણાના આધાર પર કોઈ સાથે સંવાદ સાધું ત્યારે મને પણ આશ્ચર્ય થાય છે કે આ વાત – આ જવાબ ક્યાંથી બહાર આવે છે ? – અગમ્યને વંદન કરીને આગળ વધું.

એક નાના શહેરમાં એક બહેન એકાંતમાં મળવા આવ્યાં. કહે, 'અમે સંયુક્ત કુટુંબમાં છીએ. ઘરની દુકાન છે પણ સૌ સહિયારા કામ કરે એટલે ખર્ચ પણ સહિયારો થાય એટલે અમને વિશેષ ન મળે. સતત મનમાં અભાવ પીડે. મારી મોટી બહેનને સુખી જોઈ થાય હું સદાય આમ સબડતી જ રહીશ...મારું નસીબ જ ખરાબ છે. જીવવું નથી ગમતું.' મેં એને કહ્યું તારે સપનાં જોવાનું શરૂ કરવું. જે બાબતે અભાવ લાગે છે તેને ભાવિના સપનામાં કાઢી નાખો. બોરડીના મીઠા ફળ કાંટાની વચ્ચે જ ઉગે છે ને ! સપનાં અચૂક ફળે જ...અને તારા આ સપનાં થકી સહિયારા કુટુંબને પણ લાભ થશે. તું ક્રિયેટીવ થઈશ. પરિવારની બહેનો મળીને કોઈ કામ કરવાની યોજના ઘડી શકશો. મને 'ગુલામ' પિક્ચરનો એક સંવાદ યાદ આવી ગયો.

'લહરોં કે સાથ કોઈ ભી તૈર લેતા હૈ પર અસલી ઇન્સાન વો હૈ જો લહરોં કો ચીર કર આગે નીકલતા હૈ.'

એક સમયે એક વિદ્યાર્થી મળવા આવ્યો. કહે, 'હું તમે શીખવ્યા છે તે યોગાભ્યાસ તો રોજ કરીશ જ પણ હું જે લાઈનમાં ભણું છું તે મને ગમતી નથી. આ પરાણે ભણવાથી મારો આત્મવિશ્વાસ ભાંગી જાય છે. મને અથાગ મહેનત કરવી ગમે છે. હું આશાવાદી છું. નસીબ કરતાં પ્લાનિંગમાં વધુ ભરોસો છે – શું કરું ? સફળ થઈશ ખરો ? મારા પ્લાનિંગની ગૂંચમાં આપ મદદ કરો તો સારું– હું જરૂર કશુંક પ્રાપ્ત કરી શકીશ એવા વિશ્વાસ સાથે આપની પાસે આવ્યો છું.'

મેં ખૂબ જ પ્રેમથી એની સામે જોતાં કહ્યું, 'બેટા, તું સફળ થઈશ જ. તારી ઇચ્છા મુજબનું તું મેળવીશ જ. તારું અંતઃકરણ સાફ છે.તારો દૃઢ સંકલ્પ જોઈને જ અસફળતા ભાગી જશે. હવે રહી બીજી વાત. તું તારા અભ્યાસની લાઈન બદલી શકીશ ખરો ? એ પહેલાં વિચાર–જો ગમતી લાઈનમાં જવાનું હોય તો તો કોઈ સમસ્યા છે જ નહીં. પરિવારના, આર્થિક કે અન્ય શૈક્ષણિક કારણોસર લાઈન બદલી શકે એમ ન હોય તો...પછી પરિશ્રમ શરૂ કરી દે. હસતા મુખે અથાગ પરિશ્રમ અને દૃઢ સંકલ્પની દીવાદાંડીએ તું આ અણગમતી લાઈનમાં પણ સફળ થઈશ જ !

કવિ સુંદરમ્‌ની પંક્તિને યાદ કરતો રહેજે... તને બળ મળશે.'

'હું ચાહું છું સુંદર ચીજ સૃષ્ટિની;
ને જે અસુંદર રહી તેહ સર્વને
મૂકું કરી સુંદર ચાહી ચાહી.'

અણગમતા અભ્યાસને પણ ચાહવાનું શરૂ કરી દેવું. આપણી જિંદગીમાં સાત રંગ કે સાત સૂરના પદાર્પણની જવાબદારી માત્ર આપણી જ હોય છે. ભગવાન, નસીબ, મિત્રો કે પરિવારજનોની નથી હોતી.

પહેલી બેનને જીવનમાં આનંદ લાવવા માટે પરિશ્રમ નથી કરવો. એને આવતી કાલ પર ભરોસો નથી. માત્ર નસીબનો જ સહારો માને છે. એને અભાવમાંથી દૂર નીકળવા જીવનમાં જાતે રંગ નથી ભરવા–સૂર નથી સજાવવા. એને વિકાસ કરવાનો કોઈ મનસૂબો નથી. માત્ર અભાવના રોદણાં રડવાથી વિકાસના દ્વાર ન ઉઘડે. એના બદલે જો એ વિચારે કે– 'શાને હું કોઈની કોતરેલી વાટ પર ડગ માંડું ?
હું તો કીમિયાગર છું,
મારો માર્ગ પણ બનાવીશ

To,

# પંથે પંથે પાથેય

અને મંઝીલ પણ !'

જ્યારે વિદ્યાર્થી ઉત્સાહથી થનગનતો હતો. એને પોતાનામાં શ્રદ્ધા હતી. આશાવાદી વલણ હોવાથી પરિશ્રમની પૂરી તૈયારી દેખાતી હતી. એની ઝંખના અને પ્રાપ્તિની વચ્ચે એ સઘળું કરવા તૈયાર હોવાથી એનું ભવિષ્ય એ જાતે ઘડી શકશે એવું ફલિત થતું હતું.

કોઈ પણ ભવનમાં આવતા જતા લોકોનું ધ્યાન રાખવા ચોકીદાર હોય છે. જેથી સારી-નરસી, ખોટી સાચી વ્યક્તિની ઓળખ થાય અને યોગ્યને જ પ્રવેશ મળે !

એ જ રીતે આપણા મસ્તિષ્કની ફેક્ટરીમાં સતત વિચારોની આવનજાવન ચાલુ જ હોય છે. આ આવનજાવન સાચી-સારી-ખોટી-નકામી કેવી છે એ જાણવા ચોકીદારની જરૂર ખરી કે નહીં ?

દિવસના ૨૪ કલાક હોય. આઠ-આઠ-આઠ કલાકની ફરજ પ્રમાણે ત્રણ ચોકીદારની જરૂર પડે. ત્રણને આપણે નામ આપીએ –

૧. જીતભાઈ અથવા વિજયાબેન
૨. પરાજીતભાઈ અથવા પરાજીતાબેન અને
ત્રીજો ચોકીદાર જીતાજીત અથવા જયપરાજય !

જીત અથવા વિજયા સતત જયના વિચારોને આવકારે છે. સ્વયોગ્યતાનું ભાન કરાવે છે. સ્વપસંદગીની જાણ કરે છે. શું કરવાથી સફળ થવાશે એ આ ચોકીદાર આપણને સતત જણાવે છે. એ ઉર્જાત્મક (Positive) વિચારોને સલામ કરે છે.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૨૬)

Postal Authority Please Note: If Undelivered Return To Sender At 33, Mohamadi Minar, 14th Khetwadi, Mumbai-400004.

Printed & Published by Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industrial Estate, Dadaji Konddev Cross Rd, Byculla, Mumbai-400 027. And Published at 385, SVP Rd., Mumbai-400004. Temporary Add. : 33, Mohamadi Minar, 14th Khetwadi. Mumbai-400004. Tel.: 23820296. Editor:Sejal M. Shah.